પ્રકરણ : ૨

'સાવિત્રી'નો ગુજરાતી અનુવાદ

(અનુવાદક : પૂજાલાલ)

અનુવાદ :

સામાન્ય રીતે એક ભાષામાં અભિવ્યક્ત થયેલ સામગ્રીને બીજી કોઈ ભાષામાં અભિવ્યક્ત કરવી એટલે અનુવાદ. આ પ્રવૃત્તિ પરાપૂર્વથી થતી આવી છે. આપણે ત્યાં પ્રાચીન કાળમાં 'બૃહત્ કથા-મંજરી' કે પશ્ચિમમાં 'ઓલ્ડ ટેસ્ટામેન્ટ્સ'ના વિવિધ ભાષાઓમાં થયેલા અનુવાદો એના નોંધપાત્ર ઉદાહરણો છે. જ્ઞાનવિજ્ઞાનના પ્રચંડ વિસ્ફોટને પરિણામે આજે વિશ્વ અગાઉ ક્યારેય નહોતું એટલું એકબીજાની નજીક આવી રહ્યું છે ત્યારે અનુવાદ આવશ્યક નહિ પરંતુ અનિવાર્ય બની રહ્યા છે. સાંસ્કૃતિક સાતત્ય અને સંસ્કૃતિઓ વચ્ચે સમજણ વધવામાં એનાથી મોટું બળ મળ્યું છે એ નિર્વિવાદ છે.

વિષયવસ્તુ અને ઉપયોગિતાની દૃષ્ટિએ અનુવાદને પાંચ વર્ગોમાં વહેંચી શકાય :

(૧) કાયદા-કાનૂન-વિધિવિધાન અને અન્ય સમાજશાસ્ત્રની કૃતિઓના અનુવાદ.

(૨) વિજ્ઞાન-ટેકનોલોજીના સાહિત્યના અનુવાદ.

(૩) પત્રકારત્વ સંબંધિત અનુવાદ.

(૪) કાર્યાલયીન વ્યવહાર સંબંધિત અનુવાદ.

અને (૫) સાહિત્યિક અનુવાદ.

આ પ્રત્યેક અનુવાદોની લાક્ષણિકતાઓ અને મુશ્કેલીઓ અલગ અલગ હોય છે.

MEHTA LIBRARY
Baroda

સાહિત્યિક અનુવાદોમાં લલિતેતર સાહિત્ય, લલિત સાહિત્યના અનુવાદના આગવા પ્રશ્નો છે. લલિત સાહિત્યમાં કથા, નાટક અને કાવ્યસાહિત્યના અનુવાદમાં આ પ્રશ્નો વિશેષ વિકટ બને છે. એમાં અસાધ્ય અંશો – જેમનો અનુવાદ થઈ જ ન શકે એવા અંશોનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું જાય છે. કથાકૃતિઓ – પછી એ નવલકથા હોય કે લઘુનવલ કે ટૂંકીવાર્તા – પ્રાદેશિક બોલીમાં રચાયેલી હોય ત્યારે એના પ્રશ્નો અલગ અલગ ઉદ્‌ભવે છે. નાટ્યકૃતિઓમાં રંગમંચની ભાષા અને રૂઢિઓ તેમજ પરંપરા જે તે સાહિત્ય કે સંસ્કૃતિ અનુસાર જુદા જુદા હોય છે. એમનો અનુવાદ વિશેષ પડકારરૂપ બની રહે છે. કાવ્યકૃતિઓનો અનુવાદ તો અશક્ય જ છે એવો એક પ્રબળ મત પ્રવર્તે છે.

કાવ્યાનુવાદની અશક્યતા સાથે અનેકવિધ બાબતો સંકળાયેલી છે. કાવ્યકૃતિ મૂળભૂત રીતે ભાષાગત સંરચના છે. એને શબ્દ, અર્થ, વ્યાકરણ, ઈતિહાસ-સમાજ-સંસ્કૃતિના પરિમાણો હોય છે. લય એનું જીવાતુભૂત, અવિભાજ્ય તત્ત્વ છે. આને પરિણામે સર્વાંગસંપૂર્ણ, વિશ્વસનીય અનુવાદ અશક્ય છે. સ્રોતભાષાની સામગ્રીના સંપૂર્ણ સમતુલ્ય અંશો લક્ષ્ય ભાષામાં પ્રાપ્ત થતા નથી. જ્યારે સ્રોતભાષા અને લક્ષ્ય ભાષાની પ્રકૃતિ અલગ અલગ હોય ત્યારે આ પ્રશ્નમાં આગવું પરિમાણ ઉમેરાય છે. આમ, સઘળા અનુવાદો ઓછાવત્તા અંશે મૂળ કૃતિના સમાધાનો હોય છે. એમાં મૂળ અર્થમાં વધારો, ઘટાડો સંભવે છે. માટે જ અનુવાદને સિતારની સૂરાવલિને વાયોલિન પર બજાવવા સાથે સરખાવાયો છે.

આમ છતાં કાવ્યાનુવાદ વગર આપણને ચાલ્યું નથી, ચાલતું નથી, ચાલશે નહિ. ભલે એનો મૂળ લય અનુવાદમાં પૂરેપૂરો પ્રગટાવી શકાતો નહિ હોય, એનો કલાપક્ષ પણ અનૂદિત કૃતિમાં પૂરો પ્રગટી શકતો નહિ હોય, છતાં એનો ભાવપક્ષ પણ ચમત્કૃતિનો અનુભવ કરાવી શકે છે. એનાથી જે તે કાવ્ય કે એના કવિની ભાવસૃષ્ટિમાં આપણે ડોકિયું કરી શકતા હોઈએ છીએ. અને એટલે જ અનુવાદો આવકાર્ય નહિ, અનિવાર્ય પણ છે. એનાથી આપણે સમૃદ્ધ થઈએ છીએ. ભારતીય સાહિત્યશાસ્ત્રના અગ્રીમ કાવ્યાચાર્ય અભિનવગુપ્ત

કથિત 'સહૃદયત્વ' પ્રાપ્ત કરી શકીએ છીએ

કવિતાના અનુવાદની આપણે કોઈ વૈજ્ઞાનિક, સર્વગ્રાહી વ્યાખ્યા આપી ન શકીએ પરંતુ આપણે એનો જુદા જુદા દૃષ્ટિકોણથી વિચાર કરી શકીએ. જેમકે (ક) અર્થ સંક્રમણની પ્રક્રિયારૂપે ; (ખ) સાંસ્કૃતિક સંદર્ભોના એકીકરણરૂપે ; (ગ) મૂળ કૃતિના અર્થઘટન- (ભાષ્ય) રૂપે ; (ઘ) ભાષાના વિભિન્ન સ્તરો પર પાઠ્યસામગ્રીના પ્રતિસ્થાપન રૂપે તેમજ (ડ) અર્થ અને શૈલીની સમતુલ્યતારૂપે. 'સાવિત્રી' મહાકાવ્યના ગુજરાતી અનુવાદોનું અધ્યયન ઉપર્યુક્ત પાંચ દૃષ્ટિકોણના સમુચિત સમન્વિત અભિગમ દ્વારા થઈ શકે. માટે આ પાંચ દૃષ્ટિકોણોનો કિંચિત્ સંક્ષિપ્ત પરિચય આપવાનો અત્રે ઉપક્રમ છે.

ડૉ. મૅન્સાન અનુવાદનો અર્થ-સંક્રમણની પ્રક્રિયારૂપે સ્વીકારે છે. એમને મન અનુવાદ એટલે અર્થને સાચવી રાખીને બીજી ભાષામાં એનું હસ્તાંતરણ કરવું. એ. એચ. સ્મિથ એમના મંતવ્યમાં સહેજ સુધારો કરતાં જણાવે છે : 'અનુવાદ એટલે શક્ય હોય ત્યાં સુધી અર્થને સાચવી રાખીને તેનું બીજી ભાષામાં હસ્તાંતરણ કરવું.'*[1] સ્રોત ભાષામાં અભિવ્યક્ત થયેલો કાવ્યાર્થ લક્ષ્ય ભાષામાં અભિવ્યક્ત થતાં એમાં અનિવાર્યપણે કોઈને કોઈ ભૂમિકાએ તો પરિવર્તન આવતું જ હોય છે. ક્યારેક તેનો કોઈક અંશ લુપ્ત થતો હોય છે, ક્યારેક તેમાં કશોક ઉમેરો પણ થતો હોય છે. 'સાવિત્રી' જેવી સંકુલ અર્થસ્તરો ધરાવતી, બહુ પરિમાણી, વ્યંજનાસભર કૃતિમાં શ્રી અરવિંદ અને શ્રી માતાજીની યોગાનુભૂતિઓનું આલેખન છે. એટલે એમાં આ શક્યતા વિશેષરૂપે વધી જાય છે.

અર્થ અંગેના અધ્યયનોમાં શબ્દને સંકેતરૂપે સ્વીકારવામાં આવે છે. સ્રોતભાષાના સંકેતોને લક્ષ્યભાષાના સંકેતોમાં થતા ફેરબદલાને જ અનુવાદ માનવામાં આવે છે. ડિસ્ટર્ના મત મુજબ 'અનુવાદ એ પ્રતીકોના એક સુનિશ્ચિત સમુચ્ચયમાંથી બીજા સમુચ્ચયમાં અર્થના હસ્તાંતરણ સાથે સંબંધ ધરાવતી ભાષાવિજ્ઞાનની એક શાખા છે.'*[2] અહીં શબ્દોને પ્રતીક માનીને અર્થસંક્રમણની જટિલ પ્રક્રિયા પરત્વે સંકેત કરાયો છે. 'સાવિત્રી' મહાકાવ્યના ઉપશીર્ષકમાં જ એની આ પ્રતીકાત્મકતાનો સ્પષ્ટ નિર્દેશ કરવામાં

આવ્યો છે. એટલે એ પ્રતીકાત્મક અર્થનું લક્ષ્ય ભાષામાં શક્ય એટલું વફાદારીપૂર્વક સંક્રમણ કરવામાં અનુવાદકની સજ્જતા અને સર્જકતાની કસોટી છે.

પ્રત્યેક ભાષાનો વિશિષ્ટ સાંસ્કૃતિક સંદર્ભ હોય છે. આ સંદર્ભ એ ભાષાના ભાષકોની પરંપરા, ઈતિહાસ, નૃવંશશાસ્ત્રીય તેમજ ભૌગોલિક પૃષ્ઠભૂમિ દ્વારા સર્જાતો હોય છે. પ્રત્યેક ભાષામાં એવા અનેક શબ્દો હોય છે કે જેની સાથે આગવો સાંસ્કૃતિક સંદર્ભ સંકળાયેલો હોય છે. મેલિનોવ્સ્કી જેવા સમાજશાસ્ત્રીને ટ્રોબ્રિયાન્ડ દ્વીપના લોકોની ભાષાના અનેક સાંસ્કૃતિક શબ્દોનો અનુવાદ કરતી વખતે આ સમસ્યાનો સામનો કરવો પડ્યો હતો. તેમણે અનુવાદની સ્રોતભાષાના સાંસ્કૃતિક તત્ત્વોને લક્ષ્ય ભાષાના ભાષકો સુધી સંક્રમિત કરવા માટે સાંસ્કૃતિક સંદર્ભોના એકીકરણરૂપે વિચારણા કરી છે. આના અનુસંધાનમાં આર. એચ. રોબિન્સ કહે છે: 'જ્યાં પણ લક્ષ્ય ભાષામાં સાંસ્કૃતિક એકતાનો અભાવ વર્તાય છે, ત્યાં મૂળ શબ્દોનો કેવળ શબ્દો દ્વારા જ અપાતો અનુવાદ અપર્યાપ્ત બની રહે છે. આવાં સ્થળોએ એના ભાષ્ય કે પૂરક સમજૂતિની અપેક્ષા રહે છે. જેથી એના સાંસ્કૃતિક સંદર્ભની પુનર્રચના થઈ શકે.'*3 'સાવિત્રી'ના અનુવાદના અધ્યયનમાં આવા અનેક સાંસ્કૃતિક સંદર્ભોની તપાસ આપણાં સંશોધનનો એક રસપ્રદ મુદ્દો બની રહે છે.

કેટલાક વિદ્વાનોના મતે કાવ્યાનુવાદ એ એક રીતે મૂળ અર્થનું ભાષ્ય જ છે. કાવ્યાનુવાદનાં વિભિન્ન રૂપોનો અભ્યાસ કરતાં કરતાં જેમ્સ હોલ્મ્સ એવા નિષ્કર્ષ પર પહોંચે છે કે 'તમામ પ્રકારનું અનુવાદકાર્ય એ એક પ્રકારનું વિવેચનાત્મક અર્થઘટન- ભાષ્ય જ છે.'*4 પ્રાય: કાવ્યાનુવાદોમાં અર્થઘટનાત્મક હસ્તાંતરણની જરૂર પડે છે. અને આ અર્થમાં અનુવાદ એક સર્જનાત્મક પ્રક્રિયા બની રહે છે. 'સાવિત્રી' જેવી વ્યંજનાસભર કૃતિમાં એક જ વાચનાનું અર્થઘટન બે અનુવાદકો દ્વારા અલગ અલગ સંભવી શકે છે. એ માટે પ્રત્યેક અનુવાદકનું આગવું અર્થઘટન જવાબદાર હોય છે. માટે 'સાવિત્રી'ના કાવ્યાનુવાદોના તુલનાત્મક અધ્યયન માટે

આ અભિગમ વિશેષ ધ્યાનાર્હ બની રહે છે.

ભાષાના વિભિન્ન સ્તરો પર પાઠ્યસામગ્રીના પ્રતિસ્થાપનરૂપે પણ કાવ્યાનુવાદને જોઈ શકાય છે. જે. સી. કેટફોર્ડ આ દૃષ્ટિકોણના પુરસ્કર્તા છે. તેઓ અનુવાદની વ્યાખ્યા આપતાં જણાવે છે કે 'અનુવાદ સ્રોતભાષાની પાઠ્યસામગ્રીનું લક્ષ્ય ભાષાની સમતુલ્ય પાઠ્ય સામગ્રીમાં પતું પ્રતિસ્થાપન છે.'*૫ અહીં 'સાવિત્રી'ના અનુવાદોના સંદર્ભમાં જોતાં સ્રોતભાષા અંગ્રેજીના ધ્વનિઘટક, શબ્દ, પંક્તિ/શ્લોક જેવા અનેક સ્તરોનું લક્ષ્યભાષા ગુજરાતીમાં કઈ રીતે પ્રતિસ્થાપન કરવામાં આવ્યું છે તેનો વિચાર કરવાનો રહે છે. આ અભિગમમાં કાવ્યાર્થ કરતાં સ્રોત ભાષાના સ્વરૂપ તત્ત્વોનું લક્ષ્ય ભાષામાં કેવું પ્રતિસ્થાપન થયું છે તેની તપાસ અગત્યની બની રહે છે.

આધુનિક ભાષાવૈજ્ઞાનિકો અનુવાદમાં અર્થ અને શૈલીના તત્ત્વોને સમાન મહત્ત્વ આપે છે. આ દૃષ્ટિકોણ મુજબ અનુવાદકે બેવડું કાર્ય કરવાનું હોય છે. સૌપ્રથમ તો એણે કાવ્યાર્થનો શક્ય એટલો વફાદાર અનુવાદ કરવાનો છે. ત્યારબાદ એણે મૂળની શૈલીગત લાક્ષણિકતાઓને પણ અનુવાદમાં ઉતારવાની છે. યુજીન. એ. નીડાનો મત અનુવાદમાં અર્થને પ્રાધાન્ય આપવાનો છે. એ ખરું, પરંતુ શૈલી ઓછી મહત્ત્વની નથી. એમના મતે અનુવાદનો અર્થ છે સ્રોતભાષાના 'સંદેશ' માટે લક્ષ્યભાષામાં નિકટતમ સહજ સમતુલ્યતાની સૃષ્ટિ રચવી. આ સમતુલ્યતા પ્રથમ તો અર્થની હોય છે. ત્યારબાદ શૈલીની.'*૬ આ વિચારધારા અનુવાદની સમગ્ર પ્રક્રિયાને મહત્ત્વ આપે છે. અનુવાદના અધ્યયન અર્થે આ અભિગમ વિશેષરૂપે સહાયક બની રહે છે.

ઉપર્યુક્ત દૃષ્ટિકોણોના સંદર્ભે 'સાવિત્રી' મહાકાવ્યના ગુજરાતી અનુવાદો અંગે મુખ્યત્વે ત્રણ પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

(૧) શ્રી અરવિંદને 'સાવિત્રી'માં અભિપ્રેત મૂળ અર્થનું ગુજરાતીમાં વિભિન્ન અનુવાદકો દ્વારા કઈ રીતે સંક્રમણ થાય છે. ક્યા અનુવાદકમાં અથવા તો ક્યા સ્થળે મૂળ અર્થ પૂરેપૂરો પ્રગટે છે? મૂળ અર્થમાં વધારો ઘટાડો ક્યા અનુવાદકમાં અને ક્યા સ્થળે જોવા

મળે છે? અર્થ પરિવર્તનની પ્રક્રિયા ક્યાં અને કેવી જોવા મળે છે. અનુવાદમાં મૂળ કૃતિનો ભાવાર્થ પ્રગટાવવા અનુવાદક કઈ તદબીર પ્રયોજે છે? મૂળ કૃતિના મર્મને એ કેટલે અંશે ઉપકારક નીવડે છે?

(૨) 'સાવિત્રી' મહાકાવ્યની શ્રી અરવિંદની શૈલી ગુજરાતીના અનુવાદોમાં કેટલે અંશે, કેવી રીતે ઉતરી શકી છે? આમ કરવા જતાં અનૂદીત કૃતિની પ્રાસાદિકતા પર શી અસર થઈ છે?

(૩) અર્થ અને શૈલીના સંદર્ભે કઈ અનૂદીત કૃતિ વિશેષ સંતર્પક બની રહે છે?

આ પ્રશ્નોની તપાસ કરવાનો હવે ઉપક્રમ છે. પ્રસ્તુત પ્રકરણમાં આ તપાસ 'સાવિત્રી'ના પૂજાલાલે કરેલા સાદ્યંત પદ્યાનુવાદ પૂરતી સીમિત રાખવામાં આવી છે. એ પછીના પ્રકરણમાં 'સાવિત્રી'ના અંશતઃ અનુવાદો તેમજ નાટ્યરૂપાંતરણોની વિચારણા કરવામાં આવશે. સૌપ્રથમ આપણે પૂજાલાલનો કિંચિત્ પરિચય મેળવીને અનુવાદક તરીકેની એમની લાક્ષણિકતાઓની સમીક્ષા કરીએ. અને એ પછી એમણે કરેલા 'સાવિત્રી'ના અનુવાદનું તલાવગાહી અધ્યયન આરંભીએ.

પૂજાલાલ : પરિચય :-

17 જૂન 1901 માં ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરા નગરમાં જન્મેલા પૂજાલાલ રણછોડદાસ દલવાડી અર્વાચીન ગુજરાતી સાહિત્યમાં ભક્તકવિ તરીકે જાણીતા છે. તેઓ શ્રી અરવિંદના પૂર્ણયોગના સાધક હતા અને શ્રી અરવિંદચરણે પોતાના સમગ્ર જીવનનું અશેષ સમર્પણ કરીને એમના જીવનના યૌવનકાળથી - ઇ.સ 1926 થી દેહાવસાન સુધી - 27 ડિસેમ્બર 1985 - શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી ખાતે સ્થાયી થયા હતા.

84 વર્ષના એમના સમગ્ર જીવન દરમ્યાન એમની સાહિત્યપ્રવૃત્તિ સાડાપાંચથી છ દાયકા પર્યંત વિસ્તરી છે. અભ્યાસની સરળતા ખાતર એના ત્રણ તબક્કા પાડી શકાય એમ છે: (૧) ઇ.સ. 1926 થી શ્રી અરવિંદ આશ્રમ ખાતે એમના નિવાસના આરંભથી માંડીને 1950 માં શ્રી અરવિંદના દેહવિલય સુધીનો પ્રથમ તબક્કો

(૨) શ્રી અરવિંદના દેહવિલય (૧૯૫૦) થી શ્રી અરવિંદનાં નાટકોના પૂજાલાલે કરેલા ગુજરાતી ગદ્યાનુવાદ અને એના પ્રકાશન (૧૯૭૨) સુધીનો બીજો તબક્કો. અને

(૩) 'સાવિત્રી' મહાકાવ્યના અનુવાદના આરંભ (૧૯૭૨) થી પૂજાલાલના દેહવિલય (૧૯૮૫) સુધીનો ત્રીજો તબક્કો.

આ ત્રણેય તબક્કાઓ પૂજાલાલની સાહિત્યપ્રવૃત્તિના સહજ વિકાસની પ્રતીતિ કરાવે છે. વળી એમાંથી અધ્યાત્મકવિ, શ્રદ્ધેય અનુવાદક અને સમર્થ ગદ્યકાર તરીકેના એમના સાહિત્યિક વ્યક્તિત્વના ત્રણ પાસાંઓ પ્રગટે છે. એનો આપણે સહેજ વિગતે સમીક્ષાત્મક પરિચય પ્રાપ્ત કરીએ.

<u>અધ્યાત્મ કવિ :-</u>

કાવ્ય એ શ્રી પૂજાલાલની સર્જકતાનો પ્રબળતમ આવિષ્કાર છે. એમના સાહિત્યજીવનનો આરંભ જ કવિ તરીકે થયેલો છે. વીસમી સદીના ત્રીજા દાયકા દરમ્યાન જ એમનાં કાવ્યો 'કુમાર', 'પ્રસ્થાન', 'ગુજરાત', 'કૌમુદી', 'ઊર્મિ', 'કિશોર', 'માનસી', જેવાં લબ્ધ-પ્રતિષ્ઠિત સામયિકોમાં વખતોવખત પ્રકાશિત થવા માંડે છે. એમનો પ્રથમ કાવ્યસંગ્રહ 'પારિજાત' ઇ.સ ૧૯૩૮ માં બ.ક.ઠાકોરના પ્રવેશક સાથે પ્રકાશિત થાય છે. બ.ક.ઠાકોરે 'પારિજાત'ને 'નંદનવનના સુમનોની કલગી'[*7] તરીકે બિરદાવ્યો હતો. એમની છંદસાધનાને પણ ઉમળકાભેર આવકારી હતી. પૂજાલાલે બધા થઈને નાના મોટાં ૪૬ જેટલા કાવ્યસંગ્રહો આપ્યા છે. એમની કાવ્યસર્જનપ્રવૃત્તિ માત્ર ગુજરાતી ભાષા પૂરતી સીમિત ન રહેતાં અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓમાં પણ વિસ્તરી છે.

કવિ તરીકે એમણે અખિલ જીવનને પોતાનો કવનવિષય બનાવ્યું છે. જનસાધારણથી માંડીને જનવિલક્ષણ ભાવોને એમણે કાવ્યરૂપ આપ્યું છે. ખાસ કરીને જીવનમાં વ્યાપેલા આનંદ અને શુચિતાના તત્ત્વને તેમણે વિશેષરૂપે આલેખ્યું છે. પ્રભુનો સાદ, સ્થૂળ જીવનની નિરર્થકતા, પ્રભુને પામવાની બળવત્તર બનતીજતી અભીપ્સા, પ્રભુને થતું સર્વાંગ સમર્પણ અને એમાં વ્યવધાનરૂપ થતી તમામ બાબતોનો સંપૂર્ણ ત્યાગ- એમની

અધ્યાત્મકવિતાનાં ક્રમિક સોપાનો છે. ત્યારબાદ પ્રભુ પામ્યાનો આનંદ અને એમાં સહભાગી બનવા માટે અન્ય માનવોને સાદ તથા સમુચિત માર્ગદર્શન પૂજાલાલની અધ્યાત્મ કવિતાનું એક નોંધપાત્ર સ્થિત્યંતર છે.

પ્રખર રાષ્ટ્રભાવ એમની કવિતાનો વળી એવો જ વિશિષ્ટ આવિષ્કાર છે. 'પાંચજન્ય' (૧૯૫૭) જેવા કાવ્યસંગ્રહો એનાં શ્રેષ્ઠ ઉદાહરણો છે. આ રાષ્ટ્રભાવનાનાં બીજ એમના પૂર્વજીવનમાં, ખાસ કરીને પુરાણીબંધુઓ પ્રેરિત અખાડાપ્રવૃત્તિમાં રહેલાં છે. આ રાષ્ટ્રભાવ અધ્યાત્મજનિત છે. એટલે એ કટ્ટર રાષ્ટ્રવાદમાં ન પરિણમતાં અધ્યાત્મભાવમાં પર્યવસાન પામે છે

બાળકાવ્યો પૂજાલાલની ગુજરાતી સાહિત્યને મોટી દેણ છે. 'બાલગુંજન' (૧૯૪૫), 'કાવ્યકિશોરી' (૧૯૪૬), 'ગીતગુંજરી' (૧૯૫૨), 'બાલબંસરી' (૧૯૬૦), વગેરે એમણે બધા થઈને આઠ બાળકાવ્યસંગ્રહો-માં પ્રણસો કરતાં પણ વધારે બાળકાવ્યો આપ્યાં છે. એમાં બાલોચિત કલ્પનશીલતા, ચિંતનની હળવાશ અને ગેયતા નોંધપાત્ર છે. આ કાવ્યોમાં પ્રસન્નતા છે, સહજતા છે, હળવાશ છે, જીવનના મૂલ્યોનું સરળ આલેખન છે.

પૂજાલાલે શ્રી અરવિંદ, શ્રી માતાજીને પોતાના દિવ્યગુરુ તરીકે સ્વીકાર્યા છે. 'જપમાળા' (૧૯૪૫), 'શ્રી અરવિંદ વંદના' (૧૯૫૧), 'શ્રી અરવિંદ મહાપ્રભુ' (૧૯૭૨), 'મા ભગવતી' (૧૯૭૪) જેવા કાવ્યસંગ્રહોમાં પૂજાલાલે એમનો મહિમા ગાયો છે. એમાંનાં કેટલાંક કાવ્યોમાં ભક્તિભાવ કાવ્યાત્મકતા ધારણ કરે છે. પરંતુ શબ્દ અને અર્થનું 'પાર્વતી પરમેશ્વરૌ' સાહિતત્વ એમના તમામ કાવ્યોમાં નથી સધાતું. એટલે એમનાં ઘણાં કાવ્યો ગતાનુગતિક પ્રાસાનુપ્રાસ અને શબ્દાળુતામાં સરી પડે છે. એમાં ભાવ કાવ્યાત્મકતાની ઊંચાઈ ધારણ કરતો નથી એ નોંધવું રહ્યું.

પૂજાલાલે મુક્તકથી માંડીને મહાકાવ્ય સુધીના અનેક કાવ્યપ્રકારો સામર્થ્યપૂર્વક ખેડ્યા છે. મુક્તક એમનો પ્રીતિપાત્ર કાવ્યપ્રકાર છે. એમણે 'મુક્તાવલી' (૧૯૭૮), 'સૂક્તિકા' (૧૯૭૯), 'દુહરાવલિ' (૧૯૮૦), 'મા ભગવતી' (૧૯૭૪), 'જપમાળા' (૧૯૪૫), 'ઊર્મિમાળા' (૧૯૪૫) જેવા

સંખ્યાબંધ મુક્તક સંગ્રહો આપ્યા છે. એમાં શ્રી અરવિંદ, શ્રીમાતાજીના મહિમાની સાથેસાથે જીવનસમગ્રને સ્પર્શતાં, નીતિ, વ્યવહારજ્ઞાન, બોધ, કાવ્યપદાર્થ વગેરે અંગોનાં મુક્તકોનો સમાવેશ થાય છે.

ગુજરાતી સાહિત્યમાં જ્યારે સોનેટ નવોસવો કાવ્યપ્રકાર હતો અને આપણા કવિઓ એને કુતૂહલથી ખેડવાની કોશિશ કરી રહ્યા હતા ત્યારે પૂજાલાલ 'પારિજાત' (૧૯૩૮) માં ૫૪ સોનેટ રચનાઓ આપે છે. ત્યારબાદ બીજાં ૨૪૪ સોનેટોનો 'ગુર્જરી' (૧૯૫૯) નામનો સ્વતંત્ર સોનેટસંગ્રહ આપે છે. આ રીતે ગુજરાતના કાવ્યરસિકોનું ધ્યાન ખેંચે છે. એમની સમગ્ર કાવ્યરાશિમાં આ કાવ્યપ્રકાર હસ્તામલકવત્ ખેડાયેલો પ્રમાણી શકાય છે.

પૂજાલાલે અનેક દીર્ઘકાવ્યો આપ્યાં છે. એમના 'કાવ્યકેતુ' (૧૯૭૬) નામના કાવ્યસંગ્રહમાં શતાધિક પંક્તિઓ ધરાવતા ૨૧ જેટલાં દીર્ઘકાવ્યો સંગ્રહાયેલાં છે. આ સિવાય 'વ્રજવૃંદાવન' (૧૯૭૭), 'શબરી' (૧૯૭૮) જેવી એમની નોંધપાત્ર દીર્ઘકાવ્યકૃતિઓ છે. 'ધ્રુવપદ' (૧૯૮૦) દ્વારા એમણે ગુજરાતી ભાષામાં મહાકાવ્ય રચવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. ભારતીય સાહિત્યશાસ્ત્રની પરિપાટી અનુસાર મહાકાવ્યનાં તમામ લક્ષણો સુવાંગ ધરાવતા આ વિશિષ્ટ પ્રયાસ તરફ આપણા સારસ્વતોનું ધ્યાન ગયું નથી. ગુજરાતી ભાષામાં મહાકાવ્ય રચવાના અદ્યાપિપર્યંત જે પ્રયત્નો થયા છે એમાં પૂજાલાલકૃત 'ધ્રુવપદ' નોંધપાત્ર છે.

પૂજાલાલની કાવ્યબાની પ્રાય: તત્સમપ્રધાન છે. 'પારિજાત' એનું બોલકું ઉદાહરણ છે. બાળકાવ્યોના વિરલ અપવાદોને બાદ કરતાં એમના લગભગ બધાં જ કાવ્યોમાં એ વળગણરૂપ બની રહે છે. ક્યારેક તો એમાં અરૂઢ શબ્દોના દીર્ઘ સમાસો અને પ્રાસાનુપ્રાસના, શબ્દોની ઝડઝમક વધુ પ્રમાણમાં જોવા મળે છે. એનાથી ક્યારેક કાવ્યના શિલ્પને હાની પહોંચે છે. આમ, સંસ્કૃતાઢ્ય શૈલી પૂજાલાલની કવિતાની સિદ્ધિ અને મર્યાદા બન્ને બની રહે છે એમ કહેવું જ રહ્યું.

પૂજાલાલનાં સઘળાં કાવ્યો છંદોબદ્ધ છે. એમણે એકસરખી સહજતાથી અક્ષરમેળ અને માત્રામેળ છંદો પ્રયોજ્યા છે. એમાં અનેક નવા નવા પ્રયોગો કર્યા છે. નવા નવા છંદો પણ સર્જ્યા છે. એમાં 'માતૃગીત' અને 'દુહરાવલિ' જેવા છંદો નોંધપાત્ર છે. 'દુહરાવલિ' છંદમાં એમણે

બારસો કરતાં પણ વધારે મુક્તકોનો 'દુહરાવલિ' (૧૯૮૦) નામનો એક અલાયદો સંગ્રહ આપ્યો છે. એમનામાં છંદશુદ્ધિનો આગ્રહ અને ચીવટ ધ્યાનાર્હ છે. સામાન્ય રીતે તેઓ લઘુગુરુની છૂટ લેતા નથી. કવિતા તો છંદમાં જ રચાવી જોઈએ એવો સ્પષ્ટ અને દૃઢ મત પણ ધરાવે છે.

પૂજાલાલે, આપણે આગળ જણાવ્યું છે એ મુજબ, સંસ્કૃત અને અંગ્રેજીમાં પણ કાવ્યસર્જન કર્યું છે. પૂજાલાલનું સંસ્કૃત કાવ્યસર્જન મુખ્યત્વે ચાર સંગ્રહોમાં વિસ્તરે છે: (૧) '<u>स्तोत्रसंहिता</u>' (૧૯૭૭), (૨) '<u>स्तोत्रसङ्गीतिका</u>' (૧૯૮૨), (૩) '<u>सुभाषितमाला</u>' (૧૯૮૬) અને (૪) જન્મદિનનાં કાવ્યો' (૧૯૯૦) નો ત્રીજો વિભાગ. આ સિવાય પૂજાલાલે રચેલાં સંસ્કૃત નાટકોમાં પણ ગીતોનો સમાવેશ થયો છે. આ કાવ્યોમાં શ્રી અરવિંદ, શ્રી માતાજીનો મહિમા તેમજ શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, સમર્પણ આદિ વિવિધ ભાવોનું આલેખન થયું છે. અંગ્રેજીમાં પૂજાલાલના ત્રણ કાવ્યસંગ્રહો પ્રકાશિત થયેલા છે:
(૧) Lotus Petals (૧૯૪૩), (૨૪ કાવ્યોનો સંગ્રહ),
(૨) Rosary (૧૯૪૩) (૨૬૪ મુક્તકો) અને (૩) Lotus Grove (૧૯૭૭). એમના ત્રીજા કાવ્યસંગ્રહમાં પ્રથમ બે કાવ્યસંગ્રહોનો સમાવેશ થઈ જાય છે. એમાં કવિનાં ૧૩૭ જેટલાં કાવ્યો અને મુક્તક કોટિની ચાર ચાર પંક્તિઓની બીજી ૨૪૬ જેટલી રચનાઓ સંગ્રહાયેલી છે. આ કાવ્યો એક ભક્તહૃદયના આરતભર્યા સાહજિક ઉદ્ગારો લેખે ચિરંજીવ બની રહે છે.

<u>શ્રદ્ધેય અનુવાદક :-</u>

એક ભાષામાં પ્રગટેલા કાલજયી સાહિત્ય કે અધ્યાત્મ-ચિંતનને અનુવાદ દ્વારા અન્ય ભાષાના ભાષકો સુધી વિસ્તારવાનું સેતુકાર્ય પૂજાલાલે વિશેષરૂપે કર્યું છે. એમાં અંગ્રેજીમાંથી ગુજરાતી, ગુજરાતીમાંથી અંગ્રેજી, સંસ્કૃતમાંથી અંગ્રેજી, સંસ્કૃતમાંથી ગુજરાતી અને બંગાળીમાંથી ગુજરાતી અનુવાદકાર્યનો સમાવેશ થાય છે. એમણે શ્રી અરવિંદ, શ્રી માતાજી તેમજ શ્રી અરવિંદના યોગસંદર્ભે એમ. પી. પંડિત, ડુતા જેવા સાધકોના સર્જનાત્મક, ચિંતનાત્મક પુસ્તકોના અનુવાદો આપ્યા છે. તદુપરાંત એમણે કાલિદાસના પ્રથિતયશ ખંડકાવ્ય 'મેઘદૂત'નો સમશ્લોકી ગુજરાતી

અનુવાદ આવ્યો છે.

પૂજાલાલના અનુવાદોનો વિગતે અભ્યાસ કરતાં પહેલાં એના પર અસર કરનારી એમના જીવનની કેટલીક હકીકતોની નોંધ લેવી જરૂરી લાગે છે :

(૧). પૂજાલાલની માતૃભાષા ગુજરાતી હતી. એમણે શાળા-કૉલેજનું ઔપચારિક શિક્ષણ ગુજરાતમાં જ મેટ્રિક્યુલેશન સુધી મેળવ્યું હતું. ત્યારબાદ વિજ્ઞાનના વિષયો સાથે કૉલેજ શિક્ષણનો પ્રારંભ કર્યો હતો. પરંતુ પ્રથમ વર્ષથી જ તે અધૂરો છોડ્યો હતો.

(૨) પૂજાલાલ પોતાના જીવનના પચીસમા વર્ષથી જ પોંડિચેરી-દક્ષિણ ભારત- ખાતે શ્રી અરવિંદ ચરણે સમર્પિત થયા હતા. જીવનના અંતપર્યંત ત્યાં જ રહ્યા હતા. એક અપવાદને બાદ કરતાં ફરી ક્યારેય ગુજરાત પાછા આવ્યા ન હતા. આમ, જીવનના મોટાભાગનાં વર્ષો માતૃભાષા સિવાયના અન્ય ભાષાભાષી પ્રદેશમાં એમણે વિતાવ્યાં હતાં. અને તેથી તેઓ અનેક ભાષાભાષી સાધકોના નિકટના સંપર્કમાં આવ્યા હતા. પરિણામે બંગાળી, તામિલ જેવી ભાષાઓ પર પણ પ્રભુત્વ મેળવી શક્યા હતા.

(૩) પૂજાલાલે સંસ્કૃત, અંગ્રેજી કે બંગાળી જેવી ભાષાઓનો કોઈ પદ્ધતિસરનો અભ્યાસ કર્યો ન હતો. પરંતુ આપસૂઝથી અને નિષ્ઠાપૂર્વક પ્રયત્નથી આ બધી ભાષાઓ લગભગ આત્મસાત કરી હતી. તેઓ શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી ખાતેની શ્રી અરવિંદ, શ્રીમાતાજીના શિક્ષણના આદર્શો ચરિતાર્થ કરતી સંસ્થા : 'શ્રી ઓરોબિન્દો ઈન્ટરનેશનલ સેન્ટર ઓફ એજ્યુકેશન' ખાતે બાળકોને સંસ્કૃત ભણાવતા પણ હતા.

(૪) પૂજાલાલે માતૃભાષા સિવાય સંસ્કૃત અને અંગ્રેજીમાં પણ સર્જનાત્મક પ્રવૃત્તિ કરી છે.

(૫) પૂજાલાલે સંસ્કૃતમાંથી અંગ્રેજી જેવી પોતાની માતૃભાષા સિવાયની અન્ય ભાષાઓમાં પણ અનુવાદકાર્ય કર્યું છે.

(૬) પૂજાલાલે સાહિત્યવિવેચન નથી કર્યું એ લક્ષમાં લેવા જેવું છે.

પૂજાલાલના સમગ્ર અનુવાદકાર્યને પૃ. ૬૨ પરની આકૃતિ દ્વારા સંક્ષિપ્ત રીતે દર્શાવી શકાય :

પૂજાલાલનું અનુવાદ કાર્ય

(૬) અન્ય ભાષાઓમાંથી ગુજરાતીમાં અનુવાદ.

- અંગ્રેજીમાંથી ગુજરાતી.
  - શ્રી અરવિંદની કૃતિઓ
    - ગદ્યમાંથી ગદ્ય.
      - ઇશોપનિષદ. (૧૯૮૬)
    - પદ્યમાંથી ગદ્ય.
      - શ્રી અરવિંદનાં નાટકો (૧૯૭૦-૭૧)
      - રામનો યોગ. (૧૯૮૩).
    - પદ્યમાંથી પદ્ય.
      - શ્રી અરવિંદનાં કાવ્યો. (૧૯૬૬)
      - 'સાવિત્રી' (૧૯૭૩-૭૫).
  - શ્રી માતાજીની કૃતિઓ.
    - ગદ્યમાંથી ગદ્ય.
      - પરમ શોધ. (૧૯૮૫)
      - પ્રાસંગિક પ્રસાદી. (૧૯૫૩)
      - માતાજીની શબ્દસુધા. ભાગ.૧. (૧૯૬૬)
    - ગદ્યમાંથી પદ્ય.
      - શ્રી માતાજીનાં મોતી (૧૯૫૫).
  - અન્ય સાધકોની કૃતિઓ (એમ.પી. પંડિત, હુતા)
    - ગદ્યમાંથી ગદ્ય
      - જપ (૧૯૬૨) (એમ પી. પંડિત)
      - ધ્યાન (૧૯૬૧) (એમ પી. પંડિત)
    - ગદ્યમાંથી પદ્ય.
      - નમોનમઃ (૧૯૮૭) (હુતા)
- સંસ્કૃતમાંથી ગુજરાતી.
  - કાલિદાસ
    - પદ્યમાંથી પદ્ય
      - મેઘદૂત (૧૯૮૦)
- બંગાળીમાંથી ગુજરાતી
  - શ્રી અરવિંદની કૃતિઓ
    - ગદ્યમાંથી ગદ્ય.
      - દુર્ગાસ્તોત્ર (૧૯૪૫)
    - ગદ્યમાંથી પદ્ય
      - દુર્ગાસ્તોત્ર (૧૯૭૮)

નોંધ:
કૌંસમાં જે તે પુસ્તકનું પ્રકાશનવર્ષ દર્શાવ્યું છે.

પૂજાલાલનું અનુવાદ કાર્ય

(ખ) ગુજરાતીમાંથી અન્ય ભાષામાં અનુવાદ.

ગુજરાતીમાંથી અંગ્રેજી.
↓
પૂજાલાલ
↓
ગદ્યમાંથી ગદ્ય
↓
Children of God.
(૧૯૮૬).

(ગ). માતૃભાષા સિવાયની ભાષામાં અનુવાદ.

સંસ્કૃતમાંથી અંગ્રેજી.
↓

પૂજાલાલ	અન્ય સર્જકો.
↓	↓
પદ્યમાંથી ગદ્ય.	सरल श्लोका (૧૯૮૧)
स्तोत्रसंहिता (૧૯૭૭)	सरस श्लोका (૧૯૮૨).

પૂજાલાલના અનુવાદકાર્યનું ઉપર્યુક્ત વર્ગીકરણ નીચે દર્શાવેલા ત્રણ આધારોથી કરવામાં આવ્યું છે.

(૧) ભાષા (મૂળ કૃતિ અને અનુવાદની ભાષા)

(૨) સર્જક. (મૂળકૃતિના સર્જક)

(૩) સ્વરૂપ. (મૂળકૃતિ અને અનૂદીત કૃતિનું સ્વરૂપ).

પૂજાલાલના અનુવાદોમાંથી શ્રી અરવિંદનાં પદ્યનાટકોનો ગદ્યાનુવાદ અને કાવ્યોનો કાવ્યાનુવાદ વિશેષ ઉલ્લેખનીય છે. શ્રી અરવિંદનાં સઘળાં કાવ્યોના અનુવાદો પૂજાલાલે ઇ.સ. ૧૯૬૬થી ૧૯૭૧ દરમ્યાન કર્યા હતા. એ અંગે તેઓ જણાવે છે: " અનુવાદકાર્ય સંસ્કૃત શૈલીમાં સાધવાનો મેં પ્રયાસ કર્યો છે. અનુવાદોમાં ગણમેળ

છંદોનો શુદ્ધ પ્રયોગ કરવામાં આવેલો છે ને ચાળીસ- પિસ્તાળીસ છંદોનો સેવા લેવામાં આવી છે. અનુવાદ શબ્દાનુસારી નહિ પણ ભાવાનુસારી છે ને ગુજરાતી ભાષાની પ્રકૃતિને અને કવનશૈલીને લક્ષ્યમાં લઈને કરવામાં આવેલો છે. શ્રી અરવિંદની પોતાની અનુવાદ પદ્ધતિનું યથાશક્તિ અનુશીલન કરવાનો પ્રયત્ન અહીં જોઈ શકાશે. કાવ્યનો અનુવાદ પણ કાવ્યમય બને એવું સહૃદયો અપેક્ષતા આવ્યા છે. આ તથ્ય આંખ સામે રાખીને મેં મૂળના ભાવને અને રસને પ્રગટ કરે એવી ભાષાનો, શૈલીનો ને નાનામોટા ભાવાનુકૂળ તથા લયાનુકૂલ અનેક છંદોનો પ્રયોગ અનુવાદમાં કર્યો છે. મૂળ કાવ્યમાં ભાવની અભિવ્યક્તિ માટે નાનામોટા વાક્યોનો અને વાક્યખંડોનો ઉપયોગ થયેલો છે. એમને મેં જુદા જુદા છંદના શ્લોકોમાં કાવ્યકલેવર સમર્પવાની બને તેટલી ચીવટ રાખી છે. ને મને આશા છે કે પરિણામથી સહૃદયો સંતોષ અનુભવશે."*૪ પ્રસ્તુત કાવ્યાનુવાદોમાંથી પસાર થતા અનુવાદકની ઉપર્યુક્ત અપેક્ષા સંતોષાતી હોવાની આપણને પ્રતીતિ થાય છે. આ અનુવાદો 'સાવિત્રી' મહાકાવ્યના અનુવાદોની સુદૃઢ પૂર્વભૂમિકા રચી આપે છે એ વિશેષરૂપે નોંધપાત્ર છે.

પૂજાલાલે કરેલો કાલિદાસના 'મેઘદૂત'નો અનુવાદ પણ અત્યંત મહત્વપૂર્ણ બની રહે છે. એમાં અનુવાદક તરીકેની પૂજાલાલની સકલ શક્તિઓ પ્રગટતી પ્રમાણી શકાય છે. ગુજરાતી ભાષામાં 'મેઘદૂત'ના નવલરામથી માંડીને મનસુખલાલ સાવલિયા જેવા વિદ્વાનોએ કરેલા તમામ અનુવાદોમાં પૂજાલાલનો અનુવાદ પ્રાસાદિક બની રહે છે. એમાં મૂળના જેટલી જ સુશ્લિષ્ટતા, અર્થગૌરવ અને કાવ્યાત્મકતા રહેલી અનુભવી શકાય છે.

સમર્થ ગદ્યકાર :

પૂજાલાલ છંદશાસ્ત્રના અગ્રગણ્ય વિદ્વાન છે. 'છંદ:પ્રવેશ' (૧૯૭૯) જેવું મૌલિક પુસ્તક તેઓ આપે છે. 'પંચપદીઓ' નામની શતાધિક કંડિકાઓની બાવીસ જેટલી પુસ્તિકાઓ દ્વારા એમણે શ્રી અરવિંદ દર્શનને લોકોપભોગ્ય શૈલીમાં રજૂ કર્યું છે. બાળકો માટે એમણે સત્વશીલ કથાઓ, સંવાદો અને નાટકોની રચના કરી છે. છ દાયકા દરમ્યાન અનેક વ્યક્તિઓને લખાયેલા એમના

પત્રો આપણા પત્રસાહિત્યની શ્રીમાં વિશેષ ઉમેરો કરે છે. 'સાવિત્રી' મહાકાવ્યના પરિશીલનના ફલસ્વરૂપે 'સાવિત્રી સારસંહિતા' (૧૯૭૫) જેવું પુસ્તક આપે છે. આ સિવાય શ્રી અરવિંદનાં જીવન અને કાર્ય પર પ્રકાશ પાડતી એક પુસ્તિકા તેમણે આપી છે. એમની રોજનીશીમાંથી સુવિચારોના બે સંગ્રહો આપણને સાંપડ્યા છે સંસ્કૃતમાં એમણે બાળકો માટે સરળ સંવાદો રચ્યા છે, તેમજ સંસ્કૃત સુભાષિતોના બે સંગ્રહોનું સંપાદન પણ કર્યું છે

'છંદ પ્રવેશ' ગ્રંથમાં છંદોનો પરિચય આપતું સ્વતંત્ર પુસ્તક દલપતરામથી આરંભાયેલા અને રા.વિ. પાઠક દ્વારા સઘન અને વિશદ બનેલા છંદશાસ્ત્રના અધ્યયનોમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. એમાંના તમામ ઉદાહરણો એમનાં પોતાનાં છે. 'છંદઃપ્રવેશ' એમને રા.વિ પાઠક પછીના આપણા અગ્રીમ છંદશાસ્ત્રી તરીકે પ્રસ્થાપિત કરી આપે છે.

પંચપદીઓ તરીકે ઓળખાતી ૨૨ પુસ્તિકાઓ (૧૯૮૩-૮૫) એમની સાહિત્યયાત્રાનું એક નૂતન સ્થિત્યંતર છે. એમાં એમણે શ્રીઅરવિંદ દર્શનનો નિષ્કર્ષ લોકોપભોગ્ય રીતે પ્રસ્તુત કરવાનો પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. ભાવની ઉદાત્તતાની સાથે શૈલીની સહજતા અને સરળતાનો આવો 'મણિકાંચનયોગ' પૂજાલાલના સમગ્ર સાહિત્યમાં વિરલ બની રહે છે.

પૂજાલાલનું પત્રસાહિત્ય વિપુલ છે. એમાંનું કિંચિત્ 'પરમ સાન્નિધ્યમાં' (૧૯૯૧) રૂપે રોશનબહેન કુમારિયા અને અસ્મિતા દેસાઈએ પ્રકાશિત કર્યું છે. આ પત્રો અધ્યાત્મમાર્ગના કોઈપણ જિજ્ઞાસુ માટે માર્ગદર્શક બની રહે છે. ગુજરાતી સાહિત્યમાં પત્રસાહિત્ય વિપુલ નથી. એમાંય અધ્યાત્મ વિષયક તો અત્યલ્પ જ છે. આ પત્રોથી એમાં ગણનાપાત્ર વધારો થાય છે. આમ, ગુજરાતી ભાષાનું પત્રસાહિત્ય વિશેષરીતે સમૃદ્ધ થાય છે.

પૂજાલાલના ગદ્યસાહિત્ય કે અનુવાદ સાહિત્યમાં અર્થગૌરવ ધરાવતું એક સંસ્કૃતરાગનું ગદ્ય જોઈ શકાય છે. તત્સમપ્રધાનતા, સમાસયોજના, ભાવાનુસારી પદબંધ અને પ્રાયઃ આલંકારિતા એમના ગદ્યનાં પ્રમુખ લક્ષણો છે.

'પંચપદી'ઓમાં એમનું ગદ્ય મજે નવે રૂપે અવતર્યું છે. અધ્યાત્મ-ચિંતન જેવા સામાન્ય રીતે ગંભીર અને ગહન ગણાતા વિષયને તેઓ સરળ, સુબોધ ગદ્યમાં આલેખે છે. એમાં ગદ્યની પ્રાંજલતા પ્રગટી રહે છે.

પ્રેમલાલના સમગ્ર સર્જક-વ્યક્તિત્વના તલસ્પર્શી અધ્યયનના પરિપાકરૂપે સમજાય છે કે તેઓ ગુજરાતી અધ્યાત્મ કવિતાના ક્ષેત્રે એક નોંધપાત્ર કવિ છે. એમનું પ્રદાન સાહિત્યનાં એકાધિક સ્વરૂપો અને પ્રકારોમાં રહેલું છે. અનુવાદ સાહિત્યમાં પણ એમનું વિશિષ્ટ કહી શકાય એવું પ્રદાન છે. એમણે સાહિત્યનાં ઉપાદાનોના તળભૂમિ એવા છંદશાસ્ત્રને પણ આવરી લીધું છે. સાહિત્યના વ્યાપક ફલકને જીવનપર્યંત એમણે ઉપાસ્યું અને એના ફલસ્વરૂપે માતબર સાહિત્યસર્જન કર્યું હોવા છતાં એનું સમુચિત મૂલ્યાંકન કરવામાં ગુજરાતી સાહિત્ય વિવેચન ઊણું ઊતર્યું હોય એમ લાગે છે. હા, એમના 'સાવિત્રી'- અનુવાદને ધ્યાનમાં લઈને ઇ.સ. ૧૯૭૫ માં એમને ગુજરાતી સાહિત્ય પરિષદે 'શ્રી અરવિંદ સુવર્ણચંદ્રક' એનાયત કર્યો હતો એ ગૌરવપ્રદ ઘટનાનું વિસ્મરણ ન જ થવું જોઈએ.

પ્રેમલાલે કરેલા 'સાવિત્રી' અનુવાદનું સઘન અધ્યયન આરંભતાં પૂર્વે એની પ્રક્રિયા અંગે એમણે જે થોડા નિર્દેશો કર્યા છે એ ધ્યાનાર્હ છે.

પ્રેમલાલના પોતાના નિવેદન મુજબ શ્રી અરવિંદની સૂક્ષ્મ પ્રેરણાથી શ્રી અરવિંદના જન્મશતાબ્દી વર્ષ ૧૯૭૨ માં 'સાવિત્રી'ના અનુવાદનો આરંભ કરે છે. આ માટે તેઓ શ્રી માતાજીના આશીર્વાદ પણ પ્રાપ્ત કરે છે.

વળી, આ અનુવાદ કરતી વેળાની પોતાની આંતરસ્થિતિ સ્પષ્ટ કરતાં પ્રેમલાલ એક પત્રમાં જણાવે છે: "'સાવિત્રી'નો અનુવાદ કરવામાં હું તો શ્રી અરવિંદની કલમ માત્ર બની રહું અને એ પોતે જ બને તેટલું ને મારાથી ઝિલાય તેટલું આપે એવો ક્રમ અનુસરું છું. જોઉં છું કે ચમત્કારી રીતે કાર્ય ચાલતું રહે છે. સ્વાસ્થ્ય સંતોષકારક ન હોવા છતાંય રોજની ૪૦ થી ૮૦ પંક્તિઓનો અનુવાદ હળવે હાથે

જે મગજમારી વગર પાર છે. તેનો પાછળ શ્રી અરવિંદનું સાન્નિધ્ય જ છે એવું મને અનુભવાતું રહે છે."* ૩

ઉપર્યુક્ત નિર્દેશો મૂળ કૃતિનો અર્થ પામવાની તેમની તત્પરતાના દ્યોતક છે. એના પરથી સમજાય છે કે પૂજાલાલે મૂળ ભાવ સાથે તાદાત્મ્ય સાધીને, સ્વકીયતાને યથાશક્ય વિગલિત કરી દઈને આ કાર્ય કર્યું છે. બીજા શબ્દોમાં કહીએ તો થવા દીધું છે એટલે જ તેઓ એને 'ચમત્કારિક' કહે છે. અહીં અનુવાદના 'ક્રાફ્ટ'થી મુક્ત રહેવાની એમની એક પ્રકારની સભાનતા- જાગતા સ્પૃહણીય છે.

અનુવાદ અધ્યયન :-

પૂજાલાલે કરેલા 'સાવિત્રી' મહાકાવ્યના અનુવાદનું અધ્યયન સૌપ્રથમ આપણે અર્થસંક્રમણના સંદર્ભે કરીશું. ત્યારબાદ અનુવાદમાં પ્રયોજાયેલ છંદ, કાવ્યબાની, શૈલી અને અલંકારવિધાનની ચર્ચા આપણે ભાષાકર્મ અનુષંગે કરીશું. માટે પ્રસ્તુત પ્રકરણનું આપણે બે વિભાગોમાં વર્ગીકરણ કર્યું છે :

(ક) અર્થસંક્રમણ

(ખ) ભાષાકર્મ.

સૌપ્રથમ આપણે પૂજાલાલના અનુવાદમાં મૂળકૃતિના અર્થસંક્રમણના પ્રશ્નોની તપાસ હાથ ધરીએ:

(ક). અર્થસંક્રમણ :-

મૂળ કૃતિનો અર્થ અનુવાદિત કૃતિમાં કઈ રીતે સંક્રમણ પામ્યો છે એની તપાસને આપણે અર્થસંક્રમણ કહીશું. આ તપાસ કૃતિના શબ્દ/શબ્દસમૂહ ; પંક્તિ/શ્લોક, સર્ગ, પર્વ, ખંડ જેવા સ્તરોએ તેમજ સમગ્ર કૃતિ સંદર્ભે થઈ શકે. આપણે આ તપાસ શબ્દ/શબ્દસમૂહ અને પંક્તિ/શ્લોક એમ બે સ્તરે હાથ ધરીશું.

આ તપાસ હાથ ધરતાં સૌપ્રથમ પ્રશ્ન મૂળકૃતિના કદનો નડે છે. અગાઉ જણાવ્યા મુજબ 'સાવિત્રી' મહાકાવ્ય બાર પર્વો અને ઓગણપચાસ સર્ગોમાં રચાયેલું છે. એ ૨૩,૮૧૩ જેટલી પંક્તિઓ ધરાવે છે. એટલે અર્થસંક્રમણની વિચારણા માટે શબ્દ/શબ્દસમૂહો અને પંક્તિ/શ્લોકોનું ચયન કઈ રીતે કરવું એ પ્રશ્ન વિકટ બને છે.

આમાંથી માર્ગ કાઢવા માટે 'સાવિત્રી'ના ત્રણે ખંડોમાંથી શબ્દ/શબ્દસમૂહો અને પંક્તિ/શ્લોકોનું ચયન કર્યું છે. શક્ય હોય ત્યાં સુધી પસંદ કરેલા શબ્દ/શબ્દસમૂહો કે પંક્તિ/શ્લોકો ગુજરાતીમાં પ્રાપ્ત થતા 'સાવિત્રી'ના મુખ્ય ત્રણે અનુવાદોમાં હોય એનું ધ્યાન રાખ્યું છે. જેથી તુલનાત્મક અધ્યયન થઇ શકે.

આ રીતે પસંદ કરેલા શબ્દ/શબ્દસમૂહો અને પંક્તિ/શ્લોકોનું અર્થસંક્રમણ તપાસતાં અનેક રસપ્રદ બાબતો પ્રાપ્ત થાય છે. એમાં મૂળ કૃતિના અર્થમાં સીમિતતા જોવા મળવી (અર્થ સીમિતતા); મૂળ કૃતિના અર્થનો વિસ્તાર થવો (અર્થ વિસ્તાર), મૂળ કૃતિના અર્થનું પરિવર્તન થવું (અર્થપરિવર્તન), અર્થ દુર્બોધ બનવો (અર્થદુર્બોધતા) તેમજ અનૂદિત અર્થ વિશિષ્ટ સંદર્ભ ધરાવતો હોય જેવી બાબતોનો સમાવેશ થાય છે. વળી, અર્થસંક્રમણ અર્થે અનુવાદક જે પ્રયુક્તિઓનો વિનિયોગ કરે છે એની ચર્ચા પણ અત્રે અભિપ્રેત છે.

આપણને સુવિદિત છે કે 'સાવિત્રી' અનેક અર્થસ્તરો, અર્થઘટનો ધરાવતી બહુપરિમાણી કૃતિ છે. એની એક જ વાચનાના અનુવાદકે અનુવાદકે એકાધિક અર્થઘટનો પ્રાપ્ત થાય એ પણ સંભવિત છે. આવા સંજોગોમાં શ્રી અરવિંદ દર્શનના પ્રખર અભ્યાસી અને ભાષ્યકાર એમ.પી. પંડિતના મૂળ અંગ્રેજી અર્થઘટનને શ્રદ્ધેય માન્યું છે. એમનું અર્થઘટન 'રીડિંગ્સ ઇન સાવિત્રી'ના ૧૦ ગ્રંથોમાં અને ત્યારબાદ 'ધ બુક ઓફ બિગિનિંગ્સ', 'ધ બુક ઓફ ધ ડિવાઇન મધર' જેવા સ્વતંત્ર પુસ્તકો દ્વારા અને એ પછી 'સર્વિસ લેટર' નામના એમના સામયિક (પાક્ષિક) માં પ્રકાશિત થતા રહેલા 'સાવિત્રી સત્સંગ'ના અનેકવિધ વાર્તાલાપોરૂપે પ્રાપ્ત થયું છે. અત્રે એનો યથા આવશ્યક લાભ લીધો છે.

અર્થસંક્રમણની વિચારણા આપણે સૌપ્રથમ શબ્દ/શબ્દ-સમૂહની ભૂમિકાએ કરીશું.

I શબ્દ/શબ્દ સમૂહની ભૂમિકા :-

અગાઉ જણાવ્યા મુજબ ૨૩,૮૧૩ જેટલી પંક્તિઓમાં વિસ્તરેલા 'સાવિત્રી' મહાકાવ્યમાં શબ્દ/શબ્દસમૂહોનો વ્યાપ સ્વાભાવિક રીતે જ

મૂંઝવી કાઢનારો નિવડે. શ્રી અરવિંદે 'સાવિત્રી'માં કેટલાક ભાવોને કેપિટલ શબ્દ/શબ્દસમૂહ દ્વારા વિશિષ્ટ રીતે દર્શાવ્યા છે. 'સાવિત્રી'માં 'કેપિટલ' ધરાવતા આવા હજારો શબ્દો પ્રાપ્ત થાય છે. આ સિવાય પણ કેટલાક શબ્દ/શબ્દસમૂહ વિશેષ વિચારણા માગી લે છે. માટે પ્રસ્તુત અનુવાદમાં અર્થસંક્રમણની આ ચર્ચા આપણે (A) કેપિટલ શબ્દ/શબ્દસમૂહ અને (B) અન્ય શબ્દ/શબ્દસમૂહ એમ બેવડી ભૂમિકાએ કરવી રહી.

(A) કેપિટલ શબ્દ / શબ્દસમૂહ :-

આ તપાસ આપણે નીચે દર્શાવેલા પાંચ સંદર્ભો અનુસાર કરીશું : (૧) અર્થસીમિતતા, (૨) અર્થવિસ્તાર; (૩) અર્થપરિવર્તન; (૪) અર્થ દુર્બોધતા અને (૫) વિશિષ્ટ સંદર્ભ. આ તપાસ કરતાં પહેલાં એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે આ પાંચ માપદંડો જડબેસલાક નથી. પરંતુ તેમનું અસ્તિત્વ મેઘધનુષના રંગોના જેવું છે. કેટલેક સ્થાને એમના સીમાડાઓ પરસ્પરમાં ભળી પણ જાય છે.

(૧). અર્થસીમિતતા :-

મૂળ કૃતિનો ભાવાર્થ અનુવાદમાં પૂરેપૂરો સંક્રમણ ન પામતાં અંશતઃ જ પ્રાપ્ત થાય એને આપણે અર્થસીમિતતા તરીકે ઓળખીશું. 'સાવિત્રી'ના પ્રસ્તુત અનુવાદમાં અર્થની સીમિતતાના આવાં દૃષ્ટાંતો ઠીક ઠીક પ્રમાણમાં મળી આવે છે.

અર્થસીમિતતાનું એક નોંધપાત્ર ઉદાહરણ 'સાવિત્રી'ના આરંભમાં પ્રથમ પર્વના પ્રથમ સર્ગની પ્રથમ પંક્તિમાંથી જ જોઈએ : એ પંક્તિ આ મુજબ છે :-

It was the hour before the God's awake. (1:1)
પૃ. પં.

એનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે :
જાગે છે દેવતાઓ તે પૂર્વની એ ઘડી હતી. (૩:૧)
અહીં મૂળ કૃતિની પંક્તિમાં 'God's'માંનો 'G' કેપિટલ છે. આ દ્વારા શ્રી અરવિંદને જે વિશિષ્ટ અર્થ અભિપ્રેત છે તેનો સ્પષ્ટતા એસ.પી. પંડિત કરે છે : There is a God and gods.

God is the Supreme Reality turned towards manifestation making Itself accessible as a Person, as a Being while the Impersonal aspect is always behind. The gods are the emanations, formations put out from the Being of God for a special purpose : to fulfil his intention in this creation. Each emanation from Being of God is charged with a particular function. Each god is both a power and a personality. These gods known by different names in different claims, are the cosmic functionaries, making possible the growth of this creation in the mould of the Original intention of the creator."*[10]

'God' અને 'god'નો આ સૂક્ષ્મ વિવેક ગુજરાતી અનુવાદમાં જોવા મળતો નથી. અહીં તો 'God'નો વાચ્યાર્થ 'દેવતાઓ' (૩:૧) પ્રાપ્ત થાય છે. આમ, મૂળ કૃતિનો ભાવાર્થ અહીં સીમિતપણે સંક્રમણ પામે છે.

અર્થસીમિતતાનું બીજું સ્પષ્ટ ઉદાહરણ 'સાવિત્રી'ના પ્રથમ પર્વના બીજા સર્ગની નીચે દર્શાવેલી પંક્તિઓમાંના Inquisition (18:20) શબ્દમાં પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ આ પ્રમાણે છે:

A grey tribunal of the Ignorance, (18:19)
An Inquisition of the priests of Night
In judgement sit on the adventurer soul, (18:21)

આ પંક્તિઓનો ગુજરાતી અનુવાદ હવે જોઈએ :-

'અદાલત અવિદ્યાની ધૂમધૂમર એક છે, (૨૧:૨૩)
રાત્રિના પૂજકો જેમાં બેઠા છે ન્યાય તોળવા,
સાહસો કરતા જીવ પર કેસ ચલાવતા, (૨૧:૨૫).

અહીં 'grey tribunal of the Ignorance' (18:19) અને

'Inquisition' (૧૮:૨૦) બન્ને માટે ગુજરાતી અનુવાદમાં 'અવિદ્યાની ધૂમધૂમર અદાલત' (૨૧:૨૩) જેવો એક જ શબ્દસમૂહ પ્રાપ્ત થાય છે. 'Inquisition' (૧૮:૨૦) શબ્દ દ્વારા મધ્યકાલીન યુરોપ – ખાસ કરીને ૧૬મી સદીના સ્પેનના ખ્રિસ્તી કેથોલિક ધર્મના તપાસ પંચનો સંદર્ભ ઉઘડે છે. આવાં ધાર્મિક તપાસ પંચોમાં 'રાત્રિના પૂજકો – અજ્ઞાનીઓ –' (priests of Night) (૧૮:૨૦) સાહસ કરતા આત્માનો ન્યાય તોળવા બેઠા હોય છે, અને યેનકેન પ્રકારે એનો ગુનો સાબિત થતાં એને દેહાંત સુધીની સજા ફરમાવતા હતા. આ સમગ્ર સાંસ્કૃતિક સંદર્ભ ગુજરાતી અનુવાદમાં પ્રાપ્ત થતો નથી. અદાલતને 'અવિદ્યા'નું વિશેષણ લગાડતાં એ શબ્દ સાથેનો ભારતીય દાર્શનિક સંદર્ભ મૂળના ભાવને સંક્રમિત કરવાને બદલે આડે પાટે ચઢાવી દે છે.

આ જ પર્વના આ જ સર્ગની નીચેની પંક્તિઓમાં પ્રાપ્ત થતા 'gold Hawk' (૧૮:૩૨) શબ્દનો અનુવાદ અર્થસીમિતતાનું એક નવું પરિમાણ દર્શાવે છે. 'સાવિત્રી'માંની મૂળ પંક્તિઓ આ પ્રમાણે છે :

Thus is the throne of the Inconscient safe (૧૮:૨૯)
While the tardy coilings of the aeons pass
And the Animal browses in the sacred fence
And the gold Hawk can cross the skies no more.
(૧૮:૩૨).

આ શ્લોકનો અનુવાદ પૂજાલાલ આ મુજબ આપે છે :

'આમ અચેતની ગાદી સલામત બનેલ છે, (૩૦:૩)
ને કલ્પોના મંદ વીંટા, દરમ્યાન, પસાર થઈ જાય છે,
ને ચરી ત્યાં સુધી આતું પશુ મેધ્ય વાડામાંહ્ય પુરાવલું,
ન સ્વર્ણ શ્યેન આકાશો વીંધી ક્યાંયે ફરી સંચરણો શકે.'
(૩૦:૬).

અહીં 'gold Hawk' (૧૮:૩૨)નો અનુવાદ પૂજાલાલ 'સ્વર્ણશ્યેન' (૩૦:૬) આપે છે. પરંતુ એનો વ્યંગ્યાર્થ દર્શાવતાં એમ.પી. પંડિત

લખે છે: "Gold represents divinity, truth. Hawk is that high soaring bird, the soul. It cannot fly high, because its wings are tied in every way, its way is barred."*" આમ, સુવર્ણ દ્વારા દિવ્યતા કે સત્યની વ્યંજના અને Hawk - બાજ પક્ષી - દ્વારા થતી ઉચ્ચોચ્ચ ઉડ્ડયન કરતા આત્મારૂપી પંખીની વ્યંજના પ્રસ્તુત અનુવાદમાં પ્રાપ્ત થતી નથી.

અર્થસીમિતતાનું એક અન્ય ધ્યાનાર્હ દૃષ્ટાંત સાતમા પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિઓમાંના 'Dwarf' (488:22) શબ્દના અનુવાદરૂપે પ્રાપ્ત થાય છે:

Only if God assumes the human mind (488:20)
And puts on mortal ignorance for his cloak
And makes himself the Dwarf with triple stride,
Can he help men to grow into the God. (488:23)

આ શ્લોકનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે:

માનુષી મનને ધારે પ્રભુ પોતે જ જો અને (788: 23)
મર્ત્ય અજ્ઞાનનો છદ્મવેશ વાઘામહીં સજે,
અને વામન પોતાને બનાવી દે ત્રિવિક્રમ,
તો જ મનુષ્યને રૂપ પ્રભુનું પામવામહીં
એ સાહાય્ય કરી શકે. (788: 27)

અહીં 'Dwarf' નો અર્થ ગુજરાતી અનુવાદમાં 'વામન' (788:25) પ્રાપ્ત થાય છે. પરંતુ એ દ્વારા બલિરાજા અને ભગવાન વિષ્ણુએ વામનસ્વરૂપે ભરેલાં ત્રણ પગલાંનો આખો ભારતીય સાંસ્કૃતિક સંદર્ભ સ્ફુટ થતો નથી.

આમ, અર્થસીમિતતાની ઘટના અનુવાદમાં વિવિધ કારણોસર જોઈ શકાય છે. ક્યારેક એ દ્વારા કર્તાને અભિપ્રેત વિશિષ્ટ આધ્યાત્મિક અર્થ અનુવાદમાં સંક્રમણ પામી શકતો નથી. તો ક્યારેક મૂળ કૃતિનો સાંસ્કૃતિક સંદર્ભ અનુવાદમાં પ્રગટતો નથી. અથવા તો એનો અસ્ફુટ સંકેત જ અનુવાદ આપી શકે છે. અહીં

ચર્ચામાં લીધેલાં ઉદાહરણો અનૂદિત કૃતિમાંના આવાં અનેક ઉદાહરણોમાંનું પ્રતિનિધિત્વ જ કરે છે એ સ્પષ્ટ કરું છું.

(૨) અર્થવિસ્તાર

મૂળ કૃતિનો ભાવાર્થ અનુવાદમાં કાંઈક ઉમેરા સાથે સંક્રમિત થાય એને આપણે અર્થવિસ્તાર તરીકે ઓળખીશું. અર્થ-વિસ્તારના પણ સારાં એવાં દૃષ્ટાંતો 'સાવિત્રી'ના પ્રસ્તુત અનુવાદમાંથી પ્રાપ્ત થાય છે. છઠ્ઠા પર્વના બીજા સર્ગમાં અર્થવિસ્તાર-નું એક નોંધપાત્ર ઉદાહરણ પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ અને અનુવાદ આ પ્રમાણે છે:—

Then shall be ended here the law of Pain. (451:10)

અનુ. ત્યારે હ્યાં આવશે અંત વેદનાના ધર્મની સંહિતાતણો.
(૭૨૪:૭).

અહીં 'law of Pain' (451:10) નો અનુવાદ 'વેદનાના ધર્મની સંહિતા' (૭૨૪:૭) પ્રાપ્ત થાય છે. law માટે 'ધર્મની સંહિતા' જેવા શબ્દમાં મૂળ અર્થનું વિસ્તરણ થતું જોઈ શકાય છે.

એ જ રીતે સાતમા પર્વના છઠ્ઠા સર્ગનું એક દૃષ્ટાંત જોઈએ.

Thus for a while she trod the Golden Path;
This was the Sun before abysmal Night. (533:34)

આ શ્લોકનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે:

'આ પ્રમાણે મુહૂર્તેક ચાલી એહ સુવર્ણ પથની પરે;
અગાધ ઘોર અંધારી રાત્રિ કેરી પૂર્વનો સૂર્ય આ હતો. (૮૭૧:૨૪)

અહીં 'absymal Night' (533:34) માટે પૂજાલાલ 'અગાધ ઘોર અંધારી રાત્રિ' (૮૭૧:૨૪) અનુવાદ આપે છે. 'absymal' અહીં 'Night'ના વિશેષણરૂપે પ્રયોજાયું છે. એનો ભાવ ગુજરાતીમાં સંક્રમિત કરવામાં 'અગાધ', 'ઘોર' અને 'અંધારી' એમ ત્રણ વિશેષણો પ્રયોજાયાં છે. આમ અહીં મૂળ અર્થનો વિસ્તાર થતો પ્રમાણી શકાય છે.

એ જ રીતે પ્રથમ પર્વના ચોથા સર્ગની નીચેની પંક્તિઓમાં અર્થવિસ્તારનું ધ્યાનપાત્ર દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે :

The Absolute, the Perfect, the Alone (67 : 6)
Has called out of the Silence his mute Force
Where she lay in the featureless and formless hush
Guarding from Time by her immobile sleep
The ineffable puissance of his solitude. (67:10)

ઉપર્યુક્ત શ્લોકનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે :

કેવલાત્મા, પૂર્ણરૂપ એક ને અદ્વિતીય એ ; (૧૦૧:૧૨)
મૌન કેરા મહાલયે
પોઢેલી જે હતી ચૂપ રૂપલક્ષણહીનમાં,
નિજ નિશ્ચલ નિદ્રાથી એની એકાંતતાતણા
અનિવાર્ય પ્રભાવને
કાળથી રક્ષતી'તી જે તે મૂક નિજ શક્તિને
બોલાવીને બ્હાર એણે આવિર્ભૂત કરેલ છે. (૧૦૧:૧૮)

અહીં 'Silence'નો અર્થ 'મૌન કેરું મહાલય' કરવામાં આવ્યો છે. સામાન્ય રીતે Silence માં 'મહાલય'નો ભાવ અભિપ્રેત હોતો નથી. આમ, અહીં અર્થવિસ્તારની પ્રક્રિયા જોઈ શકાય છે.

એ જ રીતે બીજા પર્વના ચોથા સર્ગના Power (135:25) માટે પ્રયોજાયેલા 'જીવનશક્તિ' (૨૦૪:૩) અનુવાદમાં આવી જ અર્થવિસ્તારની પ્રક્રિયા જોઈ શકાય છે. પરંતુ વિસ્તારભયે તેની વિગતે વિચારણા કરી નથી.

(3) અર્થપરિવર્તન:

મૂળ કૃતિનો શબ્દાર્થ અનુવાદની પ્રક્રિયામાં પરિવર્તિત થઈ જતો જોવા મળે એને આપણે અર્થપરિવર્તન કહીશું. એનું એક નોંધપાત્ર દૃષ્ટાંત બીજા પર્વના પાંચમા સર્ગની નીચેની પંક્તિઓમાં જોવા મળે છે :

Captured the mystic Morse whose measured lilt
Transmits the messages of the cosmic Force. (167:2,3)

પૂજાલાલ એનો ગુજરાતી અનુવાદ આ મુજબ આપે છે :

> 'પકડી લો ગૂઢ સંકેતાક્ષરો એ, જેના લહેકતા લાદે
> પસાર થાય સંદેશા વિશ્વે કાર્ય કરી રહેલ શક્તિના. (૨૪૪ : ૨૩,૨૪)

ગુજરાતીમાં mystic morse (૧૬૨ : ૨) નો અનુવાદ 'ગૂઢ સંકેતાક્ષરો' (૨૪૪ : ૨૩) કરવામાં આવ્યો છે. morse નો શબ્દકોશગત અર્થ : 'તાર કે સંદેશા મોકલવામાં વપરાતી મોર્સ (નામના વૈજ્ઞાનિકે) શોધી કાઢેલી સાંકેતિક લિપિ'[12] થાય છે. ગુજરાતી અનુવાદમાં આ સંદર્ભ લુપ્ત થયેલો જોવા મળે છે. પરંતુ એ પાછળનો મૂળ ભાવાર્થ ગુજરાતી અનુવાદમાં જળવાયેલો જોવા મળે છે.

અર્થપરિવર્તનનું બીજું નોંધપાત્ર દૃષ્ટાંત છઠ્ઠા પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિઓમાં જોવા મળે છે :

> O Soul, intruder in Nature's ignorance, (458 : 34).

એનો ગુજરાતી અનુવાદ હવે જોઈએ :

> 'અજ્ઞાનમાં અવિદ્યાના ઘૂસી આવેલ, આત્મ હે ! (૭૩૪ : ૨૩).

અહીં 'Nature's ignorance' (458 : 34) નો ગુજરાતી અનુવાદ 'અવિદ્યાનું અજ્ઞાન' (૭૩૪ : ૨૩) પ્રાપ્ત થાય છે. Nature માટે પ્રયોજાયેલ 'અવિદ્યા' શબ્દ તેની સાથે સંકળાયેલા ભારતીય દર્શનશાસ્ત્રના સંદર્ભને લીધે અર્થમાં પરિવર્તન દર્શાવે છે. અહીં એ નોંધવું જોઈએ કે 'સાવિત્રી'ના અનુવાદમાં પૂજાલાલે Ignorance અને Nescience શબ્દો માટે ઘણીવાર 'અવિદ્યા' શબ્દનો પ્રયોગ કર્યો છે. ઉદાહરણ તરીકે :

> Ignorance (૨ : ૩) અવિદ્યા (૪ : ૧૨).
> Nescience (૬૪ : ૨૪) અવિદ્યા (૯૭ : ૧૪).

આ મુદ્દાની વિગતે ચર્ચા આગળ યથાસ્થાને કરીશું. અહીં તો 'અવિદ્યા' શબ્દનો પ્રયોગ Nature જેવા શબ્દ માટે કર્યો છે એટલું જ નોંધવું છે.

આ જ રીતે અગિયારમા પર્વના પ્રથમ સર્ગમાં 'long romance of Thee and me' (૬૯૧ : ૨૩) માટે 'તારી અને મારી લાંબી આખ્યાયિકા' (૧૧૪૧ : ૭), બીજા પર્વના બારમા સર્ગમાં 'deathless Flame'

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે:

'કેમકે આપણે છીએ તત્ સ્વરૂપે
ને તત્‌માંથી આવવું આપણું થયું,' (૭૧૦:૧૩,૧૪)

અહીં 'That' માટે ગુજરાતીમાં 'તત્' અનુવાદ થયો છે. એને દેવનાગરી લિપિમાં અનુવાદકે દર્શાવીને એ દ્વારા પોતાને વિશેષ અર્થ અભિપ્રેત છે એમ સૂચવ્યું તો છે. પરંતુ એ અર્થ ક્યાંય સ્ફુટ થતો નથી. એટલે અસ્ફુટતાની ભ્રાંતિમાં પહોંચી જતી અર્થલાઘવતા પણ દુર્બોધતામાં પરિણમે છે.

આ જ છઠ્ઠા પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિમાં સાંસ્કૃતિક સંદર્ભ અસ્પષ્ટ રહેવાથી દુર્બોધતા પ્રગટે છે. Centaur's Shirt (447:3) શબ્દના અનુવાદમાં આ રીતે એ જોઈ શકાય છે:

'He wears the blood-glued fiery Centaur's Shirt.'
(447:3)

એનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે:
'પહેરણ પહેરે એ રક્ત-લિપ્ત પ્રચંડ માનવાશ્વનું.' (૭૧૮:૪)

મૂળ કૃતિમાં પ્રયોજાયેલ Centaur વિશિષ્ટ ગ્રીક પૌરાણિક સંદર્ભ ધરાવે છે. ગ્રીક પુરાણમાં Centaur એ અર્ધપશુ અને અર્ધમાનવ જેવું પ્રાણીના કામાવેગનું પ્રતીક છે.*[14] એનો અનુવાદ પૂજાલાલ 'પ્રચંડ માનવાશ્વ' (૭૧૮:૪) કરે છે. અહીં મૂળ સંદર્ભ સ્ફુટ ન થતાં દુર્બોધતા સર્જાય છે.

અસ્ફુટ સાંસ્કૃતિક સંદર્ભોને પરિણામે પ્રગટેલી દુર્બોધતાના નોંધપાત્ર દૃષ્ટાંતો અગિયારમા પર્વના પહેલા સર્ગમાં પણ પ્રાપ્ત થાય છે. જેમકે Circean isles (675:7) : સર્સની દ્વીપમાલ (૧૧૧૬:૧૭)

Siren Wonder (675:9) : નૃવિહંગી (૧૧૧૬:૧૯)

ઉપર્યુક્ત બન્ને શબ્દો સાથેના ગ્રીક પુરાણકથાના સંદર્ભો અસ્ફુટ રહેવાથી દુર્બોધતા પ્રગટી છે. એ દૂર કરવા માટે પાદટીપમાં એ અંગે મિતાક્ષરી નિર્દેશ જરૂરી બની રહે છે.

આમ, અનુવાદકના શબ્દ-ચયનમાં રહેલી અસહજ સંસ્કૃતાઢ્યતા, અર્થલાઘવ, અસ્ફુટ સાંસ્કૃતિક સંદર્ભો વગેરેને પરિણામે અનુવાદમાં

અર્થની દુર્બોધતા જોવા મળે છે.

(૫) વિશિષ્ટ અર્થસંદર્ભ :

મૂળકૃતિમાં પ્રયોજાયેલા શબ્દાર્થ માટે અનુવાદક જે શબ્દાર્થ પ્રયોજે તે કલાત્મક, વિશિષ્ટ સંદર્ભ ધરાવતો હોય, અને પરિણામે પ્રાસાદિકતા પ્રગટતી હોય એને આપણે વિશિષ્ટ અર્થસંદર્ભ ધરાવતો શબ્દ/શબ્દસમૂહ કહીશું. એનું એક સુંદર ઉદાહરણ પ્રથમ પર્વના પાંચમા સર્ગમાં પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ આ પ્રમાણે છે:

'There is the Book of Being's index page' (74:23)

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે:

'સંભૂતિ-ગ્રંથનું તેમાં પાનું સાંકળિયાતણું, (113:22).

અહીં 'The Book of Being' (74:23) માટેનો અનુવાદ 'સંભૂતિ ગ્રંથ' (113:22) નોંધપાત્ર છે. 'The Book of Being' નો વ્યાખ્યાર્થ એમ. પી. પંડિત આ મુજબ જણાવે છે: 'The entire movement of the Becoming, the creation, is recorded in the Book of Being and here also is the index of the contents of the Book, facilitating easy reference.'*15

આ માટે પ્રયોજાયેલ 'સંભૂતિ' શબ્દનો કોશગત અર્થ નીચે મુજબ પ્રાપ્ત થાય છે:

સંભૂતિ. સ્ત્રી. [સં] જન્મ, ઉત્પત્તિ : (૨) શક્યતા, સંભવ (૩) પરમાત્માનું એક ઐશ્વર્ય.*16

'The Book of Being' (74:23) માટે પ્રયોજાયેલો આ 'સંભૂતિ ગ્રંથ' (113:22) શબ્દ ઉપર્યુક્ત સંદર્ભોમાં સુસંગત લાગે છે. આ શબ્દ અનુવાદકની અલૌકિક પ્રતિભાના પરિસ્પંદરૂપે પ્રગટ્યો હોય એમ લાગે છે.

એ જ રીતે નવમા પર્વના બીજા સર્ગમાં 'Wanderer' (595:11) શબ્દ માટે પણ વિશિષ્ટ ભાવસંદર્ભ ધરાવતો શબ્દ પ્રયોજાયેલો જોઈ શકાય છે. એનો મૂળ સંદર્ભ આ મુજબ છે :

Once more a wanderer in the unending Night, (595:11)
Blindly forbidden by dead vacant eyes,
She travelled through the dumb unhoping vasts. (595:13)

આ શ્લોકનો ગુજરાતી અનુવાદ હવે જોઈએ:

એકવાર ફરી અંતરહિતા રાત્રિની મહીં (966:7)
પરિવ્રાજક એ બની
મૃત ને રિક્ત નેત્રોનો અંધ નિષેધ પામતી,
મૂગા નિરાશ વિસ્તારોમહીં એણે નિજ યાત્રા શરૂ કરી. (966:10)

અહીં 'wanderer' (595:11)નો ગુજરાતી અનુવાદ 'પરિવ્રાજક' (966:8) કરવામાં આવ્યો છે. આ શબ્દ સાથેના સંન્યાસી, વિરક્ત કે વૈરાગી, યતિના અધ્યાસો 'wanderer' (595:11) શબ્દને આગવા અર્થપરિમાણમાં મૂકી આપે છે. આમ, 'wanderer' (595:11) શબ્દ દ્વારા શ્રી અરવિંદને જે અર્થ અભિપ્રેત છે એનું અશેષ સંક્રમણ 'પરિવ્રાજક' (966:8) શબ્દ દ્વારા થાય છે એ નોંધવું રહ્યું.

એ જ રીતે દશમા પર્વના ત્રીજા સર્ગમાં પ્રયોજાયેલ 'Truth's veilless face' (622:34) શબ્દનો અર્થ ગુજરાતીમાં 'સત્યનું ઘૂંઘટવગરનું મુખ' (1020:5) પ્રાપ્ત થાય છે. veil નો શબ્દકોશગત અર્થ : 'પડદો, બુરખો; આડો પડદો, આંતરો; આડ, બહાનું; છદ્મવેશ'[*17] પ્રાપ્ત થાય છે. પરંતુ એના માટે અહીં પ્રયોજાયેલ 'ઘૂંઘટ' શબ્દમાં ભારતીય નારીનો સાડી માથે ઓઢી મોઢું ઢંકાઈ જાય એ રીતે લાજ કાઢવાનો જે સંદર્ભ પ્રગટે છે તે મૂળ કૃતિના અર્થને એક નવું અપ્રાસંગિક આયામ અર્પે છે.

પ્રથમ પર્વના પાંચમા સર્ગમાં 'mighty mother's game' (60:26) માટે 'મહાશક્તિમતી માની લીલા' (91:9), ચોથા પર્વના ત્રીજા સર્ગમાં 'great Illusion' (371:25) માટે પ્રયોજાયેલ 'મહામાયા' (588:21) અને સાતમા પર્વના પાંચમા સર્ગમાં 'Word' (525:20) માટે પ્રયોજાયેલ 'સરસ્વતી' (852:12) જેવા શબ્દો વિશિષ્ટ ભારતીય

સંદર્ભો ધરાવે છે. અહીં 'Drame' માટે 'લીલા' અને 'Illusion' માટે 'માયા'ના વેદાન્તિક સંદર્ભો નોંધપાત્ર છે. પરંતુ વિસ્તારભયે એની સૂક્ષ્મ વિચારણા કરી નથી.

<u>અર્થસંક્રમણ માટેની પ્રયુક્તિઓ :</u>

અનુવાદક અર્થસંક્રમણ માટે શબ્દ/શબ્દસમૂહની ભૂમિકાએ વિવિધ પ્રયુક્તિઓ પ્રયોજે છે, એનો કિંચિત્ વિચાર કરીએ. આવી પ્રયુક્તિમાં સાંસ્કૃતિક સંદર્ભ ધરાવતા અન્ય સંસ્કૃતિઓના શબ્દોનું ભારતીય સાંસ્કૃતિક સંદર્ભ ધરાવતા શબ્દોમાં રૂપાંતરણ અને મૂળ શબ્દાર્થના અનુવાદ માટે વેદાન્તના પારિભાષિક શબ્દોનો દેવનાગરી લિપિમાં વિનિયોગ મુખ્ય છે. સૌપ્રથમ આપણે સાંસ્કૃતિક રૂપાંતરણના પ્રશ્નની ચર્ચા કરીએ :

<u>(અ) સાંસ્કૃતિક રૂપાંતરણ :</u>

'સાવિત્રી'માં શ્રી અરવિંદે વ્યાપક રીતે જોતાં યુરોપિયન અને વિશેષરૂપે જોતાં ગ્રીક સંસ્કૃતિના અનેક સંદર્ભો પ્રયોજ્યા છે. ગુજરાતી ભાષાના ભાવક માટે એ તમામ સંદર્ભો પરિચિત ન હોય એ સમજી શકાય એમ છે. માટે અનુવાદકો આવા સંદર્ભોમાંના કેટલાકનું ભારતીય સંદર્ભોમાં રૂપાંતરણ કરી એને પ્રાસાદિક બનાવવાની ચેષ્ટા કરતા હોય છે.

'સાવિત્રી'ના અનુવાદોમાંના આવાં સાંસ્કૃતિક રૂપાંતરણો એક સ્વતંત્ર અભ્યાસનો વિષય બની રહે છે. એનો વિગતે અભ્યાસ કરવો પ્રસ્તુત મહાનિબંધમાં શક્ય નથી. પરંતુ અત્રે એનો અછડતો નિર્દેશ કરવામાં આવ્યો છે. અને આવાં રૂપાંતરણો કરવા જતાં કૃતિના મૂળ અર્થના સંક્રમણનો હેતુ કેટલે અંશે સિદ્ધ થાય છે એનો સહેજ સંકેતમાત્ર કરીને સંતોષ માન્યો છે.

'સાવિત્રી'ના પ્રથમ પર્વના પાંચમા સર્ગમાં 'Herculean toil' (75:17) શબ્દ પ્રયોજાયેલો છે. એ માટે પૂજાલાલે ભીમ-ભગીરથ કાર્ય (114:7) શબ્દપ્રયોગ કર્યો છે. હરક્યુલસ ટ્રોયના યુદ્ધ પૂર્વેનો ગ્રીસનો અત્યંત વિખ્યાત વીર નાયક છે. Hercules એ ગ્રીક નામ Heracles નું રોમન રૂપાંતરણ છે. તે ગ્રીકોના દેવતા ઝિયુસનો પુત્ર છે. ઝિયુસ દ્વારા એને બાર અશક્યવત્

કાર્યો સોંપાય છે. એને તે દેવોની લેશ પણ સહાય વગર પૂરાં કરે છે. એમાં એનો મહિમા રહેલો છે. એ જ રીતે ભારતીય સંસ્કૃતિમાં ગંગાનું સ્વર્ગમાંથી પૃથ્વી પર અવતરણ કરવાના અશક્યવત્ કાર્ય સિદ્ધ કરવા માટે સગર રાજાનો પૌત્ર ભગીરથ જાણીતો છે. આમ, ગ્રીક અને ભારતીય આ બે સંસ્કૃતિઓમાં આ બન્ને નાયકોની તુલના રસપ્રદ છે. 'સાવિત્રી'માં દેવોના વિરોધનો નિયમ તથા અવિભાજ્ય વિરોધી દ્વંદ્વોની પરંપરાનો અમલ કરાવવાનું પ્રકૃતિએ સ્વીકારેલું જે અશક્યવત્ કાર્ય છે એ માટે શ્રી અરવિંદે Herculean toil (75:17) શબ્દનો પ્રયોગ કર્યો છે. પૂજાલાલ એ માટે 'ભીમ ભગીરથ કાર્ય' (114:17) શબ્દ પ્રયોજે છે, એ સુસંગત લાગે છે. એનાથી મૂળ અર્થ પૂરેપૂરો સંક્રમણ પામે છે એ નોંધવું રહ્યું.

'સાવિત્રી'ના પ્રથમ પર્વના એ જ પાંચમા સર્ગમાં એક બીજો ગ્રીક સંદર્ભ પ્રાપ્ત થાય છે: 'Circean wonderland' (86:33). આ માટે ગુજરાતીમાં 'આશ્ચર્યોનો કામરૂ દેશ' (130:8) અનુવાદ કરવામાં આવ્યો છે. સર્સી હોમરના મહાકાવ્ય 'ઓડિસી'માં વર્ણવાયેલી ગ્રીક પુરાકથાની વિખ્યાત જાદુગરણ છે. તે સૂર્યદેવતા હેલિઓસની પુત્રી છે. ઓડિસ્યુસ ટ્રોયથી પોતાના નગર ઈથાકા જતો હોય છે ત્યારે પ્રારબ્ધયોગે સર્સીના ટાપુ (land of Laestrygonians) પહોંચે છે. અત્યંત સ્વરૂપવાન એવી સર્સી ઓડિસ્યુસના અનેક સાથીઓને મોહક સંગીત દ્વારા આકર્ષી લઈને એમને બંદી બનાવી પ્રાણીઓમાં ફેરવી કાઢતી હોય છે. જો કે ઓડિસ્યુસ પર તેનું કામણ ચાલતું નથી. પરંતુ ઓડિસ્યુસ લાંબા સમય સુધી એનો મહેમાન બને છે. આવો જ જાદુભર્યો દેશ ભારતીય સંસ્કૃતિમાં કામરૂ (હાલનું આસામ) ગણાય છે. પ્રાચીન કાળમાં ત્યાં જાદુગરણોનું રાજ્ય ચાલતું હોય છે. આ જાદુગરણ સ્ત્રીઓ પણ મનુષ્યોને આકર્ષીને એમને પશુપંખીમાં પલટી કાઢતી હોય છે. આમ, આ બે પુરાકથા-પ્રદેશોની તુલના રસપ્રદ છે. સાવિત્રીનો તપસ્વી પિતા અશ્વપતિ જડતત્ત્વ અને મનની મર્યાદાઓ વટાવીને અપાર્થિવ ભૂમિકાઓની સરહદ

પરના સામર્થ્યના અમોઘ મહિમાવાળા પ્રદેશોમાં પહોંચે છે. આ પ્રદેશોને શ્રી અરવિંદ (Circean wonderland (૮૯:૨૨) તરીકે ઓળખાવે છે. એ માટેનો પૂજાલાલનો અનુવાદ આશ્ચર્યોનો કામરૂદેશ સુસંગત લાગે છે.

પરંતુ દરવખતે આવાં સાંસ્કૃતિક રૂપાંતરણો અર્થ સાધક નીવડતાં નથી. ક્યારેક તે અત્યાસી સાદૃશ્ય ધરાવતાં હોય એવું પણ લાગે છે. આવું સાદૃશ્ય પ્રથમ દૃષ્ટિએ ઊંડીનો સ્વાંગ વળગે છે પરંતુ એના અંગે સહેજ પછાત વિચાર કરતાં એમાં રહેલા આંતરવિરોધો આપણા ધ્યાનમાં આવતા હોય છે. એનું સૌથી નોંધપાત્ર દૃષ્ટાંત આપણને દશમા પર્વના ત્રીજા સર્ગમાં પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ આ પ્રમાણે છે:

> It makes a cloud of the interpreting mind,
> And intercepts the oracles of the Sun.'
> (૬૨૬ : ૨૬, ૨૭)

આનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે:

> 'વ્યાખ્યાન મન કેરું એ રચે છે એક વાદળું
> ને વચ્ચે અવરોધે છે વેદવચન સૂર્યનાં'
> (૧૦૨૫: ૬,૭)

અહીં 'oracles' (૬૨૬:૨૭) માટે 'વેદવચન' (૧૦૨૫:૭) શબ્દ પ્રયોજાયેલો છે તે ધ્યાનાર્હ છે.

દશમા પર્વના આ ત્રીજા સર્ગમાં સાવિત્રી અને યમ વચ્ચે જે સંઘર્ષપૂર્ણ વાદવિવાદ થાય છે એમાં મનુષ્યની તર્કશક્તિની મર્યાદા દર્શાવતાં સાવિત્રી યમને કહે છે કે મનુષ્યની તર્કબુદ્ધિ વ્યાખ્યા કરતા મનનું એક વાદળું રચીને સૂર્યના વેદવચન (oracles of the sun) ને અવરોધે છે.

'ઓરેકલ' પ્રાચીન ગ્રીક સંસ્કૃતિ સાથે સંકળાયેલ દેવવાણી, દેવતાનો જવાબ કે દૈવી સાક્ષાત્કાર છે. પ્રાચીન કાળમાં ગ્રીક લોકો પોતાને મૂંઝવતા સવાલો દેવોના નિવાસસ્થાન એવા ઓલિમ્પસ પર્વત પરના ડેલ્ફીના

દેવાલયોમાં દેવદર્શિનીઓ - સાંસારિક જીવનનો ત્યાગ કરીને દેવોને જ સમર્પિત થયેલી સ્ત્રીઓ-ને પૂછતા. ચોક્કસ ધાર્મિક વિધિઓ બાદ તે સ્ત્રીઓ વિશિષ્ટ ચૈતસિક સ્થિતિ પ્રાપ્ત કરતાં અસંબદ્ધ વિધાનો કરતી, એનું અર્થઘટન પૂજારીઓ કરતા. ગ્રીકોની ધાર્મિક માન્યતા હતી કે આ રીતે દેવો મનુષ્યોને માર્ગદર્શન કરે છે.

પૂજાલાલે પ્રસ્તુત સંદર્ભમાં આ 'ઓરેકલ'ને 'વેદવચન' સાથે સરખાવ્યાં છે. વેદવચનોને તો અપૌરુષેય માનવ માં આવ્યા છે. પ્રાચીન કાળમાં ઋષિઓને પરમ સત્યનો જે સાક્ષાત્કાર થયેલો તેના તે અર્થગર્ભ, કાવ્યાત્મક ઉદ્‌ગારો છે. મનુષ્યની પ્રજ્ઞાના તે અત્યંત ગૂઢ વચનો છે. એને 'ઓરેકલ' સાથે સરખાવી ન શકાય.

આવું જ બીજું ઉદાહરણ Sphinx (૧૯૧:૩૧) નું છે. 'સાવિત્રી'ના બીજા પર્વના છઠ્ઠા સર્ગમાં એનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. અશ્વપતિ મનુષ્યમનના પ્રતિનિધિરૂપે ચેતનાની વિવિધ ભૂમિકાઓના જે પ્રદેશોની યાત્રા કરે છે એમાં એ વિશાળતર પ્રાણના રાજ્યો (Kingdoms of the Greater Life) માં પહોંચે છે. અહીં એને એક અવગુંઠિત નિર્વાસિત શક્તિનો ભેટો થાય છે. એ અંગે શ્રી અરવિંદ કહે છે:

> Always he met a veiled and seeking Force, (191:29)
> An exiled goddess building mimic heavens,
> A sphinx whose eyes look up to a hidden sun.
> (191:31)

ઉપર્યુક્ત શ્લોકનો અનુવાદ પૂજાલાલ આ મુજબ આપે છે:

> સામે સદા મળી એને શક્તિ એક શોધતી અવગુંઠિત,
> દેશપાર કરાયેલી દેવી સ્વર્ગો નકલી રચતી જતી, (૨૯૧:૧૭)
> નારસિંહી મૂર્તિ એક
> આંખો જેની ગુપ્ત સૂર્ય પ્રત્યે ઊંચે નિહાળતી. (૨૯૧:૨૦)

આ શક્તિને શ્રી અરવિંદ 'સાવિત્રી'માં 'Sphinx' (૧૯૧:૩૧) કહે છે. એનો અનુવાદ પૂજાલાલ 'નારસિંહી મૂર્તિ' (૨૯૧:૧૯) આપે છે.

સ્ફીંક્સ એ ગ્રીક પુરાણકથાનો સ્ત્રીનું માથું અને સિંહના શરીરવાળો પાંખવાળો રાક્ષસ છે. એનો બીજો અર્થ : 'પુરુષ, ઘેટો ઇ.નું માથું અને સૂતા સિંહની પ્રાચીન મિસરની આકૃતિ એવો પણ મળે છે. આ સ્ફીંક્સ નગર બહાર રહેતો હોય છે અને યાત્રીઓને કૂટ પ્રશ્નો પૂછતો હોય છે. યાત્રી જો એને જવાબ ન આપે તો એનો નાશ કરતો હોય છે.

આ સ્ફીંક્સનો 'નારસિંહી મૂર્તિ' અનુવાદ ચિંત્ય છે. નારસિંહી મૂર્તિનો અર્થ આપણાં ભારતીય પુરાણકથાઓ મુજબ ભક્ત પ્રહ્લાદને એના રાક્ષસ-પિતા હિરણ્યકશ્યપુની ચુંગાલમાંથી બચાવનાર નરસિંહ અવતાર ધારણ કરતા ભગવાન વિષ્ણુ કરવા જઈએ તો આપણી મુશ્કેલીમાં એ વધારો કરશે.
હવે જો અહીં આપણે 'નારસિંહ' શબ્દને એના વાચ્યાર્થમાં જ લેવા જઈએ તો મૂળ કૃતિનો પૂરો સંદર્ભ ઉઘડતો નથી. તેનો અર્થ દુર્બોધ બની રહે છે.

સાંસ્કૃતિક રૂપાંતરણના બીજા ચાર દૃષ્ટાંતોના માત્ર નિર્દેશો જ અત્રે પ્રસ્તુત છે:

પર્વ	સર્ગ.	શબ્દ. સંદર્ભ.	અનૂદિત અર્થ. સંદર્ભ.
૨	૪	Muse (141:32)	મહાસરસ્વતી. (૨૧૨:૨૩).
૨	૫	Life's comedy (163:13).	'જીંદગીનો ભાગ ' નાટ્યપ્રયોગ' (૨૪6:૨૧)
૨	૮	Te Deums (૩૨૪:35)	મહિમ્નનું સ્તોત્ર. (350:૨૨).
૩	૧	centaur's song (419:36)	કિન્નરસ્વર. (674:5).

આવાં દૃષ્ટાંતો અર્થસંક્રમણ સંદર્ભે અનેક પ્રાપ્ત થાય છે. આ સાંસ્કૃતિક રૂપાંતરણમાં અનુવાદકની સજ્જતા અને સર્જકતા બન્નેની અહીં કસોટી થાય છે.

(બ). સંસ્કૃત શબ્દોનો દેવનાગરી લિપિમાં વિનિયોગ:

અર્થસંક્રમણ માટે અનુવાદક ક્યારેક મૂળ સંસ્કૃત વેદાન્તિક પરિભાષાને દેવનાગરી લિપિમાં જ પ્રયોજવાનું વલણ

દાખવે છે. કેપિટલ શબ્દ/શબ્દસમૂહને સ્પર્શો છે ત્યાં સુધી 'સાવિત્રી'માંથી આવાં વાસેંક દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે. એમાં નીચે દર્શાવેલા મુખ્ય છે :

પર્વ	સર્ગ	મૂળ શબ્દ. સંદર્ભ.	અનૂદિત શબ્દ. સંદર્ભ.
૧	૩	Same (31:1)	एक एव (50:5).
૧	૪	One (90:22)	एक एव (93:14-15).
૨	૬	Veiled Reality (176:12)	तत् सत् રહેલું ગુંઠન (269:6).
૭	૬	That (549:11)	तत् (893:8).
૭	૭	Being (552:24)	सत् (901.6)
૮	૨	Alone (593:1)	एक एव (963:4)
૮	૨	He (593:2)	सोऽहम् (963:5)
૧૦	૩	Unique (625:10)	अद्वितीय (1023:4)
૧૦	૪	Absolute (657:8)	केवल (1079:27)

ઉપર્યુક્ત શબ્દો 'સાવિત્રી'માં અભિપ્રેત મૂળ અર્થને અનુવાદમાં કેટલે અંશે વ્યંજિત કરે છે તે સ્વતંત્ર અભ્યાસનો વિષય બને એમ છે. એનો આટલો નિર્દેશ કરીને જ સંતોષ માનવો રહ્યો.

અર્થસંક્રમણમાં પડતી મુશ્કેલીઓ :

એક જ શબ્દ એક કરતાં વધારે સ્થાનોએ પ્રયોજાય ત્યારે એની વિવિધ અર્થછટાઓ પ્રાપ્ત થતી હોય છે. એનું અધ્યયન પણ રસપ્રદ બની રહે છે. એકાદ-બે દૃષ્ટાંતો દ્વારા આ પ્રશ્નને સમજવા આપણે પ્રયત્ન કરીએ.

'સાવિત્રી' મહાકાવ્યના પ્રથમ પર્વના, પ્રથમ સર્ગની પ્રથમ પંક્તિમાં આવતા 'God' (1:1) શબ્દના અનુવાદરૂપે 'દેવતાઓ' (3:1) શબ્દ પ્રયોજાયેલો છે. કેપિટલ લેટરમાં 'God' શબ્દ 'સાવિત્રી'માં અન્યત્ર પણ વ્યાપક પ્રમાણમાં પ્રયોજાયેલો જોવા મળે છે. એ માટે પ્રાપ્ત થતા ગુજરાતી અનુવાદો જોઈએ. અહીં સામાન્ય રીતે અનૂદિત શબ્દ અનુવાદમાં પ્રથમ વાર જ્યાં પ્રયોજાયો છે એ સંદર્ભનો નિર્દેશ કર્યો છે. આવા અનૂદિત શબ્દોની વિવિધ અર્થચ્છાયાઓ આપણે જોઈએ–

પર્વ/સર્ગ		મૂળ શબ્દ	સંદર્ભ	અનૂદિત શબ્દ	સંદર્ભ
1.	1.	God.	(3:11)	પ્રભુ	(6:6)
1.	3.	"	(૨3:૭)	પરમેશ	(3૭:૨6)
1.	3.	"	(૨4:૨૧)	પરમાત્મા	(40:5)
1.	3.	"	(૨8:4)	ઈશ.	(44:૨૭)
1.	3.	"	(3૨:15)	ઈશ્વર	(50:૨૧-૨૨)
1.	5	"	(76:33)	બ્રહ્મ	(116:૨0)
1.	5	"	(૭૭:1)	શ્રી પ્રભુ	(116:૨4)
૨	6.	"	(185:1૨)	શુભ.	(૨81:૨1)
૨.	10.	"	(૨44:1૨)	ભગવાન.	(3૭8:૨1)
3	3	"	(31૧:૧)	વિભુ	(4૧8:૨૨)
4.	1	"	(346:18)	મહેશ	(550:૨0)
7	5	"	(5૨૧:36)	પરમદેવ	(858:17)
10	3	"	(6૧3:18)	વિશ્વનાથ.	(1141:૧)

'God' શબ્દનો શ્રી અરવિંદનો અભિપ્રેત અર્થ અગાઉ દર્શાવ્યો હોવાથી આપણને પરિચિત છે. અહીં 'God' ('G'-કેપિટલ) માટે એકંદરે 'પરમાત્મા' (40:5); 'ઈશ્વર (50:૨૧-૨૨); બ્રહ્મ (116:૨0); 'ભગવાન' (3૭8:૨૧) જેવા શબ્દો પ્રયોજાયા છે. તો બીજી બાજુ 'શુભ' (૨81:૨1) અને 'વિશ્વનાથ' (1141:૧) જેવા શબ્દો પણ પ્રયોજાયા છે. વેદાન્ત પ્રમાણે 'પરમાત્મા' એટલે પરબ્રહ્મ. 'ઈશ્વર' એટલે જેની હકુમત સમગ્ર દષ્ટ અદષ્ટ વિશ્વ ઉપર ચાલે છે તે પ્રભુ. જગતની ઉત્પત્તિ-સ્થિતિ-લય તથા ભૂતમાત્રના કર્મફલભોગનું નિયમન કરનાર પરમેશ્વર. અને જે સર્વથી વધેલું, મહાન, સર્વને વ્યાપનાર, સર્વમાં વ્યાપક છે તે, આત્મતત્વ એટલે બ્રહ્મ. એ પરમ ચૈતન્ય છે. પરમ આત્મા, વિભુ છે. એના વડે સર્વ કંઈ છે, જણાય છે. અને એ મનવાણીને અગોચર તત્વ છે. એ સર્વનું છેવટનું મૂળ સ્વરૂપ છે, એના પછી બીજું કશું હોઈ શકે નહિ. અને ભગવાન એટલે સમગ્ર ઐશ્વર્ય, ધર્મ, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય આ છ ભગ જેનામાં છે તે. આમ, પરસ્પરના પર્યાય તરીકે પ્રસ્તુત અનુવાદમાં પ્રયોજાયેલા ઉપર્યુક્ત શબ્દો અલગ અલગ

સૂક્ષ્મ અર્થ છટાઓ ધરાવે છે. શુભ એટલે સારું અને વિશ્વનાથ એટલે વિશ્વનો નાથ, અધિપતિ. અહીં પણ અર્થછટાઓ જુદી છે એ સમજાય છે.

કેપિટલ 'God' માટે પ્રયોજાયેલા 'ભગવાન' (378:21), 'પ્રભુ' (6:6), 'પરમાત્મા' (40:5), 'પરમેશ' (37:26) જેવા શબ્દો કેપિટલ 'Divine', 'Absolute' જેવા શબ્દો માટે પણ પ્રયોજાયા છે. આપણે એમનાં થોડાં દૃષ્ટાંતો જોઈએ:

પર્વ/સર્ગ		મૂળ શબ્દ	સંદર્ભ	અનૂદિત શબ્દ	સંદર્ભ
4	2	Divine	(360:35)	ભગવાન.	(569:8)
7	2	Divine	(479:31)	પ્રભુ.	(772:1)
10	3	Divine	(624:27)	પરમાત્મ.	(1022:13)
11	1	Absolute	(671:7)	પરમેશ	(1111:8)

શ્રી અરવિંદની વિચારધારા અનુસાર 'Divine' શબ્દનો વિશેષ અર્થ દર્શાવતાં એમ. પી. પંડિત લખે છે: 'The Divine is that from which all comes, in which all lives. In its Supreme Truth, the Divine is absolute and infinite peace, consciousness, existence, power and Anand.'*[18]

આ જ રીતે 'Absolute' શબ્દનો અર્થ દર્શાવતાં એમ. પી. પંડિત લખે છે: 'The Absolute is beyond personality and beyond impersonality, and yet it is both the Impersonal and the Supreme, Person and all Persons. The Absolute is beyond the distinction of unity and multiplicity, and yet is the One and the innumerable many in all the universes. It is beyond all limitation by quality and yet it is not limited by a qualityless void but is too all infinite qualities. It is the individual soul and all souls and more of them; it is the formless Brahman and the universe.'*[19]

આમ, 'God', 'Divine', અને 'Absolute' એક જ ક્ષેત્રના પરંતુ

વિભિન્ન અર્થછટાઓ ધરાવતા અર્થો છે. તેમના અર્થો એકમેકમાં ભળી જાય છે. એટલું જ નહિ 'Spirit', 'Being', 'Self' જેવા શબ્દોના અનુવાદમાં પણ નીચે દર્શાવ્યા પ્રમાણે 'બ્રહ્મ', 'પરમાત્મા' જેવા શબ્દો પ્રયોજાયેલા છે.

પર્વ/સર્ગ.		શબ્દ.	સંદર્ભ.	અનૂદિત શબ્દ.	સંદર્ભ.
૨	૯.	Being	(176:32)	બ્રહ્મ	(270:3)
૨	૨	Spirit	(109:34)	બ્રહ્મ	(163:26)
૨	૨	Spirit	(110:29)	પરમાત્મા	(164:30)
1.	3.	Self	(30:6)	બ્રહ્મ.	(55.30).
10	3	Self	(635:17)	પરમાત્મા.	(1037:10).

આ જ રીતે 'Self', 'Spirit', 'Being', 'Soul', 'Psychic Being' ના ગુજરાતી અનુવાદો પણ એકમેકમાં ભળી જાય છે. જ્યારે 'સાવિત્રી'માં તો શ્રી અરવિંદ એમને વિશિષ્ટ અર્થસંદર્ભ સાથે પ્રયોજે છે. આમ, વિભિન્ન અર્થચ્છાયાઓ ધરાવતા શબ્દો અર્થસંક્રમણના રસપ્રદ પ્રશ્નો ઉપસ્થિત કરે છે.

આવું જ બીજું રસપ્રદ ઉદાહરણ 'Ignorance' અને 'Nescience' શબ્દોના ગુજરાતી અનુવાદનું છે. શ્રી અરવિંદનો અભિપ્રેત અર્થો એમ.પી. પંડિત આ મુજબ આપે છે.:

Ignorance: Avidyā, the separative consciousness and the egoistic mind and life that flow from it and all that is natural to the separative consciousness and the egoistic mind and life. This ignorance is the result of a moment by which the cosmic Intelligence separated itself from the light of the Supermind (the divine Gnosis) and lost the Truth.'*20

'Ignorance' માટે 'અવિદ્યા' અને 'અજ્ઞાન' બન્ને શબ્દો પ્રયોજાયા છે. ઉદાહરણ તરીકે:

પર્વ/સર્ગ		શબ્દ	સંદર્ભ	અનૂદિત શબ્દ	સંદર્ભ.
1.	1.	Ignorance	(2:3)	અવિદ્યા	(4:12).

પર્વ/સર્ગ		શબ્દ	સંદર્ભ	અનૂદિત શબ્દ	સંદર્ભ
૨	4	Ignorance	(135.૨)	અજ્ઞાન.	(૨૦૩:5)

'અવિદ્યા'નો અર્થ એમ.પી. પંડિત આ મુજબ આપે છે:

Nescience; Parabrahman's form of creating illusions or images, things which seem but are not in themselves, the cosmic principles of Ignorance.* ૨૧

એમ.પી. પંડિત 'અજ્ઞાન'નો અર્થ 'Ignorance' આપે છે. વેદાન્ત મુજબ 'અવિદ્યા'નો અર્થ 'પાંચ ક્લેશોમાંનો એક ક્લેશ' કરવામાં આવ્યો છે. અવિદ્યાને મલિનસત્ત્વા માયારૂપી જીવની અજ્ઞાન ઉપાધિ ગણવામાં આવે છે. એને લીધે એ જીવભાવ ધારણ કરે છે. 'અજ્ઞાન'ને વેદાન્તમાં 'અવિદ્યા', 'માયા' કે તમોગુણના સ્વરૂપ તરીકે ઓળખવામાં આવે છે.

આવા જ અર્થો 'Nescience'ના પ્રાપ્ત થાય છે. દા.ત.

પર્વ/સર્ગ.		શબ્દ.	સંદર્ભ.	અનૂદિત શબ્દ.	સંદર્ભ.
1.	3.	Nescience	(38:34)	અજ્ઞાન	(૫૧:૨૨).
1.	4	"	(64:૨4)	અવિદ્યા.	(૧૭:18).
૨.	4.	"	(135:1)	અચિત્	(૨૦૩:4).

આમ, એક બીજાની અર્થચ્છાયાઓ પરસ્પરમાં અહીં ભળી જતી જોઈ શકાય છે. અર્થ-અસંદિગ્ધતા કેવી રીતે સિદ્ધ કરવી એની કૂટ સમસ્યા ઊભી કરે છે.

(B) કેપિટલ સિવાયનાં અન્ય શબ્દ/શબ્દસમૂહ.

આવા શબ્દોની વિપુલતા તો કેપિટલ શબ્દ/શબ્દસમૂહ કરતાં પણ વધારે હોય એ સમજી શકાય એમ છે. એટલે અહીં વિચારણા માટે કયા શબ્દ/શબ્દસમૂહનું ચયન કરવું એ પ્રશ્ન મૂંઝવણભર્યો બને છે. અહીં આપણે કેપિટલ શબ્દ/શબ્દસમૂહ વિચારણા માટે જે મૉડેલ પસંદ કર્યું હતું એને જ અનુસરીએ. એ રીતે ક્રમશ: અર્થસીમિતતા, અર્થવિસ્તાર, અર્થપરિવર્તન, દુર્બોધતા અને વિશિષ્ટ અર્થસંદર્ભ જેવા પાંચ પ્રતિમાનોની

વિચારણા કરીએ. અને ત્યારબાદ આવા શબ્દોના અર્થસંક્રમણની અન્ય લાક્ષણિકતાઓ અંગે વિચારીએ.

(૧) અર્થસીમિતતા :-

'સાવિત્રી' મહાકાવ્યના પ્રથમ પર્વના પ્રથમ સર્ગમાં અર્થની સીમિતતાનું એક નોંધપાત્ર ઉદાહરણ પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ આ પ્રમાણે છે :

A fathomless zero occupied the world. (1:9)

આ પંક્તિનો હવે આપણે અનુવાદ જોઈએ :

કો અગાધ મહાશૂન્ય વિશ્વે વ્યાપી ગયું હતું. (૩:૧૧)

અહીં 'fathomless zero' (1:9) માટે 'અગાધ મહાશૂન્ય' (૩:૧૧) અનુવાદ પ્રાપ્ત થાય છે. અનુવાદકે 'શૂન્ય' શબ્દને 'મહા' પૂર્વપ્રત્યય લગાડીને તેમજ એની આગળ 'અગાધ' વિશેષણ લગાડીને અર્થ-સંક્રમણ માટે કોશિશ કરી છે. એમ.પી. પંડિત આ શબ્દની વ્યંજના સ્પષ્ટ કરતાં જણાવે છે : "But it is not an empty zero, it is a fathomless zero, one can't fathom what it is; if it was empty, there would be nothing to be fathomed. It is a pregnant zero, full of content. This contentful zero is a perception, special to Sri Aurobindo's philosophy. The 'shunya' or the 'Nihil' of which the Illusionist philosophies or the Buddha speaks is an empty zero. This zero is different : out of this zero come the million universes, they are all there in its bosom potentially. The 'zero' indicates that it can't be defined, can't be determined. It exceeds all mental formulations."*૨૨

'fathomless zero' (1:9) ની આ અર્થગર્ભિતા અને એનું નાસ્તિવાદી વિચારકો (Illusionist philosophers) કે

બૌદ્ધ વિચારધારાથી જુદાપણું ગુજરાતી અનુવાદમાં પ્રયોજાયેલા 'અગાધ મહાશૂન્ય' (૩:૧૧) દ્વારા સ્પષ્ટ થતું નથી. આમ, શ્રી અરવિંદને અભિપ્રેત અર્થનું અહીં નિ:શેષ સંક્રમણ થયાની તુષ્ટિ આપણને થઈ શકતી નથી. આને આપણે અર્થ-સંકોચન દોષ અહીં ગણીશું.

અર્થસીમિતતાનું બીજું નોંધપાત્ર ઉદાહરણ પ્રથમ પર્વના ત્રીજા સર્ગમાં પણ મળી આવે છે. અહીં શ્રી અરવિંદે મર્ત્ય માનવના અંતરમાં પ્રેરણા આપનાર પ્રજ્ઞાની દેવીના માનવના અંતરમાં પ્રવેશનું આલેખન કર્યું છે. આ દેવી મનુષ્યના અંતરમાં ભાવિનું જ્ઞાન પ્રાપ્ત કરનાર વિચારનું કાર્યાલય સ્થાપે છે અને તેને ભવિષ્યવાણીનું પવિત્ર ધામ બનાવે છે. આ દેવી મનના ત્રણ પાયાના સિંહાસન પર બિરાજે છે. આ સિંહાસન માટે શ્રી અરવિંદે 'tripod seat of mind' (41:23) શબ્દો પ્રયોજ્યા છે. આનો ગુજરાતી અનુવાદ પૂજાલાલે 'ત્રણ પાયાળી મનની પીઠિકા' (63:9) આપ્યો છે. અહીં જોઈ શકાય છે કે અનુવાદમાં કેવળ વાચ્યાર્થ જ સંક્રમણ પામ્યો છે. મનની પીઠિકાના કયા ત્રણ પાયા એ અંગેની કોઈ જ સ્પષ્ટતા પ્રાપ્ત થતી નથી. આ અંગે એમ.પી. પંડિત લખે છે:

"She seats herself upon the narrow seat of mind with its three legs i.e. the sense-mentality, the dynamic-mentality, the thought-mentality. The human mind organises itself on sense, dynamic life-force and thought"*[૨૪] આમ, અહીં મૂળ અર્થનો અંશત: ભાગ જ પ્રગટતો જોઈ શકાય છે. માટે અર્થસીમિતતાનું આ દૃષ્ટાંત બની રહે છે.

'સાવિત્રી'ના બીજા પર્વના આઠમા સર્ગમાં 'wisdom's oracles' (૨૨૫:૨૫) નો ઉલ્લેખ છે. એનો ગુજરાતી અનુવાદ 'વિજ્ઞાનવાણી' તરીકે થયો છે. જેમાં 'wisdom' કે 'oracle' બન્નેના અર્થોનો સંકોચ જોવા મળે છે. સામાન્ય રીતે wisdom માટે ગુજરાતીમાં 'પ્રજ્ઞા' (115:14); 'તત્ત્વજ્ઞાન' (487:18); 'જ્ઞાન' (540:24); 'જ્ઞાન-પ્રજ્ઞાન' (540:24) જેવા અર્થો પ્રાપ્ત થાય છે.

'Oracle' માટે 'ગૂઢવાણી' (૩૧૦:૭); 'દેવવાણી' (૫૧૪:૨૭) જેવા અર્થો પ્રાપ્ત થાય છે. અહીં wisdom (૨૨૫:૨૫) માટે પ્રયોજાયેલો 'વિજ્ઞાન' અર્થ ગુજરાતીમાં સામાન્ય રીતે Science માટે પ્રયોજાતો હોય છે. એટલે એમાંથી 'wisdom'નો અર્થબોધ થતો નથી. એ જ રીતે 'વાણી' શબ્દ દ્વારા 'Oracle' સાથેનો ગ્રીક સંદર્ભ સ્ફુટ થતો નથી. આમ, અહીં મૂળ અર્થનો સંકોચ થતો જોઈ શકાય છે.

આ જ રીતે ચોથા પર્વના પ્રથમ સર્ગમાં 'Vigil tower' (૩૫૪:૨) માટે 'જાગ-ટાવર' (૫૬૨:૧૨) માં કે દશમા પર્વના ત્રીજા સર્ગમાં 'transmutation' (૬૨૪:૫) માટે 'પલટો' (૧૦૨૭:૬) અનુવાદમાં આવી જ અર્થસીમિતતાની સ્થિતિ જોઈ શકાય છે.

(૨) અર્થવિસ્તાર :-

અર્થવિસ્તારનું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના પ્રથમ સર્ગની નીચેની પંક્તિમાં પ્રાપ્ત થાય છે :

An infant longing clutched the sombre Vast.
(૨:૨૨).

એનો ગુજરાતી અનુવાદ હવે જોઈએ :-

'તેમ શિશુ અભીપ્સાએ ઘેરા બૃહતને ગ્રહ્યું.'
(૫:૫)

અહીં 'infant longing' (૨:૨૨) નો ગુજરાતી અનુવાદ 'શિશુ અભીપ્સા' (૫:૫) કરવામાં આવ્યો છે. 'long' સકર્મક ક્રિયાપદ પરથી બનેલા 'longing' શબ્દનો કોશગત અર્થ : 'આતુરતાપૂર્વક ઈચ્છવું; તલસવું.'** પ્રાપ્ત થાય છે. એ માટે અહીં 'અભીપ્સા' શબ્દ પ્રયોજાયો છે. આમ, longing શબ્દમાં 'અભીપ્સા'નો ભાવ એ અર્થવિસ્તારનું દૃષ્ટાંત બને છે.

એ જ રીતે પ્રથમ પર્વના ત્રીજા સર્ગમાં અર્થવિસ્તારનું એક દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ આ પ્રમાણે છે :

His was a spirit that stooped from larger spheres
(૨૨:૭).

આનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે :

અમૃતત્વતણાં ઊર્ધ્વ મહિમાવંત ધામથી
આત્મા એનો કૃપાપ્રવણ ઊતરી
આપણા અલ્પજીવી આ દૃષ્ટિક્ષેત્ર પ્રદેશનો અધિવાસી બન્યો-
હતો. (૩૬:૧૨,૧૪)

અહીં 'larger sphere' (૨૨:૩) 'અમૃતત્વતણાં ઊર્ધ્વ મહિમાવંત ધામ' (૩૬:૧૨) અનુવાદ પ્રાપ્ત થાય છે. largerનો અર્થ 'વિશાળતર' અને 'spheres'નો અર્થ 'ધામો' કરીએ તો અહીં મૂળ અર્થનો વિસ્તાર થતો પ્રમાણી શકાય છે. એમ.પી. પંડિત-ના ભાષ્યમાં પણ 'larger sphere'નો વિશેષ અર્થ પ્રાપ્ત થતો નથી. ગુજરાતી અનુવાદમાં 'ઊર્ધ્વ મહિમાવંતધામ અમૃતત્વનું છે' એની સ્પષ્ટતા પ્રાપ્ત થાય છે.

આમ, 'સાવિત્રી'ના પૂજાલાલ કૃત અનુવાદમાં અર્થવિસ્તારનાં રસપ્રદ દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે.

(૩) અર્થપરિવર્તન :

અર્થપરિવર્તનનું ઉલ્લેખનીય ઉદાહરણ 'સાવિત્રી'માં વિવિધ સ્થળોએ પ્રયોજાયેલા 'Tragedy' શબ્દના વિવિધ અનુવાદોમાં પ્રાપ્ત થાય છે. બીજા પર્વના આઠમા સર્ગમાં 'Tragedy' (૨૨૫:14) શબ્દનો અનુવાદ 'દુઃખપર્યવસાયી વાત' (345 : 5) પ્રાપ્ત થાય છે. એ જ રીતે છઠ્ઠા પર્વના પહેલા સર્ગમાં 'tragedies' (4૨૧ : 5) શબ્દનો અનુવાદ 'કરુણાંત કથાવલી' (688 : ૨૨) પ્રાપ્ત થાય છે. Tragedy શબ્દ મૂળભૂત રીતે ગ્રીક સંસ્કૃતિના કરુણપર્યવસાયી નાટક માટે પ્રયોજાય છે. અહીં વ્યાપક અર્થમાં 'વાત' કે 'કથાવલી' માટે પ્રયોજાયો છે. આમ, એના મૂળ અર્થમાં પરિવર્તન થયેલું જોઈ શકાય છે.

એ જ રીતે બીજા પર્વના ચોથા સર્ગમાં અર્થપરિવર્તનનું એક ધ્યાનાર્હ દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ આ પ્રમાણે છે :

When life broke through its half-drowse in the plant
That feels and suffers but can not move or cry.
(139 : 15-16).

આ પંક્તિઓનો ગુજરાતી અનુવાદ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે.

'સંવેદે ને સહે છે જે કિંતુ ચાલી કે ચીસી શકતી નથી
તે વનસ્પતિમાં અર્ધ-ઘેનમાંથી જ્યારે જીવન જાગિયું,
(૨૦૭ : 10-11).

અહીં જડદ્રવ્યમાં થતા પ્રાણના પ્રાગટ્યનું આલેખન કરવામાં આવ્યું છે. એમાં વનસ્પતિમાં પ્રાણ કઇ રીતે પ્રગટ્યો તે દર્શાવતાં વનસ્પતિજગતની બે મર્યાદાઓ - ચાલવા અને રડવાનો અભાવ - નો નિર્દેશ કરવામાં આવ્યો છે. મૂળ કૃતિમાં આ માટે move અને cry (૧૩૯ : ૧૫) શબ્દો છે. એમાંના cry શબ્દનો ગુજરાતી અનુવાદ 'ચીસી શકવું' (૨૦૭ : ૧૦) કરવામાં આવ્યો છે. Cry માટે રડવું, રુદન કરવું; વિલાપ - દુઃખ, ભીતિ, આનંદ આદિની મોટી બૂમ - પોકાર; અપીલ, વીનવણી, મદદ માટે પોકાર; શિકારી કૂતરાઓના ભસવાનો અવાજ'*૨૬ જેવા અર્થો પ્રાપ્ત થાય છે. 'ચીસી શકવું'માં આવો કોઇ ભાવ પ્રગટતો નથી. માટે અહીં અર્થ પરિવર્તન થયેલું જોઇ શકાય છે.

આમ, અનુવાદમાં અર્થવિસ્તારનાં અનેક રસપ્રદ દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે. એના દ્વારા મૂળ ભાવનું પરિવર્તન થતું જોઇ શકાય છે. ક્યારેક આવાં પરિવર્તનો મૂળ ભાવનું અશેષ સંક્રમણ કરવામાં બાધક પણ નીવડે છે.

(૪) દુર્બોધતા :-

પૂજાલાલના અનુવાદમાં અર્થની દુર્બોધતાનો પ્રશ્ન પણ ગંભીર બને છે. એની કિંચિત્ વિચારણા કેટલાંક શબ્દ/શબ્દસમૂહોના સંદર્ભે કરીએ.

'સાવિત્રી'ના પ્રથમ પર્વના ચોથા સર્ગમાં એનું એક સચોટ

દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે.

He revels in her, a swimmer in her sea.
(66:14)

હવે એનો ગુજરાતી અનુવાદ જોઇએ :

તેનામાં મસ્ત મોજીલો, તારો એના સમુદ્રનો,
(100:9).

અહીં પુરુષ અને પ્રકૃતિની લીલાનું આલેખન કરવામાં આવ્યું છે. એમાં 'swimmer' (66:14) શબ્દનો ગુજરાતી અનુવાદ 'તારો' (100:9) કરવામાં આવ્યો છે. મૂળ સંસ્કૃત 'તૄ' ધાતુ પરથી 'તર' તત્સમ ક્રિયાપદ પ્રાપ્ત થાય છે. જેનો અર્થ પાણીની સપાટી ઉપર ન ડુબાય એમ સૂતાં કે ઊભાં ગતિમાં રહેવું*26 એવો થાય છે. એના પરથી તરનાર માટે ગુજરાતીમાં 'તારો' શબ્દ 'તરવું' સકર્મક ક્રિયાપદને ગુજરાતી 'ઓ' કૃત્પ્રત્યય લગાડીને અનુવાદકે પ્રયોજ્યો છે. ગુજરાતી ભાષામાં સામાન્ય રીતે આ શબ્દ લોકપ્રચલિત નથી. આમ, અપ્રચલિત શબ્દનો વિનિયોગ અર્થદુર્બોધતાનું કારણ બને છે.

અર્થની દુર્બોધતાનું બીજું ઉદાહરણ સાતમા પર્વના છઠ્ઠા સર્ગમાં પ્રાપ્ત થતા 'hollow mirror' (535:24) શબ્દના ગુજરાતી અનુવાદ માટે પ્રાપ્ત થાય છે. એનો ગુજરાતી અનુવાદ 'નતોદરી આરસી' (874:7) કરવામાં આવ્યો છે. 'hollow' માટે 'નતોદરી' શબ્દ ચિંત્ય છે. 'નતોદર' શબ્દનો કોશગત અર્થ આ પ્રમાણે છે :

નતોદર, -રીય વિ. [સં. નત + ઉદર, ઉદરીય] નમી પડેલા-લચી પડેલા પેટવાળું, અંતર્ગોળ, 'કોન્કેઇવ'.*27 'hollow' શબ્દનો એક અર્થ 'ખાડાવાળું'*28 પણ પ્રાપ્ત થાય છે. પરંતુ આ અર્થ અહીં દુર્બોધ તેમજ સંદિગ્ધ બની રહે છે.

'સાવિત્રી'ના અગિયારમા પર્વના પહેલા સર્ગમાં પ્રાપ્ત થતા 'cyclic symmetries' (672:7) અને 'metric planes'

(૯૭૨:૭) જેવા શબ્દોના ગુજરાતી અનુવાદો અનુક્રમે 'ચક્રાવર્તી સંમિતો' (૧૧૧૨:૧૪) અને 'દશક છાંટસો બોમ્બો' (૧૧૧૨:૧૫) દુર્બોધતાના નોંધપાત્ર ઉદાહરણો છે.

(૫) વિશિષ્ટ અર્થસંદર્ભ :

વિશિષ્ટ અર્થસંદર્ભ ધરાવતા શબ્દોમાં 'સાવિત્રી'માં પ્રયોજાયેલા વિજ્ઞાનના પારિભાષિક શબ્દોના પૂજાલાલ કૃત અનુવાદો તુલનાનો એક રસપ્રદ વિસ્તાર ઉદ્ઘાટિત કરે છે. 'સાવિત્રી'માં વિજ્ઞાનના પારિભાષિક શબ્દોનો નોંધપાત્ર પ્રમાણમાં અર્થપૂર્ણ વિનિયોગ થયો છે. આપણે એમાંના કેટલાક પ્રતિનિધિરૂપ શબ્દોની ચર્ચા કરીએ :

'સાવિત્રી'ના બીજા પર્વના દશમા સર્ગમાં 'Photon' (૨૪૧:૨૧) શબ્દ પ્રયોજાયો છે. એનો ગુજરાતી અનુવાદ 'ફોટોન' (૩૭૪:૨૦) રૂપે જ કરાયો છે. જ્યારે આ જ શબ્દ બીજા પર્વના પાંચમા સર્ગમાં ૧૫૫મા પૃષ્ઠની ૨૨મી પંક્તિમાં પણ પ્રયોજાયો છે. અહીં એનો અનુવાદ 'પ્રકાશનાં અણુ-પિંડો' (૨૩૫.૮) થયો છે જે એના મૂળ અર્થને પૂર્ણ રીતે સંક્રમિત કરે છે.

બીજા પર્વના ચોથા સર્ગમાં 'grey phosphorescent haze' (૧૩૮:૨૧) શબ્દ પ્રયોજાયો છે. એનો ગુજરાતી અનુવાદ 'ભૂખરું સ્ફુરદીપ્ત હેજ' (૨૦૮:૮) પ્રાપ્ત થાય છે. શબ્દકોશમાં 'phosphorescent'નો અર્થ 'બળ્યા વિના અથવા ખાસ ગરમી વિના ફેંકાતો પ્રકાશ.'*[૨૭] પ્રાપ્ત થાય છે. અનુવાદકે એના માટે 'સ્ફુરદીપ્ત' (૨૦૮:૮) શબ્દ પ્રયોજ્યો છે. એનાથી મૂળ અર્થની સ્પષ્ટતા થતી નથી.

સાતમા પર્વના ચોથા સર્ગમાં પ્રયોજાયેલા 'gene' (૫૧૮:૨૩) શબ્દનો ગુજરાતી અનુવાદ 'જીવકોષની જાતિ' (૮૩૭:૧૩) આપવામાં આવ્યો છે. આ જ શબ્દ દશમા પર્વના ત્રીજા સર્ગમાં ૬૨૩ મા પૃષ્ઠની ૧૨મી પંક્તિમાં પ્રયોજાયો છે. એનો ગુજરાતી અનુવાદ 'જાતીય કોષ' (૧૦૨૦:૧૯) આપવામાં આવ્યો છે. આમ, એક જ શબ્દ બે જુદા જુદા અર્થો ધરાવે છે.

આ જ રીતે સાતમા પર્વના ચોથા સર્ગમાં પ્રયોજાયેલ 'Protozoa' (૫૧૮:૨૪) માટેનો અનુવાદ 'એકકોષી જીવ' (૮૩૭:૧૪), બીજા પર્વના દશમા સર્ગમાં પ્રયોજાયેલા 'quantum dance' (૨૫૪:૨૧) માટેનો અનુવાદ 'અવિભક્ત એકમો કેરું નૃત્ય' (૩૧૩:૨૧) નોંધપાત્ર છે.

વિજ્ઞાનના પારિભાષિક શબ્દો સિવાયના અન્ય શબ્દોના અનુવાદો પણ રસપ્રદ છે. એનું એક ધ્યાનપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના ચોથા ~~સર્ગમાં પ્રયોજાયેલો~~ Alone (34:1) શબ્દ અને તેનો અનુવાદ છે. એનો મૂળ સંદર્ભ આ મુજબ છે:

The Absolute, the Perfect, the Alone (67:11)
Has entered with his silence into space:
He has fashioned these countless persons of one self;
He lives in all, who lived in his Vast alone;
Space is himself and Time is only he. (67:15)

એનો ગુજરાતી અનુવાદ હવે જોઈએ:

કેવલાત્મા, પૂર્ણરૂપ, એક ને અદ્વિતીય એ (૧૦૧:૧૯)
પોતાના મૌનની સાથે પ્રવેશ્યો છે દિગંતરે:
અસંખ્ય પુરુષોરૂપે એકાત્માની એણે છે રચના કરી; (૧૦૧:૨૧)
પોતાની બૃહતીમાં જે એકલો જ રહેલ તે
રહે છે સર્વની મહીં; (૧૦૧:૨૩)
એ પોતે જ દિશા છે ને પોતે જ કાળ છે વળી. (૧૦૧:૨૪)

અહીં 'Alone' (67:11) શબ્દનો અનુવાદ 'એક ને અદ્વિતીય' (૧૦૧:૧૯) પ્રાપ્ત થાય છે. આ શબ્દ અંગે એમ. પી. પંડિત કહે છે:

'This is one of the few words in the English language which has got a deep mystic ring about it. We recall Plato's expression: 'Flight of the Alone to the Alone.' Whenever you see this word 'Alone' with capital A, it brings in the feeling of utter solitude,

the soleness and the aloneness of the self. Like the Sanskrit Om, 'Alone' has a mantric potency. Even if you repeat the word 'Alone', it creates an atmosphere of aloofness from everything.' *30

આવા મંત્રશક્તિ ધરાવતા શબ્દનો ગુજરાતી અનુવાદ 'એક ને અદ્વિતીય' માં એની મૂળ શક્તિ સંક્રાન્ત થઈ છે કે કેમ એ એક સવાલ છે.

આ જ રીતે પ્રથમ પર્વના પ્રથમ સર્ગમાં પ્રાપ્ત થતા bliss (૨:૩૩) માટે 'ભૂમાનંદ' (5:18), પ્રથમ પર્વના ત્રીજા સર્ગમાં પ્રાપ્ત થતા 'hopeless supernature' (૨૪:૫) માટે 'સર્વોચ્ચ પરાપ્રકૃતિ' (૩૧:૩) વિશિષ્ટ દાર્શનિક અર્થસંદર્ભો ધરાવે છે. વિસ્તારભયે એની ચર્ચા કરી નથી.

<u>અર્થસંક્રમણ માટેની પ્રયુક્તિઓ :</u>

કેપિટલ શબ્દોના ગુજરાતી અનુવાદોમાં જેમ પ્રમાણ અર્થસંક્રમણ અર્થે સાંસ્કૃતિક રૂપાંતરણ કરે છે એવું વલણ કેપિટલ સિવાયના અન્ય શબ્દ/ શબ્દસમૂહોના અનુવાદોમાં દાખવે છે. વિસ્તારભયે એની વિગતે વિચારણા નથી કરી. પરંતુ એનામાત્ર નિર્દેશો જ આપવામાં આવ્યા છે :

પર્વ/સર્ગ		શબ્દ.	સંદર્ભ	અનૂદિત શબ્દ.	સંદર્ભ
1.	3	mysterious play	(૨૨:૩)	રહસ્યમય લીલા	(૩૬:૬)
4	4	chanting	(381:1)	સામગાન	(605:૨૦)
4	4	sang	(383:30)	ત્રિકાળ-ગાન કરતા હતા	(609:૨૩)

<u>અર્થસંક્રમણમાં પડતી મુશ્કેલીઓ :</u>

એક જ શબ્દની વિવિધ અર્થચ્છાયાઓ અર્થસંક્રમણમાં વ્યવધાનરૂપ બની રહે છે. આ મુદ્દો સ્વતંત્ર અભ્યાસની કીમત ધરાવે છે. અહીં પ્રથમ પર્વના ત્રીજા સર્ગમાં પ્રાપ્ત થતા 'self' શબ્દની ત્રિવિધ અર્થછટાઓ પ્રત્યે માત્ર સંકેત કર્યો છે :

પર્વ/સર્ગ. મૂળ શબ્દ. સંદર્ભ. અનૂદિત શબ્દ. સંદર્ભ.

1. 3. mystic stuff of Self (૨૫:૬) સ્વભાવની ચમત્કારી સામગ્રી. (40:૨૦).
1. 3. larger Self (૨૬:૪) મહત્તર નિજાત્મા. (4૨:4)
1. 3. slumber Self (૨૧:7) યોગનિદ્રિત આત્મા. (46:8)

અહીં 'Self' શબ્દની ત્રિવિધ અર્થછટાઓ અનુક્રમે 'સ્વભાવ' (40.૨૦); 'નિજાત્મા' (4૨.4) અને 'આત્મા' (46:8) નોંધપાત્ર છે.

આમ, શબ્દ/શબ્દસમૂહના સ્તરે અર્થસંક્રમણના વિવિધ રસપ્રદ પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

II પંક્તિ/શ્લોકની ભૂમિકાએ અર્થસંક્રમણ:

પંક્તિ/શ્લોકની ભૂમિકાએ અર્થસંક્રમણ આપણે મુખ્યત્વે પાંચ દૃષ્ટિબિંદુઓથી વિચારીશું. શબ્દ/શબ્દસમૂહના અર્થસંક્રમણની વિચારણા માટે આપણે (૧) અર્થસીમિતતા; (૨) અર્થવિસ્તાર; (૩) અર્થપરિવર્તન; (૪) દુર્બોધતા અને (૫) વિશેષ અર્થસંદર્ભ એમ જે પાંચ પ્રતિમાનો પ્રયોજ્યા હતાં તેનો જ અહીં વિનિયોગ કરીશું.

(૧). અર્થસીમિતતા :-

પંક્તિ/શ્લોકની ભૂમિકાએ જુદા જુદા કારણોસર અર્થનો સંકોચ થતો જોવા મળે છે. 'સાવિત્રી'ના પ્રથમ પર્વના ચોથા સર્ગની નીચેની પંક્તિઓમાં તેનું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે:

A limit, a farness never wholly reached,
An unattained perfection calles to him
From distant boundaries in the Unseen:
A long beginning only has been made.

(691:19-21).

એનો ગુજરાતી અનુવાદ આ મુજબ પ્રાપ્ત થાય છે :

'અશરીરતાની દૂર સીમાઓની દિશા થકી (૧૦૪:૩૦)
અપ્રાપ્ત પૂર્ણના એક એને આહ્વાન આપતી :
કરાયો છે માત્ર એક લાંબો આરંભ એકલો. (૧૦૫:૨)

અશ્વપતિને યોગતપસ્યાના ભાગરૂપે જે સૂક્ષ્મ અનુભૂતિઓ થાય છે તેનું આલેખન શ્રી અરવિંદે ઉપર્યુક્ત ચાર અંગ્રેજી પંક્તિઓમાં કર્યું છે. એના ગુજરાતી અનુવાદમાં પ્રથમ પંક્તિનો અર્થ સંકોચાઈ જતો લાગે છે.

અર્થની સીમિતતાનું આવું જ એક નોંધપાત્ર દૃષ્ટાંત છઠ્ઠા પર્વના પહેલા સર્ગમાં અશ્વપતિ નારદને જે વિનંતિ કરે છે તેમાં પ્રાપ્ત થાય છે. અશ્વપતિ કહે છે :

O singer of the ultimate ecstasy,
Lend not a dengerous vision to the blind,
(4૨૫:૨,3).

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

'પરમાનંદના ગાતા! અંધને ના આપો દૃષ્ટિ ભયે ભરી.
(૬૮૨:4).

અહીં પ્રથમ પંક્તિનો અનુવાદ 'પરમાનંદના ગાતા' માં સંકોચાઈ જાય છે. 'ultimate ecstasy' માટે અનુવાદક 'પરમાનંદ' શબ્દ પ્રયોજે છે. અહીં મૂળ પંક્તિઓનો ભાવ એક પંક્તિમાં સંક્રમણ પામી રહે છે.

અનુવાદમાં ક્યારેક મૂળ કૃતિનો વાચ્યાર્થ જ સંક્રમણ પામે ત્યારે પણ મૂળ અર્થની સીમિતતા જોવા મળે છે. એનું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના ત્રીજા સર્ગમાં અશ્વપતિની યોગતપસ્યાના અનુષંગે પ્રાપ્ત થાય છે. અહીં શ્રી અરવિંદ આલેખે છે :

Freedom and empire called to him on high ; (૨૬:5)

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે :

'બોલાવતાં હતાં એને મુક્તિ-સામ્રાજ્ય ઉર્ધ્વથી.
(૪૨:૧).

મૂળ કૃતિમાં 'Freedom' અને 'empire' શબ્દો પ્રયોજાયા છે તે મુક્તિ પામેલ મનુષ્યની આધ્યાત્મિક સ્થિતિ સૂચવે છે. 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' માં જે અર્થમાં 'સ્વરાજ્ય' અને 'સામ્રાજ્ય' શબ્દો પ્રયોજાયા છે તે જ અર્થ અહીં ઉપર્યુક્ત 'Freedom' અને 'empire' સંજ્ઞાઓ દ્વારા અભિપ્રેત છે. આ અંગે એમ.પી. પંડિત કહે છે: These are two favourite phrases of Sri Aurobindo to denote the positive content of the spiritual state of a liberated person. They occour in the Gita 'स्वराज्य' and 'साम्राज्य'. You should not acquired freedom and mastery on your own, but equally on the life around, be the ruler of yourself and the ruler of the World.'*31

અહીં 'स्वराज्य' એ આંતર મુક્તિનું અને 'साम्राज्य' એ બાહ્ય આધિપત્યનું દ્યોતક છે. ગુજરાતી અનુવાદમાં 'સ્વરાટ' નો અર્થ 'મુક્તિ' શબ્દ દ્વારા પૂરેપૂરો સંક્રમણ પામતો નથી એ નોંધવું રહ્યું.

આમ, પંક્તિ/શ્લોકની ભૂમિકાએ અર્થની સીમિતતાનાં નોંધપાત્ર અને રસપ્રદ ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

(૨) અર્થ વિસ્તાર :-

પૂજાલાલના અનુવાદમાં અર્થવિસ્તારનાં અનેક દૃષ્ટાંતો પ્રાપ્ત થાય છે. એનું નોંધપાત્ર ઉદાહરણ 'સાવિત્રી'ના ચોથા પર્વના બીજા સર્ગમાં પ્રાપ્ત થાય છે. અહીં મા ભગવતીના વરદાનરૂપે પ્રાપ્ત થયેલ સાવિત્રીના દિવ્યતાપૂર્ણ બાલ્યનું આલેખન કરતાં શ્રી અરવિંદે સાવિત્રી પ્રત્યેના અન્ય વ્યક્તિઓના પ્રત્યાઘાતો

નીચે દર્શાવ્યા મુજબ નિરૂપ્યા છે :

Some turned to her against their nature's bent ; (3
Divided between wonder and revolt,
Drawn by her charm and mastered by her will, (3
Possessed by her, her striving to possess, (364:3
Impatient subjects, their tied longing hearts (364
Hugging the bonds close of which they most complain
Murmured at a yoke they would have wept to lose,
The splendid yoke of her beauty and her love : (365
Others pursued her with life's blind desires
And claiming all of her as their lonely own, (365:
Hastened to engross her sweetness meant for all.
(365.7)

૧૧ પંક્તિઓના આ શ્લોકનો અનુવાદ નીચે મુજબ પ્રાપ્ત થાય

વળતા'તા કેટલાક એની પ્રત્યે (575:21)
રુચિ સામે થઈને સ્વ-સ્વભાવની ;
અચંબાની અને બંડખોરી વચ્ચે વિભક્ત કો (575:23)
આકર્ષાતા હતા એની મોહિનીથી
વશીભૂત એના સંકલ્પને થઈ, (575:25)
એના બની જતા તેઓ અને એને પોતાકેરી બનાવવા
પ્રયાસ કરતા હતા, (575:27)
અધીરાઈ દાખતા'તા અધીન ઓ,
ને પોતે જે બંધનોની સામે સૌથી વધારે ફરિયાદનો
પોકાર કરતા હતા (575:30)
તેમને દૃઢ બાઝીને રહેતાં'તાં (576:1)
લાલસાએ ભર્યાં હૃદય એમનાં.
એના સૌન્દર્યકેરી ને પ્રેમ કેરી પ્રતાપે પૂર્ણ ઝૂંસરી (576:3)
સામે તેઓ હતા બબડતા જતા,
અને હોત રડ્યા જો તે પડી હોત ગુમાવવી ; (576:5)

બીજા જીવનની આંધી (576:6)
કામનાઓ લઈ એની પીછે પીછે જતા હતા,
ને તેઓ માગતા એને (576:8)
પૂરેપૂરી એકમાત્ર પોતાની જ બનાવવા,
જે માધુર્ય હતું સર્વ જનો કાજ (576:10)
તેને તેઓ પચાવી પાડવા માટે બની જતા ઉતાવળા. (576.11)

અહીં મૂળ કૃતિની પ્રત્યેક પંક્તિ માટે અનુવાદમાં બે પંક્તિ પ્રયોજાયેલી જોઈ શકાય છે. એટલું જ નહિ, અંગ્રેજીમાં ૧૧ પંક્તિઓના શ્લોકનો ગુજરાતીમાં ૧૨ પંક્તિઓનો એક અને ૫ પંક્તિનો બીજો એમ બે શ્લોકોમાં અનુવાદ થયો છે. અહીં મૂળ કૃતિનો અર્થ પૂરેપૂરો સંક્રમણ પામે છે એ નોંધવું રહ્યું.

અર્થવિસ્તારનું બીજું નોંધપાત્ર દૃષ્ટાંત સાતમા પર્વના પ્રથમ સર્ગમાં સાવિત્રીના એક વર્ષના દામ્પત્ય જીવનના આલેખનમાં પ્રાપ્ત થાય છે. સત્યવાન પોતાના દૈનિક ક્રમમાંથી ખાસ સમય બચાવીને સાવિત્રીની સન્નિધિમાં રહે છે. છતાં સાવિત્રીની તૃષા છીપતી જ નથી. કારણ કે તે વિચારે છે કે:

For soon we part and who shall know how long
Before the great wheel in its monstrous round
Restore us to each other and our love?
(471:36,37 & 472:1).

એનો ગુજરાતી અનુવાદ પૂજાલાલ આ પ્રમાણે આપે છે:

કેમ કે પડશું છૂટાં આપણે અલ્પ કાળમાં, 755:14
ને તે યે કેટલા લાંબા કાળ માટે, છે તેની જાણ કોણને?
પ્રચંડ ચક્ર પોતાના રાક્ષસી ચકરાવમાં
ક્યારે આપણને ભેગાં કરશે ને પ્રેમ પાછો પમાડશે,
છે તેની જાણ કોણને? 755:18.

. અહીં પ્રથમ પંક્તિનો અનુવાદ બે પંક્તિઓ સુધી વિસ્તાર્યો છે. ત્યારબાદની બે પંક્તિઓનો અનુવાદ બાકીની બે પંક્તિઓમાં આપ્યો છે. પ્રથમ પંક્તિમાંના 'who shall know' અંશનો અનુવાદ 'છે તેની જાણ કોણને?' બે વાર થયો છે. વળી, મૂળ શ્લોકમાં એક જ પ્રશ્નાર્થ છે. પૂજાલાલ એનો અનુવાદ પ્રશ્નાર્થયુક્ત બે શ્લોકો રૂપે આપે છે. પરિણામે અનુવાદ પામેલો અર્થ પ્રાસાદિકતા ધારણ કરે છે.

'સાવિત્રી'ના બારમા ઉપસંહારના પર્વની પ્રથમ પંક્તિ પણ અર્થવિસ્તારનું સંતર્પક દૃષ્ટાંત પૂરું પાડે છે :

'Out of abysmal trance her spirit woke'
(715:1).

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે:

'દેહાતીત અવસ્થાનાં અગાધ અતલો થકી
સાવિત્રીનો સચેતાત્મા પામી ઊઠ્યો પ્રબુદ્ધતા.'
(1174:1,2).

અહીં 'abysmal trance' માટે 'દેહાતીત અવસ્થાના અગાધ અતલો' અનુવાદ થયો છે. એમાં અર્થવિસ્તાર જોઈ શકાય છે. વળી, 'her' જેવા સર્વનામ માટે 'સાવિત્રી' જેવી વિશેષ સંજ્ઞા પ્રયોજતાં અર્થ સુબોધ બન્યો છે. તેમજ 'wake'ના ભૂતકાળના રૂપ 'woke' માટે 'પ્રબુદ્ધતા પામી ઊઠ્યો' અનુવાદ થયો છે. 'wake'નો કોશગત અર્થ : 'ઊંઘીને ઊઠવું / જાગવું, જગાડવું; [પ્રા.] જાગતા હોવું, અવાજ કરીને શાંતિ ભંગ કરવો'*૩૯ પ્રાપ્ત થાય છે. એને માટે 'પ્રબુદ્ધતા પામવી' જેવા શબ્દોનો વિનિયોગ અર્થવિસ્તારનું દૃષ્ટાંત છે.

આમ, પૂજાલાલના અનુવાદમાંથી અર્થવિસ્તારના અનેક ધ્યાનાર્હ ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

(૩) અર્થપરિવર્તન :

'સાવિત્રી'ના અનુવાદમાં મૂળ અર્થમાં થતાં પરિવર્તનો

પણ અનેક ઉદાહરણો પ્રાપ્ત થાય છે.

બીજા પર્વના પાંચમા સર્ગમાં આ વિશ્વનું સર્જન કઈ રીતે થયું તેનું આલેખન શ્રી અરવિંદે આ પ્રમાણે કર્યું છે :

'An ocean of electric Energy
Formlessly formed its strange wave-particles
constructing by their dance this solid scheme,'
(155 : 17-19).

આનો ગુજરાતી અનુવાદ આ રીતે આપવામાં આવ્યો છે :

વિદ્યુત-શક્તિતણા એક મહાન સાગરે રચ્યા
અરૂપબદ્ધ વિધિએ અંશો એની અદ્‌ભુત ઊર્મિઓ તણા,
એમના નૃત્યથી ઊભી કરી આ સ્થૂલ યોજના,
(૨૩૬ : 3-5).

અહીં 'strange wave-particles'નો અનુવાદ 'અદ્‌ભુત ઊર્મિઓતણા અંશો' મૂળ ભાવાર્થને બરાબર સંક્રમિત કરતો નથી. 'wave-particles' અહીં વિજ્ઞાનના પારિભાષિક શબ્દરૂપે પ્રયોજાયો છે. એનો અનુવાદ 'ઊર્મિઓ-તણા અંશો' ન થઈ શકે. wave નો સ્વીકૃત ગુજરાતી અનુવાદ 'તરંગ' છે. આમ, અનુવાદમાં મૂળ અર્થથી વિચલન થતું જોઈ શકાય છે.

દશમા પર્વના ચોથા સર્ગમાં યમ સાવિત્રીને કહે છે :

'By Power, not Light, the great Gods rule the world,'
(664 :7)

એનો ગુજરાતી અનુવાદ નીચે દર્શાવ્યા મુજબ થાય છે :

'મોટા દેવો શક્તિથી, ના સત્યથી, શાસતા જગત.'
(૧૦૪૭ :10).

અહીં 'light'નો અનુવાદ 'સત્ય' થયો છે એ નોંધપાત્ર છે.

અર્થપરિવર્તનનું આ અનુવાદકર્મ મૂળની ભાવવ્યંજનાને પકડવાની ખેવનાને પ્રગટ કરે છે.

અર્થ પરિવર્તનનું એક અન્ય દૃષ્ટાંત 'સાવિત્રી'ના અગિયારમા પર્વના પહેલા સર્ગમાં પ્રાપ્ત થાય છે. ત્યાં યમરાજનો બુરખો ઉતારી નાખ્યા બાદ પરાત્પર સ્વરૂપધારી પ્રભુ સાવિત્રીને વરદાન આપતાં કહે છે :

'The wheeling forces of my universe
Shall cry to thee the summons of my name.'
(700 : ૨૮,૨૯).

આ શ્લોકનો ગુજરાતી અનુવાદ પૂજાલાલ આ મુજબ આપે છે:

'ચકરાતાં બળો મારા વિશ્વ કેરાં
મારા નામતણું તેડું તારી પાસે પુકારશે.
(1050 : ૨૭,૨૮).

અહીં 'summons'નો અર્થ અનુવાદમાં પરિવર્તન પામે છે. 'summons'નો કોશગત અર્થ 'એકત્ર બોલાવવું, (કશુંક કરવા, હાજર રહેવા) હુકમ આપવો.'*૩ પ્રાપ્ત થાય છે. 'સાવિત્રી'માં શ્રી અરવિંદે પણ આ જ અર્થમાં આ શબ્દ પ્રયોજ્યો છે. જ્યારે એ માટે ગુજરાતીમાં પ્રયોજાયેલ 'તેડું' શબ્દ અંગ્રેજી શબ્દ 'invitation'નો અર્થ વ્યક્ત કરે છે. આમ, અહીં અર્થપરિવર્તન થતું જોઈ શકાય છે.

(૪) દુર્બોધતા :

'સાવિત્રી'ના પ્રસ્તુત અનુવાદમાં અનેક કારણોસર મૂળ કૃતિનો અર્થ દુર્બોધ થઈ ગયેલો જોવા મળે છે:

પ્રથમ પર્વના પાંચમા સર્ગની નીચેની પંક્તિમાં અર્થ દુર્બોધ બની જતો જોઈ શકાય છે:

Illusion lost her aggrandising lens.
(૮૨ : 10).

પ્રસ્તુત પંક્તિનો ગુજરાતી અનુવાદ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે:

'માયાના લેન્સનો કાચ નાશ પામ્યો રૂપ મોટું બતાવતો.'
(૧૨૫:૩)

અહીં 'aggrandising lens' નો ગુજરાતી અનુવાદ : 'મોટું રૂપ બતાવતો લેન્સનો કાચ' કરવામાં આવ્યો છે. 'લેન્સ' અને 'કાચ' બન્ને શબ્દોની સહોપસ્થિતિ અર્થમાં શિથિલતા આણે છે. કારણ, 'લેન્સ'નો કોશગત અર્થ : 'ચશ્મા, દૂરબીન ઇ. માં વપરાતો એક બાજુએ કે બન્ને બાજુએ બહિર્ગોલ પારદર્શક કાચ'*૩૪ પ્રાપ્ત થાય છે. આમ, લેન્સ એટલે વિશિષ્ટ પ્રકારનો કાચ. આ માટે 'લેન્સ-કાચ' જેવો પ્રયોગ અર્થમાં દુર્બોધતા આણે છે.

દુર્બોધતાનું એક બીજું ઉદાહરણ 'સાવિત્રી'ના સાતમા પર્વના ત્રીજા સર્ગમાં પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ આ પ્રમાણે છે એ આપણે જોઈએ:

'This narrowed life's pedestrain thought and will
Debouched into a little continent space (498:27)
Where soul was not nor spirit, and thinking mind
Laboured content with small finalities.' (498:29)

પ્રસ્તુત પંક્તિઓનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે:

સાંકડી જિંદગીના આ પગપાળા વિચાર ને (૬૦૩:૨૧)
સંકલ્પ નીકળ્યા બહાર નાના એક ખંડના અવકાશમાં
જ્યાં ન'તો ચૈત્ય, ને ચિત્ત વિચાર કરતું રહી
ક્ષુદ્ર નિશ્ચિતતાઓથી રહી તુષ્ટ પ્રયાસ કરતું હતું. (૬૦૩:૨૪)

અહીં 'soul' અને 'spirit' શબ્દોનો ગુજરાતી અનુવાદ 'ચૈત્ય' જોવા મળે છે. આ અંગે બે શક્યતાઓ વિચારી શકાય:
(1) ઉપર્યુક્ત બન્ને શબ્દો માટે એક જ અનૂદિત શબ્દ 'ચૈત્ય' પ્રયોજ્યો હોય.

(૨) 'soul' / 'spirit' માંના એકનો અનુવાદ કરવાનું
શક્યું હોય.

મૂળ કૃતિમાંના શ્રી અરવિંદે બન્ને શબ્દોને સાભિપ્રાય પ્રયોજ્યા છે: એના અર્થો સ્પષ્ટ કરતાં એમ.પી. પંડિત લખે છે:

'Soul is something of the Divine that descends into evolution as a divine Principle within it to support the evolution of the individual out of the Ignorance into the Light. It develops in the course of the evolution a Psychic individual or soul individuality which grows from life to life, using the evolving mind, vital and body as its instruments. It is the soul that is immortal while the rest disintegrates; it passes from life to life carrying its experience in essence and the continuity of the evolution of the individual.' *35

'Spirit' નો અર્થ સ્પષ્ટ કરતાં એમ.પી. પંડિત જણાવે છે:

'It is a living portion of the Divine, the Wonderful. This spirit creates his own form of beauty and draws delight from existence." *36

ગુજરાતી અનુવાદમાં આ બન્નેનાં વિશિષ્ટ અર્થો કેવળ 'ચૈત્ય' શબ્દ દ્વારા સ્ફુટ થતા નથી.

ક્યારેક મૂળકૃતિનો સાંસ્કૃતિક સંદર્ભ અનુવાદમાં સ્પષ્ટ ન થાય તો પણ અર્થ દુર્બોધ બનતો હોય છે. એનું નોંધપાત્ર ઉદાહરણ 'સાવિત્રી'ના દશમા પર્વના ચોથા સર્ગમાં નીચેની પંક્તિમાં પ્રાપ્ત થાય છે.:

A Babel-builder's song towering to heaven,
(642:7).

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે પ્રાપ્ત થાય છે :

'મ્હોંચતું સ્વર્ગ પર્યંત ગાન એક
કલ્પનાના તુંગાતુંગ મહેલના બાંધનારનું.'

(1058 : ૨૪-૨૫)

અહીં 'બાઈબલ'ના 'ઉત્પત્તિ' પુસ્તકના ૧૩મા અધ્યાયના બાબેલના મીનારાનો*34 સંદર્ભ છે જે અનુવાદમાં સ્પષ્ટ થતો નથી. પરિણામે અર્થમાં ક્લિષ્ટતા વરતાય છે.

(૫) વિશિષ્ટ અર્થસંદર્ભ :

'સાવિત્રી'ના પ્રસ્તુત ગુજરાતી અનુવાદમાં અનેક પંક્તિ/શ્લોકો તેના વિશિષ્ટ અર્થસંદર્ભોને પરિણામે ખાસ ઉલ્લેખનીય બની રહે છે. આપણે એમાંથી અત્યંત નોંધપાત્ર લાગેલાં બે દષ્ટાંતોની વિચારણા કરીએ.

'સાવિત્રી'ના સાતમા પર્વના પાંચમા સર્ગમાં સાવિત્રીને પોતાના અંતરાત્માની પ્રાપ્તિ થાય છે. ત્યાં શ્રી અરવિંદે સાવિત્રીને થતી આધ્યાત્મિક અનુભૂતિઓનું આલેખન કર્યું છે જેમાં ભારતીય યોગશાસ્ત્રની પરિપાટી અનુસાર સાધકની કુંડલિની શક્તિ જ્યારે જાગૃત થાય છે ત્યારે એના યૌગિક દેહમાં વિશેષ રૂપે કાર્યાન્વિત થતાં સાત યોગચક્રોનું સૂક્ષ્મ આલેખન શ્રી અરવિંદે કર્યું છે, એ નીચે દર્શાવ્યા મુજબ છે :

In the flower of the head, in the flower of Matter's base,
~~In each divine stronghold~~ and Nature-knot (૫૨૪:૨૩)
It held together the mystic stream which joins
The viewless summits with the unseen depths,
The string of forts that make the frail defence
Safeguarding us against the enormous world,
Our lines of self-expression in its Vast. (૫૨૪:૨૪)

પ્રસ્તુત શ્લોકનો હવે પૂજાલાલે કરેલો ગુજરાતી અનુવાદ આપણે જોઈએ :

સહસ્રાદલમાં શીર્ષ ને મૂલાધારની મહીં (૪૫૬:૨૧)
        પદ્મમાં જડદ્રવ્યના,
ગઢે પ્રત્યેક સ્વર્ગીય ને પ્રત્યેક ગ્રંથિમાં પ્રકૃતિતણી (૪૫૬:૨૩)
ગૂઢ પ્રવાહને એહ અંકે રાખતી હતી,
જે પ્રવાહ વડે યોગ સધાયે છે અદૃશ્ય શિખરોતણો (૪૫૬:૨૫)
        ને ઊંડાણોતણો દૃષ્ટ ન જે પડે,
અને બૃહત્ બ્રહ્માંડની સામો કમ્મર રહીં જે આપણી બને (૩૫૬:૨૭)
તે કિલ્લાઓતણી સોર રાખે એ સચવાયલી,
આત્માભિવ્યક્તિની રૂપરેખાઓ આપણી લઈ. (૩૫૬:૨૧)

અહીં 'flower of the head' (૫૨૪:૨૨), અને 'flower of matter's base' (૫૨૪:૨૨) માટે અનુક્રમે 'શીર્ષનું સહસ્રાદલ' અને 'જડદ્રવ્યનું પદ્મ-મૂલાધાર' (૪૫૬:૨૧) તરીકે અનુવાદ થયો છે. અહીં અનુવાદકે મૂળ અંગ્રેજી શબ્દોના સ્થૂળ અનુવાદને બદલે ભારતીય યોગશાસ્ત્રની પરિપાટી અનુસાર જે તે યોગચક્રોની વિશિષ્ટ સંજ્ઞાઓ દર્શાવી છે. 'સાવિત્રી' મહાકાવ્ય ભલે અંગ્રેજીમાં રચાયું, પરંતુ એનું હાર્દ ભારતીય છે. અને માટે જ અંગ્રેજી શબ્દોના અનુવાદ લેખે પ્રયોજેલા ભારતીય યોગશાસ્ત્રની પરિભાષાના શબ્દો યથાર્થ રીતે અશેષ સંક્રમણ કરે છે. અનુવાદકની અધિકાર-યોગ્યતાનો અહીં અહેસાસ થાય છે.

આવું બીજું ધ્યાનાર્હ દૃષ્ટાંત નવમા પર્વના બીજા સર્ગમાં સાવિત્રીને થતા યમરાજના દર્શનમાં પ્રાપ્ત થાય છે. શ્રી અરવિંદે તેનું વર્ણન આ મુજબ કર્યું છે:

Half-seen in clouds appeared a sombre face;
Night's dusk tiara was his matted hair
The ashes of the pyre his forehead's sign.
(595-8-10).

એનો ગુજરાતી અનુવાદ આ રીતે થયો છે:

અભ્રોમાં અર્ધ-દેખાતું પ્રકટ્યું મુખ શ્યામળું; (૪૬૬:૫)

રાત્રિનો સંધિકાલીન મૌલિ એની હતો જટા,
ચિતાભસ્મ હતી એને ભાલે ચિહ્ન ત્રિપુંડ્રનું. (૧૯૯:૯).

અહીં 'ashes of the pyre' માટે પ્રયોજાયેલા 'ચિતાભસ્મ' શબ્દ અને 'forehead's sign' માટે 'ત્રિપુંડ્રનું ચિહ્ન' જેવા શબ્દોમાં વિશિષ્ટ ભારતીય સાંસ્કૃતિક સંદર્ભ પ્રગટે છે, જે કર્તાને અભિપ્રેત અર્થને પ્રાસાદિક બનાવીને સંક્રમિત કરે છે. આ મૂળનું રૂપાંતર નથી, મૂળના હાર્દને સમર્પિતતાથી અવગત કરાવવાની અનુવાદકની પ્રતિભાનો સંકેત છે.

આમ, પંક્તિ/શ્લોકમાં અર્થસંક્રમણ અનેક રસપ્રદ પ્રશ્નો ઉપસ્થિત કરે છે.

[બ]. ભાષાકર્મ :

હવે આપણે પ્રસ્તુત અનુવાદની વિચારણા એના છંદોવિધાન, શબ્દચયન, શૈલી અને અલંકારવિધાનની વિચારણા મૂળ કૃતિના સંદર્ભે કરીશું. આ માટે પ્રસ્તુત વિભાગનું આપણે ચાર પેટાવિભાગોમાં વર્ગીકરણ કરીએ છીએ :-

(૧) છંદોવિધાન.
(૨) શબ્દચયન
(૩) શૈલી
(૪) અલંકારવિધાન.

સૌપ્રથમ આપણે અનુવાદના છંદોવિધાનની વિચારણા કરીએ.

(૧). છંદોવિધાન :-

એ તો સુવિદિત છે કે શ્રી અરવિંદે 'સાવિત્રી'ની રચના આયમ્બિક પેન્ટામિટર બ્લેંકવર્સમાં કરી છે. એ બ્લેંકવર્સની લાક્ષણિકતાઓનો કિંચિત્ પરિચય આપણે પ્રથમ પ્રકરણમાં 'સાવિત્રી'ના ભાષાકર્મની ચર્ચા દરમ્યાન પ્રાપ્ત કર્યો છે.

પૂજાલાલે પ્રસ્તુત અનુવાદ સર્વને સુપરિચિત એવા

વેદપુરાણ અનુષ્ટુપ છંદમાં કર્યો છે. સૌપ્રથમ આપણે આ છંદનો પરિચય મેળવી લેવો આવશ્યક ગણાય.

પ્રાચીનતમ 'અનુષ્ટુપ', 'ત્રિષ્ટુપ' અને 'જગતી' વેદમાંથી સંસ્કાર પામીને સંસ્કૃત સાહિત્યમાં ઊતરી આવ્યા છે. આપણાં પુરાણો અનુષ્ટુપમાં રચાયાં છે. સંસ્કૃત શિષ્ટ સાહિત્યમાં વપરાતાં બધાં વૃત્તોમાં તે સૌથી વધારે વપરાયેલો છે. એ જૂનામાં જૂનો છે, અને વેદકાળના વૃત્તો સાથે એ સૌથી વધારે ગાઢ સંબંધ રાખે છે.

અનુષ્ટુપ છંદની અક્ષરસંખ્યા આઠ છે. સામાન્ય રીતે સંસ્કૃતમાં ટૂંકામાં ટૂંકો શ્લોક અનુષ્ટુપ છે. એના સ્વરૂપ સંબંધે ઘણો ગોટાળો છે. એ અક્ષરમેળ વૃત્ત નથી, તેમ તેમાં માત્રામેળ જાતિનાં લક્ષણો પણ સ્પષ્ટ નથી. અક્ષરમેળ છંદોમાં લઘુની જગ્યાએ લઘુ અને ગુરુની જગ્યાએ ગુરુ આવે છે. વળી, પ્રત્યેક પંક્તિમાં અક્ષરોની સંખ્યા નિશ્ચિત હોય છે. અનુષ્ટુપમાં વધારેમાં વધારે આઠ અક્ષરોમાંથી ત્રણ કે ચાર સ્થાનોમાં જ લઘુગુરુ નિયત થયેલાં હોય છે. અને એમાં પણ ઘણાં અપવાદો છે. 'મનહર' અને 'ઘનાક્ષરી' જેવા માત્રામેળ છંદોની જેમ અનુષ્ટુપમાં પણ ચાર ચાર સંધિઓનો ઉપયોગ થયેલો જોવા મળે છે. પરંતુ આ સંધિઓ હમણાં જ જણાવ્યું એમ અમુક અમુક અક્ષરે લઘુગુરુની વિશિષ્ટતા ધારણ કરે છે. આમ તેને કયા વર્ગમાં મૂકવો એ પણ ચર્ચાનો વિષય છે.

અનુષ્ટુપના અમુક અક્ષર લઘુ પ્રયોજવા એ પ્રણાલિકા આધુનિક યુગમાં જ જોવા મળે છે. આ અંગે કાન્તિલાલ કાલાણી જણાવે છે: "(અનુષ્ટુપના) ચારેય ચરણોમાં પાંચમો અક્ષર લઘુ તથા છઠ્ઠો અક્ષર ગુરુ હોય તો ઇષ્ટ એ પરિસ્થિતિ જોવા મળતી નથી; તેમજ પ્રથમ અને ત્રીજા ચરણમાં સાતમો અક્ષર લઘુ જોઈએ એ પણ અર્વાચીન કાળમાં જ નક્કી થયું છે. વળી, વેદમાં જોવા મળતા અનુષ્ટુપ છંદને અને ગુજરાતી કાવ્યમાં વપરાતા અનુષ્ટુપને કોઈ સંબંધ લાગતો નથી. મંત્રમાં વપરાતો અનુષ્ટુપ ઉદાત્તાદિ સ્વરોનાં વિશિષ્ટ ઉચ્ચારણો પર અવલંબન રાખતો હતો. એ ઉચ્ચારણો તો કાળના પ્રવાહમાં લુપ્ત થઈ ગયાં. અર્વાચીન ગુજરાતીના અનુષ્ટુપના

મૂળમાં વાલ્મીકિ રામાયણનો અને મહાભારતાદિ ગ્રંથોમાં નિયોજાયેલો અનુષ્ટુપ તેમ જ ક્વચિત્ પ્રાચીન ગુજરાતી કાવ્યરચનામાં વપરાયેલો અનુષ્ટુપ જોવા મળે છે."*38

દલપતરામે અનુષ્ટુપનું સ્વરૂપ આ મુજબ આપ્યું છે :

પાંચમે લઘુતા તોળો, ગુરુ છઠ્ઠો લખ્યો ઠામે;
બીજે ચોથે પદે બોલો, શ્લોકમાં લઘુ સાતમે.

અર્થાત્ અનુષ્ટુપનાં ચારેય ચરણોમાં પાંચમો અક્ષર લઘુ આવે અને છઠ્ઠો ગુરુ આવે. અને બીજા, અને ચોથા પાદમાં સાતમો લઘુ આવે.

ગુજરાતીમાં જોવા મળતા અનુષ્ટુપનો ન્યાસ રામનારાયણ આ રીતે આપે છે :

1	2 3 4	5 6 7	8	1	2 3 4	5 6 7	8
ગા / લ	ગાગાલ ગાગાગા લગાગા ગાલગા લગાલ ગાલલ	લગાગા	ગા / લ	ગા / લ	ગાગાલ ગાગાગા લગાગા લગાલ ગાલલ	લગાલ	ગા / લ *39

અહીં જોઈ શકાય છે કે અનુષ્ટુપ લઘુ-ગુરુનાં પૂર્ણ બંધનો સ્વીકારતો નથી. એટલે એની ગતિ થોડી નિર્બંધ રહેવાની મોકળાશ છે. છતાં એના પાંચમા, છઠ્ઠા અને સાતમા અક્ષરનું લગાત્મક સ્વરૂપ લગભગ નિશ્ચિત છે. આ અંગે રામનારાયણ પાઠક કહે છે : "અનુષ્ટુપમાં ગમે તે છૂટ લેવાય તો પણ તેના વિષમપાદના ૫-૬-૭ અક્ષરો લગાલ ન જ થઈ શકે, અને બીજા ગમે તે ફેરફારો કરો તો પણ સમપાદના ૫-૬-૭ અક્ષરો લગાલ કાયમ રહેવા જોઈએ. આ જ તેના સમ-વિષમ પાદનું વ્યાવર્તક લક્ષણ છે."*40

અનુષ્ટુપનો આટલા પરિચય પ્રાપ્ત કર્યા બાદ હવે આપણે પ્રેમલાલે પ્રયોજેલા અનુષ્ટુપની લાક્ષણિકતાઓનો વિચાર કરીશું.

અને ત્યારબાદ બ્લેંકવર્સના અનુરૂપ ગુજરાતી છંદ લેખે એ કેટલે અંશે કાર્યસાધક નિવડે છે એની તપાસ કરીશું.

ગુજરાતીમાં અનુષ્ટુપનું જે માપ સર્વસ્વીકૃત છે એ મુજબ અનુષ્ટુપની એક પંક્તિને ચાર સંધિઓની બનેલી ગણીએ તો એ પંક્તિનો બીજો સંધિ 'લગાગાગા' અને ચોથો 'લગાલગા' નો બને છે. અહીં પૂજાલાલ બીજા સંધિ 'લગાગાગા'ની બાબતમાં વ્યુત્ક્રમ કરીને બીજા અનેક વિકલ્પો ઊભા કરે છે. પરંતુ ચોથો સંધિ 'લગાલગા' નો સર્વસંજોગોમાં એ નો એ જ રાખે છે. પૂજાલાલ આ ચોથા સંધિને અનુષ્ટુપનું સ્થાયી લક્ષણ ગણે છે.*૪ આ મુદ્દો આપણે પ્રથમ પર્વના પ્રથમ સર્ગના આરંભની પંક્તિઓને આધારે સ્પષ્ટ કરીએ :

ગા ગા ગા ગા લ ગા ગા ગા ગા લ ગા ગા લગા લ ગા
જાગે છે દેવતાઓ તે પૂર્વની એ ઘડી હતી. (૩:૧)

ગા ગા લ ગા લ ગા ગા ગા ગા લ ગા ગા લ ગા લ ગા
એકાકિની હતી રાત્રી શાશ્વતીના નિભાલયે, (૩:૨)

લ ગા ગા લ લ ગા ગા ગા લ લ ગા ગા લ ગા લ ગા
ન'તો દીપક કો તેમાં પ્રકટેલો પ્રકાશનો, (૩:૩)

ગા ગા ગા ગા લગા ગા લ લ ગા ગા ગા લ ગા લ ગા
આગાહી આપતું ઘોર નિશાનું ભીમકાય ત્યાં (૩:૪)

ગા લ લ ગા લ ગા ગા ગા લ ગા ગા લ લ ગા લ ગા
માનસ સ્તબ્ધ લંબાઈ કિનારી પર મૌનની (૩:૫)

ગા લ ગા લ લ ગા ગા ગા ગા લ ગા ગા લ ગા લ ગા
દિવ્ય એ ઘટના કેરા માર્ગ આડે પડ્યું હતું. (૩:૬)

અહીં જોઈ શકાશે કે તમામ ૬૦ પંક્તિઓમાં ચોથો સંધિ 'લગાલગા'

સ્થાયી લક્ષણરૂપ છે. અનિવાર્યપણે અહીં 'લગાલગા' માપ સચવાય છે.
પંક્તિક્રમાંક (૩:૧), (૩:૨), (૩:૩), (૩:૫) અને (૩:૬) માં બીજો
સંધિ અનુષ્ટુપના સર્વસ્વીકૃત માપ અનુસાર 'લગાગાગા' જેવા
મળે છે. પરંતુ (૩:૪) માં બીજો સંધિ 'લગાગાલ' મૂળથી અલગ પડે છે.

અગિયારમા પર્વના પ્રથમ સર્ગમાં પરમેશ્વર દ્વારા સાવિત્રીને સંબોધાયેલી નીચેની પંક્તિઓમાં આ લાક્ષણિકતા વિશેષરૂપે જોઈ શકાય છે:

ગાલ ગાલ લગાગા ગા ગાલગાગા ગાગા ગાલલગાલગા
સેવ પ્રેમ સહાયે, ઓ પ્રભુકેરી દાસી સુંદરરૂપિણી! (1152:30)

ગાલ ગાગા લગા ગાગા ગાલ ગા લ લ ગા લ ગા
રાશ મારી બની મ તું વિશ્વવ્યાપક પ્રેમની. (1153:1)

ગાગા ગાગા લગા ગા લ લગાગાલ ગાગા ગાગા લગાલ ગા
મારા પ્રહર્ષના વ્યાપ્ત થતા પાશ કેરો ફંદો બનેલ ઓ! (1153:2)

ગાગા ગાગા લગાગાગા ગાલગાગા ગાલલલ લગાલગા
તારી મોજે ઝુલાયેલા જીવનો તું મેરજુલમપીય છે (1153:3)

ગાગાલ ગા લ ગા લગા ગા લગાલ લ ગાગા ગા
આનંદ સૃષ્ટિના મિષ્ટ ને અગાધિત ઐક્યનો, (1153:4)

ગાલ ગાગા લગાગાગા
પ્રેર એને બલાત્કારે (1153:5)

ગાગા ગાગા લગાગાગા ગાલગાગા લગાલગા
લેવા આલિંગને મારી એકતાઓ અનેકશ:, (1153:6)

ગા ગા લ લ લ ગા ગા ગા ગા ગા ગા ગા
ને પાર વર્ણનાં મારાં સ્વરૂપોને (1153:7).

ગા ગા ગા ગા લ ગા ગા ગા ગાગા ગા ગા લ ગા લગા
ને મારા દિવ્ય ચૈત્યોને લેવા આશ્લેષની મહીં. (1153:8)

લલ ગા ગા લગા ગા લ લગા ગા લ લગા લ ગા
મન હે! શાશ્વતી શાંતિ વડે તું પરિપૂર્ણ થા; (1153:9).

ગાલ ગા લ લલ ગા લ ગાલગા ગા લગા લગા
શબ્દ હે! અમર સ્તોત્ર ગાનમાલા ગજાવ તું: (1153:10)

લ ગા ગા ગા લગા ગા ગા લગા ગા ગા ગા ગા ગા લ લ ગા લ ગા
મિનારો હેમનો ઊભો થયો છે, છે જન્મ્યું બાલક જ્વાલનું.
(1153:11).

અહીં (1153:4), (1153:5) અને (1153:7) ને બાદ કરતાં તમામ પંક્તિઓમાં અંતે 'લગાલગા' સંધિ જોવા મળે છે. (1153:4)માં ચોથો સંધિ 'લગાગાગા' પ્રાપ્ત થાય છે એ ચિંત્ય છે. (1153:5)માં અનુષ્ટુપની બે સંધિઓવાળી જ પંક્તિ પ્રયોજાઈ છે. એટલે અહીં ચોથા સંધિના માપનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. (1153:7) માં પ્રથમ ત્રણ સંધિઓ પ્રાપ્ત થાય છે એટલે અહીં પણ ચોથા સંધિના માપનો પ્રશ્ન અસ્થાને છે. પ્રસ્તુત દૃષ્ટાંતમાં પંક્તિક્રમાંક (1153:2); (1153:4); (1153:9) અને (1153:10)માં બીજે સંધિ 'લગાગાગા'ને બદલે અનુક્રમે 'લગાગાલ'; 'લગાલગા'; 'લગાગાલ'; અને 'લલલગા' જેવા લઘુ-ગુરુનાં રૂપો જોવા મળે છે. અહીં અનુવાદકે વ્યુત્ક્રમ કર્યો છે. રામનારાયણ પાઠક આવા વ્યુત્ક્રમને માન્ય રાખતા નથી. એમનો સ્પષ્ટ મત છે કે: "અનુષ્ટુપમાં ગમે તે છૂટે લેવાય તો પણ તેના વિષમ પાદના ૫-૬-૭ અક્ષરો

'લગાલ' ન જ થઈ શકે, અને બીજા ગમે તે ફેરફારો કરો તો પણ સમપાદના ૫-૬-૭ અક્ષરો 'લગાલ' કાયમ રહેવા જોઈએ. આ જ તેના સમ-વિષમ પાદનું વ્યાવર્તક લક્ષણ છે."*42 પ્રેમલાલ આ બાબતથી સભાન છે. પરંતુ અંગ્રેજી બ્લેંકવર્સનો અનુરૂપ ગુજરાતી છંદનો વિકલ્પ સિદ્ધ કરવા માટે આ ફેરફાર કરે છે. તેઓ સમપાદના ૫-૬-૭ અક્ષરો કાયમ રાખે છે. અને તેઓ અનુષ્ટુપના સ્થાયી લક્ષણ તરીકે સ્વીકારે છે.

પ્રેમલાલનો અનુષ્ટુપ રૂઢ માપમાં જ રહેલો નથી. એ અંગે તેઓ કહે છે: "એ કોઈકોઈ વાર આરંભના બે સંધિઓના ચરણ રૂપે, કોઈકોઈવાર એવા ત્રણ સંધિ રૂપે, અંતના બે સંધિ રૂપે, પ્રથમ સંધિ વગરના ચરણ રૂપે પ્રયોજાયેલો જોવામાં આવશે. અંગ્રેજી ચરણનો ભાવ વ્યક્ત કરવા માટે આ પ્રકારની વ્યસ્તતાને સ્થાન આપવાથી અનુવાદના અનુષ્ટુપનું નામ 'વ્યસ્ત અનુષ્ટુપ' રાખેલું છે."*43 આ માટે આપણે ગ્રીષ્મ પર્વના ચોથા સર્ગમાં મા ભગવતી અશ્વપતિની પ્રાર્થનાનો જે પ્રત્યુત્તર આપે છે એ પંક્તિઓ જોઈએ:

ગાગાલગા લગા ગાગા ગાલગાલ લગાલગા
પોકાર મેં સુણ્યો તારો, અગ્રદૂત બલિષ્ઠ હે! (540:3)

ગાલગાગા લગા ગાલ લગા ગાગા ગાલગા ગા લગાલગા
ઊતરી આવશે એક અને તોડી નાખશે લોહ-કાયદો, (540:4)

ગાલલ ગા લગા લગા
કેવળ બ્રહ્મનો બળે (540:5).

લલગાગા ગાલગા ગા ગા લગાગા લલલગા
પલટાવી નાખશે એ ભાગ્યરેખા નિસર્ગની, (540:6)

ગાલગા લ લગાલગા
આવશે મન ઓક જૈ (540:7)

લ ગા ગા ગા   લ ગા ગા ગા   લ ગા ગા લ   લ ગા ગા લ   લ ગા ગા ગા
હશે સીમા વિનાનું ને સમાવેશ વિશ્વનો કરવા હીમ, (540:8)

ગા ગા લ લ   લ ગા   ગા ગા   ગા ગા ગા   ગા લ લ ગા
સંચાલિત થતું ભાવાવેશોએ દેવલોકના (540:9).

લ ગા ગા   ગા   લ ગા ગા   લ લ ગા લ   લ લ ગા ગા લ   ગા લ ગા
ઉત્સાહી શાંતિઓકેરું ઉર એક મધુરું તીવ્ર આવશે. (540:10)

અહીં જોઈ શકાશે કે પંક્તિક્રમાંક (540:5); (540:7) માં પંક્તિ અંતના બે સંધિરૂપે અર્થાત્ ત્રીજા ચોથા સંધિરૂપે રહેલી છે. (540:4); (540:8) અને (540:10) માં એ પાંચ સંધિરૂપે રહેલી છે. અહીં પાંચમી સંધિ 'લગાલગા' નું સ્થાયી લક્ષણ ધારણ કરે છે. અલબત્ત (540:8) માં અપવાદરૂપે 'લગાગાગા' રૂપે જોવા મળે છે.

પાંચમા પર્વના પહેલા સર્ગની સત્યવાન-સાવિત્રીની નિર્મિત મિલનપળનું આલેખન કરતી નીચેની પંક્તિઓમાં પ્રથમ બે સંધિઓરૂપે પણ પંક્તિ પ્રાપ્ત થાય છે:

ગા લ ગા ગા લ ગા લ ગા
કેમ કે અંધ નો વક્ર (618:4)

ચંદ્રરેખાનો વેશ જેકે પહેરાવેલ હોય છે (618:5)

ગા લ ગા ગા   ગા લ ગા   લ લ ગા લ ગા
સર્વસાની ભાગ્યના કરતુકને, (618:6)

ગા લ ગા ગા લ ગા લ ગા
તે છતાં આપણાં કર્મ (618:7).

પ્રતિપન્ન કરે કાર્ય એક સર્વજ્ઞ શક્તિનું (618:8)

જે વસો કરતા બાહ્ય વસ્તુઓના સ્વભાવમાં, (618:9)

ને પોતાના સમા ન્હેલાં ને ન્હેલોથી નક્કી સ્વ-સ્થાનના વિના (618:10)

વિશ્વલીલામહીંના સંભવે કશું. (618:11)

અહીં પંક્તિક્રમાંક (618:4) અને (618:7) પ્રથમ બે સંધિરૂપે પ્રાપ્ત થાય છે. જ્યારે (618:6) અંતના બે સંધિ - અર્થાત્ ત્રીજા, ચોથા સંધિરૂપે પ્રાપ્ત થાય છે. અગાઉના અગિયારમા પર્વની પ્રથમ સર્ગની ચર્ચવામાં આવેલી નીચેની પંક્તિઓમાં ચરણ પ્રથમ ત્રણ સંધિરૂપે પ્રાપ્ત થાય છે એ સ્પષ્ટ છે.

પ્રેર એને બલાત્કારે (1153:5)

લેવા આલિંગનો મારી એકતાઓ અનેકશઃ, (1153:6)

ગા ગા લ લ લગા ગાગા ગાગાગાગા
<u>ને પાર વર્ણનાં મારાં સ્વરૂપોને</u> (1153:7)

ને મારા દિવ્ય ચૈત્યોને લેવા આશ્લેષની મહીં. (1153:8)

અહીં (1153:7) માં પ્રથમ ત્રણ સંધિઓનું બનેલું ચરણ જોઈ શકાય છે.

સામાન્ય રીતે પૂજાલાલે પ્રયોજેલા લયસ્ત અનુષ્ટુપમાં

સંધિને અંતે અલ્પવિશ્રામ અને બીજા ચોથા સંધિ પછી યતિની વ્યવસ્થા કરી છે. આ વ્યવસ્થામાં ક્યારેક અપવાદો પણ જોવા મળે છે. આ સંદર્ભે ઉપસંહારના બારમા પર્વની સાવિત્રીની ઉક્તિઓ ધ્યાનપાત્ર છે :

મારા હૈયા તણા હાર્દ પ્રતિ જાગૃતિ પામતાં (૧૧૪૪:૨૬)

જણાયું કે પ્રેમનો ને એકતાની અનુભૂતિ જ જિંદગી,

ને આપણા સુણેરી આ પરિવર્તનની મહીં (૧૧૪૪:૨૪)

છે આ મદ્ પ્રવર્તતો, (૧૧૪૫:૧)

સત્ય સમસ્ત છે આ જ, મુનિદેવ !

માણું જે હું અને જેને પામવાને માટે પ્રયાસ હું કરું. (૧૧૪૫:૩)

અહીં (૧૧૪૪:૨૬) માં સંધિને અંતે અલ્પવિશ્રામ અને બીજા સંધિ પછી યતિવ્યવસ્થા જોવા મળે છે. પરંતુ (૧૧૪૫:૩) માં યતિસ્વાતંત્ર્ય જોવા મળે છે. એમાં પાંચમા સંધિના એક અક્ષર બાદ યતિ રહેલી છે. અનુવાદમાં સામાન્યત: લઘુ ગુરુની છૂટ લેવામાં આવી નથી. માટે લઘુ ગુરુ ઉચ્ચારણો યથાવત કરાતાં કાવ્યપાઠકને અખંડ લયવાહી અનુષ્ટુપનો આનંદ પ્રાપ્ત થાય છે.

પૂજાલાલે પ્રયોજેલા વ્યસ્ત અનુષ્ટુપમાં બીજા સંધિના લગાત્મક રૂપોમાં જોવા મળતા વ્યુત્ક્રમો અને અન્યત્ર લઘુ-ગુરુની પસંદગીના વૈવિધ્યને કારણે એમાં અનેક ભાતીના છંદોનો લય સમાયેલો જોઈ શકાય છે. પરંતુ અત્રે એનો ..... ઉલ્લેખમાત્ર પર્યાપ્ત છે.

આપણે ત્યાં બ.ક. ઠાકોરે બ્લેંક વર્સને અનુરૂપ પ્રવાહી છંદ કે સળંગ પદ્યરચનાનો વિચારપૂર્વક પ્રયત્ન કર્યો છે. એમણે

બ્લૅંકવર્સના ગુજરાતી અનુરૂપ છંદ માટેનાં ચાર લક્ષણો તારવ્યાં છે: (૧) અગેયતા ; (૨) સળંગતા કે અખંડિતતા ; (૩) યતિ-સ્વાતંત્ર્ય અને (૪) અક્લેશકારિતા.*[44] બ. ક. ઠાકોરનો અગેયતાનો ખ્યાલ આધુનિક છે. અંગ્રેજી કવિતાના સંસર્ગથી એ બંધાયેલો છે. અંગ્રેજીમાં બ્લૅંકવર્સ અગેય છંદ છે. પંક્તિના અંતે કાન જે પ્રાસની અપેક્ષા રાખે છે તે એમાં સંતોષાતી નથી. એના માટે પૂજાલાલ અનુષ્ટુપ પ્રયોજે છે. અનુષ્ટુપ અંગે રામનારાયણ પાઠક નોંધે છે: "બીજાં વૃત્તોની પેઠે અનુષ્ટુપ પણ ગવાતો. પણ બધાં વૃત્તોમાં અનુષ્ટુપ સૌથી ઓછો ગેય છે એમ કહી શકાય."*[45] વાક્યાંત શ્લોકાંતે, શ્લોકાર્ધને અંતે કે પંક્તિને અંતે જ આવે એવી અનિવાર્યતા પૂજાલાલે પ્રયોજેલા અનુષ્ટુપમાં જોવા મળતી નથી. વાક્યાંત અર્થ અને ભાવના વહનને અનુરૂપ સ્થાને જ આવે છે. આને આપણે સળંગતા કે અખંડિતતા કહી શકીએ. વળી, પૂજાલાલનો વ્યસ્ત અનુષ્ટુપ યતિસ્વાતંત્ર્યનું લક્ષણ ધરાવે છે. યતિ ભાવ કે અર્થની સળંગતાને અનુરૂપ- સંવાદિતાપૂર્ણ બની રહે છે. બ્લૅંકવર્સનું પણ આ એક વ્યાવર્તક લક્ષણ છે. વળી, પૂજાલાલનો વ્યસ્ત અનુષ્ટુપ એકવિધ બની જઈને ક્લેશકર બની રહેતો નથી. આમ, બ્લૅંકવર્સના વિકલ્પરૂપે પ્રયોજાયેલા અનુષ્ટુપમાં પૂરેપૂરું ઔચિત્ય જળવાય છે એ નોંધવું રહ્યું.

(૨) શબ્દચયન :-

પૂજાલાલના અનુવાદના શબ્દચયનની ચર્ચા આપણે બે ભૂમિકાએ કરીશું. સૌપ્રથમ શ્રી અરવિંદે 'સાવિત્રી'માં જે વિશિષ્ટ કાવ્યબાની પ્રયોજી છે તેના માટે અનુવાદકના શબ્દચયનની વિચારણા કરીશું. એમાં મૂળભાવ કેટલે અંશે પ્રતિબિંબિત થાય છે એ આપણી તપાસનો વિષય બની રહેશે. એ પછી પૂજાલાલની બાનીની સ્વતંત્ર રીતે વિચારણા કરીશું. એમાં એમની સંસ્કૃતાઢ્યતા, વ્યવહારની ભાષા તેમજ પરભાષાના શબ્દોનો વિનિયોગ, એના ઔચિત્યની ચર્ચા કરીશું. સૌપ્રથમ આપણે મૂળ કૃતિના સંદર્ભે વિચારણા કરીએ:

શ્રી અરવિંદે પોતાની વર્ણનાતીત યોગાનુભૂતિઓને અગાઉ દર્શાવ્યા મુજબ કોઈ વૈજ્ઞાનિકની સુસ્પષ્ટતા અને કવિની કાવ્યાત્મકતાના સુભગ સમન્વય યુક્ત કાવ્યબાનીમાં અભિવ્યક્ત કરી છે. અર્થઘટનની સરળતા ખાતર આપણે પ્રથમ પ્રકરણમાં 'સાવિત્રી'માં શ્રી અરવિંદની કાવ્યબાની અનુષંગે જે દૃષ્ટાંતોની ચર્ચા કરી છે તેમના જ ગુજરાતી અનુવાદોની વિચારણા કરીશું.

'સાવિત્રી'માં જ્ઞાનવિજ્ઞાનની અનેક શાખા-પ્રશાખાઓની શબ્દાવલી વ્યાપક રીતે પ્રયોજાયેલી છે. આ દૃષ્ટિએ બીજા પર્વના અગિયારમા સર્ગની નીચેની પંક્તિઓનું શબ્દચયન ધ્યાનાર્હ છે.

They clamped to syllogisms of finite thought (૨૬૯:૧૪)
The free logic of an infinite consciousness,
Grammared the hidden rhythms of Nature's dance,
Critiqued the plot of the drama of the worlds, (૨૬૯:૧૭)
Made figure and number a key to all that is:
The psychoanalysis of cosmic self (૨૬૯:૧૯)
Was traced, its secrets hunted down, and read
The unknown pathology of the Unique. (૨૬૯:૨૧)
Assessed was the system of the probable,
The hazard of fleeing possibilities, (૨૬૯:૨૩)
To account for the Actual's unaccountable sum,
Necessity's logarithmic table drawn, (૨૬૯:૨૫)
Cast into a scheme the triple act of the One. (૨૬૯:૨૬)

ઉપર્યુક્ત પંક્તિઓનો પૂજાલાલે કરેલો અનુવાદ આ પ્રમાણે છે:

યોજનાઓ જ્ઞાન કેરી લાદી વિરાટની પરે, (૪૧૪:૧૦)
અનંત ચિતિની મુક્ત યુક્તિ તેઓ
સાન્ત વિચારને તર્કે ઠોકી બેસાડતા હતા, (૪૧૪:૧૨)
લયો પ્રકૃતિના નૃત્યતણા ગુપ્ત વ્યાકૃત કરતા હતા,
ભુવનોના નાટ્યકેરું કથાવસ્તુ હતા તેઓ સમીક્ષતા, (૪૧૪:૧૪)
જે કૈં અસ્તિત્વમાં છે તે સર્વ માટે (૪૧૪:૧૫)

રેખાંકન અને અંક આવી રૂપ બનાવતા : (418:16)
વિચારમાંના મનોવિશ્લેષણકેરો પત્તો તેઓ લગાવતા,
રહસ્યો એહનાં પીછો લઈ પકડતા હતા, (418:18)
અદ્વિતીયતણું રોગનિદાનશાસ્ત્ર વાંચતા.
સંભાવીની પદ્ધતિની થઈ નિર્ધારણા હતી, (418:20)
ભાગતી શક્યતાઓનાં જોખમોનો અંદાજ નીકળ્યો હતો,
યથાર્થ વસ્તુઓ કેરો બેહિસાબ સરવાળો બનેલ તે
સાચો બતાવવા માટે 'લૉગેરિધમ' કોષ્ટકો (418:23)
અવશ્યંભાવિતાકેરાં હતાં દોરી કઢાયલાં,
વ્યવસ્થાબદ્ધ કોંધોની 'ઍક'ની ત્રિવિધા ક્રિયા. (418:25)

અહીં સામાન્ય રીતે કાવ્યમાં ન પ્રયોજાતી પદાવલિ જોઈ શકાય છે. આ સંદર્ભે વિશેષરૂપે નીચેનાં દૃષ્ટાંતો નોંધપાત્ર છે:

Syllogism (૨૬૧:14) તર્ક (418:12).
free logic (૨૬૧:15) મુક્ત યુક્તિ. (418:11).
Grammared (૨૬૧:16) વ્યાકૃત કરતા હતા. (418:13).
Psycho-analysis (૨૬૧:19) મનોવિશ્લેષણ (418:17).
pathology of the Unique (૨૬૧:૨૧) અદ્વિતીયતણું રોગનિદાન-શાસ્ત્ર. (418:19)
System of the Probable (૨૬૧:૨૨) સંભાવીની પદ્ધતિ. (418:20).
Actual's unaccountable sum (૨૬૧:૨૪) યથાર્થ વસ્તુઓ કેરો બેહિસાબ સરવાળો (418:22)
Necessity's logarathmic tables (૨૬૧:૨૫) અવશ્યંભાવિતાકેરાં 'લૉગેરિધમ' કોષ્ટકો. (418:23)

અહીં જોઈ શકાશે કે આ વિજ્ઞાનની પારિભાષિક પદાવલિ છે. એટલે અંગ્રેજીમાં જે અર્થ અભિપ્રેત છે તે ગુજરાતી પારિભાષિક શબ્દોમાં પૂરેપૂરો સંક્રમણ પામ્યો છે.

એ જ રીતે છઠ્ઠા પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિઓમાં લશ્કરની પરિભાષા પ્રયોજાયેલી છે:

Across the dust and mire of the earthly plain, (459:6)
On many-guarded lines and dangerous fronts, (459:7)
In dire assaults, in wounded slow retreats, (459:8)
- - - - -
- - - - -
Led by its nomad vanguard's signal fires, (459:18)
Marches the army of the waylost god. (459:19).

ઉપર્યુક્ત પંક્તિઓનો પૂજાલાલનો અનુવાદ આ પ્રમાણે છે:-

પૃથ્વીની સમ-ભોમોની ધૂળ ને કીચમાં થઈ (735:2)
મોરચાઓ પરે ઝાઝા રક્ષાયેલા
ને ભયોએ ભરેલા મોખરા પરે,
હત્યારા હુમલાઓમાં ને ઘવાઈ ધીરી પીછેહઠો મહીં, (735:5)
- - - - -
- - - - -
સદાયે ઘૂમતા સેનામુખ કેરા (735:15)
અગ્નિઓના સંકેતે દોરવાયલું,
આગેકદમ વધે છે સૈન્ય માર્ગભૂલેલા દેવતાતણું. (735:17).

અહીં 'guarded lines (459:7); dangerous fronts (459:7); dire assaults (459:8); slow retreats (459:8); vanguard's signal fires (459:18); marches (459:19); army (459:19) લશ્કરની પરિભાષાના શબ્દો છે. એ માટે અનુવાદકે અનુક્રમે નીચેના શબ્દો પ્રયોજ્યા છે:
'ઝાઝા રક્ષાયેલા મોરચાઓ' (735:3);
ભયોએ ભરેલા મોખરા' (735:4); હત્યારા હુમલાઓ (735:5)
સેનામુખ કેરા અગ્નિઓના સંકેત (735:16); આગેકદમ (735:17)
અને સૈન્ય. (735:17). અહીં પણ પૂરેપૂરો અર્થ સંક્રમણ પામે છે.

'સાવિત્રી'માં વ્યાપકપણે પ્રયોજાયેલા 'Spirit', 'self', 'soul', 'Being' જેવા પારિભાષિક શબ્દોના ગુજરાતી અનુવાદના અર્થસંક્રમણના પ્રશ્નોની ચર્ચા અગાઉ આપણે કરી ગયા છીએ.

તદુપરાંત સંયોગચિહ્ન (hyphen) થી જોડાયેલા શબ્દોના ગુજરાતી અનુવાદ તુલનાનો રસપ્રદ મુદ્દો પૂરો પાડે છે. પ્રથમ પ્રકરણમાં સંકેત કરાયેલા આવા શબ્દો અને તેનો અનુવાદ નીચે મુજબ છે:

પર્વ/સર્ગ.		મૂળ શબ્દ	સંદર્ભ	અનૂદિત શબ્દ	સંદર્ભ
I	૨	honey-fire	(15:૨6)	મધુ-અગ્નિ	(૨5:૧૨)
I	3	dream-smiles	(40:1)	સ્વપ્નસ્મિત	(61:5)
I	4	eagle-peaks	(47:11)	પક્ષિરાજથી સેવાતાં શૃંગો.	(૭૨:16)
I	4	moon-flame	(47:૧૨)	જ્યોત્સ્ના-જ્વાલાબ્ધિઓ	(૭૨:17)
I	4	dream-fact	(61:૨5)	સ્વપ્નામાં જ ખરું લાગે એવું.	(૯૨:30)
I	4	dream-light	(૭૨:૨૦)	સ્વપ્ન કેરો પ્રકાશ	(108:1)
I	4	Truth-Light	(૭૨:3૨)	સત્ય-જ્યોતિ.	(109:૨9)
XI	1	flame-child	(૭૦૨:૨૨)	જ્વાલનું બાલક.	(1153:11)

ઉપર્યુક્ત આઠ શબ્દોના અનુવાદ પરથી ખ્યાલ આવે છે કે Truth-Light (૭૨:3૨); dream-smiles (40:1) અને honey-fire (15:૨6) ના અનુવાદ રૂપે અનુક્રમે પ્રયોજાયેલા શબ્દો: 'સત્ય-જ્યોતિ' (109:૨9); 'સ્વપ્નસ્મિત' (61:5); અને મધુ-અગ્નિ (૨5:૧૨) માં મૂળ શબ્દોનું લાઘવ અને મૂળ ભાવ બન્ને પ્રગટ્યાં છે. જ્યારે બાકીના શબ્દોમાં મૂળનો ભાવ જ વ્યક્ત થયો છે. moon-flame (47:૧૨), માટેનો અનુવાદ 'જ્યોત્સ્ના-જ્વાલાબ્ધિઓ' (૭૨:17) માં મૂળ પંક્તિના અન્ય શબ્દ ocean ની પણ અર્થચ્છાયા ઝીલાઈને સમાસ બન્યો છે. આ સંયોગચિહ્ન યુક્ત શબ્દોના અનુવાદો નોંધપાત્ર કલ્પનો તો સર્જે છે પરંતુ મૂળકૃતિનું લાઘવ સંક્રમિત કરતા નથી એ નોંધવું રહ્યું.

હવે આપણે પૂજાલાલના અનુવાદની બાનીની સ્વતંત્ર રીતે ચર્ચા કરીએ. વ્યાપકરીતે જોઈએ તો પૂજાલાલની બાની

સંસ્કૃતપ્રચૂર છે. 'સાવિત્રી'ના આદિ, મધ્ય અને અંતમાંથી પંક્તિઓ લઈને એની તપાસ કરીએ.

પ્રથમ પર્વના પ્રથમ સર્ગની નીચેની પંક્તિઓ આ સંદર્ભે ધ્યાનપાત્ર છે:

જાજ્વલ્યમાન હોતાના સ્તવને સાથ આપવા (10:14)
ત્વરમાણ થયેલી એ મતિઓના સમૂહમાં
સાવિત્રી પણ જાગી ને દેખીતી રૂઢ રીતના
સૌન્દર્યથી પ્રલોભાઈ, ક્ષણજીવી પ્રમોદનો
એમનો જે હતો હિસ્સો તેને આપી વધામણી. (10:18).

અહીં 'જાજ્વલ્યમાન', 'હોતા', 'સ્તવન', 'ત્વરમાણ', 'મતિ', 'સમૂહ'; 'સૌન્દર્ય'; 'પ્રમોદ'; જેવા સંસ્કૃત શબ્દોનો વિનિયોગ નોંધપાત્ર છે.

ચોથા પર્વના પ્રથમ સર્ગની અંતિમ પંક્તિઓ આપણે જોઈએ.

સૂક્ષ્મદર્શન વેળાએ દીઠેલી વસ્તુઓ તણી (563:2)
ચમત્કારી મોહિની એ સ્મૃતિમાં લાવતો હતો
પરીઓનો પરીવાહ પરનો સેતુ સ્વર્ણતણો હતો, (563:4)
વિસ્તરેલી વિલાસોની શાંતિનું સખ્ય સેવતા
સરોવરતટે એક શશી-સ્પૃષ્ટ તાલવૃક્ષ સમો હતો, (563:6)
અમરો સંચરે ત્યારે નંદને પર્ણ હાલતાં
તેમના મર્મરાટ શો, (563:8)
પોઢ્યા પ્હાડોતણે માથે પ્રભામંડલ પાવકી,
રાત્રિમાં એકલા એક નિરાળા ને તારામંડિત શીશ શો. (563:10)

અહીં 'સૂક્ષ્મદર્શન'; 'વસ્તુ'; 'ચમત્કારી'; 'મોહિની'; 'સ્મૃતિ'; 'પરીવાહ'; 'સેતુ', 'સ્વર્ણ'; 'શાંતિ'; 'સરોવરતટ'; 'શશી-સ્પૃષ્ટ'; 'તાલવૃક્ષ'; 'નંદન'; 'પર્ણ'; 'પ્રભામંડળ'; 'રાત્રિ'; 'તારામંડિત'; 'શીશ' જેવા સંસ્કૃત શબ્દોની ઉપસ્થિતિ નોંધપાત્ર છે.

'સાવિત્રી'ના અંત- ઉપસંહાર- પર્વ-૧૨ની અંતિમ પંક્તિઓ

જોઈએ :

> રહસ્યોપૂર્ણ પોતાના સંપૂટોમાં પ્રકાશના (૧૧૬૧:૩)
> સાચવી ગૂઢ રાખેલા એક વિચારની પરે
> નિજ નિઃસ્તબ્ધતામાંથી એણે ચિંતન આદર્યું
> અને સ્વહૃદયે પાળ્યું-પોષ્યું એક મહત્તર પ્રભાતને.
> (૧૧૬૧:6)

અહીં 'રહસ્ય'; 'પૂર્ણ'; 'સંપૂટ'; 'પ્રકાશ'; 'ગૂઢ'; 'વિચાર'; 'નિજ'; 'નિઃસ્તબ્ધતા'; 'ચિંતન'; 'સ્વહૃદય'; 'મહત્તર'; 'પ્રભાત'; જેવા સંસ્કૃત શબ્દો ધ્યાનપાત્ર છે.

આમ, 'સાવિત્રી'ના પૂજાલાલકૃત અનુવાદના વિભિન્ન શ્લોકો પરથી એમની સંસ્કૃતપ્રિયતાનો ખ્યાલ આવે છે. પૂજાલાલના સમગ્ર કાવ્યસાહિત્યનું પણ આ ધ્યાનાર્હ લક્ષણ છે.

સમગ્ર રીતે પૂજાલાલના અનુવાદનું અધ્યયન કરતાં અનેક અપ્રચલિત સંસ્કૃત શબ્દોનો વિનિયોગ જોઈ શકાય છે: અત્રે એના થોડાંક પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો પ્રસ્તુત છે:

પર્વ/સર્ગ	અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ
II 1	કલ્લોલ (૧૫૨:૧૨)	surge (૯૫:૨૧)
I 2	કૃતાન્ત (૨૮:૩૦)	doom (૧૮:4)
II 14	ક્રૌર્યો (45૩:16)	cruelties (૨૯૧:૮)
IV 2	તાર્ક્ષ્ય-શૃંગો (568:5)	eagle-height (360:5)
I 5	કૂટક ભાસ (114:12)	paradox (75:12)
X 3	ધૂમિકા (1042:3)	haze (639:8)
VII 6	નિર્માણી (885:17)	factory (543:20)
II 4	પ્રણોદ (206:25)	drive (137:9)
II 10	જંબુવર્ણ (383:22)	lurid (247:30)
III 3	ભાંડાગાર (512:8)	treasure-house (328:29)
IX 2	મૌલિ (966:5)	tiara (595:9)
I 3	રીતિ/સહૃદિતારા (44:3)	finer mode (27:20)

સંસ્કૃત શબ્દોના વિનિયોગથી ક્યારેક નોંધપાત્ર લાઘવ પણ

જોવા મળે છે. એનાં થોડાંક દૃષ્ટાંતો જોઈએ:

પર્વ/સર્ગ		અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ
I	4	જીવનેશ્વરો (૮૧:૨6)	masters of living. (53:36)
I	4	પાર્થિવાવરણો (7.4:10)	earthly coverings (4૮:૨4)
XI	1	મનોમયાત્મા (1156:૨5)	being of mind (705:1૨)

આવી સંસ્કૃતપ્રચુર પદાવલિ પૂજાલાલમાં ક્યારેક વળગણરૂપ બની રહે છે. અનુવાદમાં આના પરિણામે દીર્ઘસમાસો જોવા મળે છે. દા.ત.

પર્વ/સર્ગ.		અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ.
I	5	પ્રસ્ફુરંગી જ્ઞાનોપલબ્ધિઓ (131:૨૨)	shimmering discoveries (૮7:૨4)
I:	4	મોરપિચ્છકલાપવત્ જીવનાનંદ (95:6)	peacock plumage joy of life (63:5)
III	4	સ્નેહોષ્માળી સસંવેદ (541:1૮)	warm-lipped sentient (347:૮)
IX	૨	સૂર્યોદ્‌ભાસિત કર્દમ (96૨:૨5)	sunlit mire (59૨:૨૬)

આ જ વલણ ક્રિયાપદોમાં પણ જોવા મળે છે. દા.ત.

પર્વ/સર્ગ.		અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ.
VII	6	અનાશંસિત (૮૮૯:૮)	unexpected (544:30)
I	3	આઢ્ય (46:૨)	teemed (૨9:1)
V	૨	ઉત્તરંગ થયો (633:10)	surged (397:14)
II	1	ઉદ્‌ગીર્ણ થયો (150:1૨)	belched out (101:4)
VII	૩	ઉપ્ત કર્યું (૮05:11)	planted (499:૨6)
X	3	નિર્ભર્ત્સના કરે (1040:1)	chides (637:17)

આનાથી અનુવાદમાં દુર્બોધતા આવી છે. આમ, સંસ્કૃતાઢ્યતાના અનુવાદકની સિદ્ધિ અને મર્યાદા બન્ને બની રહે છે.

પૂજાલાલના અનુવાદમાં વ્યવહારની ભાષાના શબ્દો પણ નોંધપાત્ર પ્રમાણમાં જોઈ શકાય છે. એમાંના કેટલાક પ્રતિનિધિરૂપ દૃષ્ટાંતો હવે આપણે જોઈએ.

પર્વ/સર્ગ	અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ.
II 10	કોરો મોરો (393:28)	blank (254:25)
II 5	ઝણોણાટી (237:16)	thrill (157:1)
VI 2	ઢેફું (713:6)	clod (443:20)
VII 3	ઢેર (790:13)	mass (489:21)
I 3	બાકું (41:9)	gap (25:20)
XII 1	બાકોરાં (1178:24)	rifts (718:3)
XI 1	ભગદાળું (1137:1)	gap (610:5)
I 1	ભમતારામ શા કર (6:20)	wandering hand. (3:23)
X 1	ભંભોળતા હસ્ત (976:12)	groping hands (602:4)

એ જ રીતે વ્યવહારમાં પ્રયોજાતા કેટલાંક ક્રિયાપદોનો વિનિયોગ પણ અવલોકનીય છે:

પર્વ/સર્ગ	અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ.
II 10	ઉશેટતી (391:12)	throws (253:2)
VII 3	કિચૂડાટ કીધો (789:18)	groaned (489:9)
I 1	ખવાડીને (13:5)	feed (8:12)
I 4	ઝાડુતી (82:10)	sweeps (54:10)
I 3	ઝેરવ્યાં'તાં (60:7)	dropped (39:12)
IV 1	ટહેલતું (552:17)	loitered (351:9)
IV 1	ઢળકીને પડેલો (551:10)	sagged (350:18)
II 8	પાવડાટી (356:1)	scooped (232:26)
X 2	ફંફોળા માર્યા (1002:12)	groped (617:5)
II 11	સટકી જતો (405:8)	Escapes (260:6)

પૂમલાલે પ્રયોજેલા કેટલાંક રૂઢિપ્રયોગોમાં મૂળભાવનો ગ્રહણ કરવાની એમની આગવી સૂઝનાં દર્શન થાય છે. દા.ત.

પર્વ/સર્ગ.	અનૂદિત શબ્દ/સંદર્ભ.	મૂળ શબ્દ/સંદર્ભ
X 1	આંખની કીકી બનવું (975:14)	pupilled (601:15)
VII 3	ઓહિયાં કરી જતાં (798:4)	swallowed (494:30)
VI 1	ખોળો સેવનારી (690:15)	lain on the lap (430:34)
I 5	ગાંજ્યાં ના જતા (126:5)	invincible (83:27)

પંક્તિ/સર્ગ		અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ
II	4	જમીનો નાકલીટી તાણતું (૨૦૪:૧૮)	grovel (135:34)
V	3	છેડા બાંધ્યા (૬૫૬:૨૫)	tide a knot (411:4)
IX	૨	ફૂલા થઈ ગયો (૧૪૮:૨૮)	ended (583:1)
II	6	ભણગાં ફૂંકતું (301:1)	trumpeting (198:11)
VI	૨	મોં વકાસી રહ્યા (717:17)	gape (446:24)
I	5	હોડ બકતી (127:19)	wagered (84:25)

વ્યવહારના શબ્દો/શબ્દ સમૂહોનો પ્રયોગ અનુવાદમાં અર્થદીપ્ત રીતે થયો છે. વિસ્તારભયે એની વિસ્તૃત ચર્ચા કરી નથી. પરંતુ અનુવાદમાં વ્યવહારના શબ્દો/શબ્દ સમૂહોના વિનિયોગથી પ્રાસાદિકતા આવી છે.

ધૂમકેતુએ અરબી, ફારસી, અંગ્રેજી, હિંદી, મરાઠી, તુર્કી, પોર્ચુગીઝ જેવી અન્ય ભાષાઓના શબ્દોને મૂળ કૃતિના અનુવાદમાં સંક્રમણ માટે પ્રયોજ્યા છે. એટલું જ નહીં કેટલાક અરબી-ફારસી; અરબી-સંસ્કૃત; અરબી-હિંદી; ફારસી-સંસ્કૃત; અરબી-તુર્કી; અરબી-ફારસી-સંસ્કૃત જેવી ભાષાઓના શબ્દાંશોના મિશ્રણથી સર્જાયેલા કેટલાક વિશિષ્ટ શબ્દો પણ પ્રયોજ્યા છે. આ તમામ શબ્દો, મૂળ અર્થનું પ્રત્યાયન કરવાની તેમની ક્ષમતા વગેરેનું અધ્યયન સ્વતંત્ર વિષય છે. અત્રે પ્રસ્તુત મહાનિબંધની મર્યાદામાં રહીને એનો કિંચિત્ વિચાર કર્યો છે.

ધૂમકેતુના અનુવાદમાં અન્ય ભાષાઓમાંથી જો કોઈના સૌથી વધુ શબ્દો પ્રયોજાયા હોય તો તે છે અરબી. વ્યાપક રીતે જોતાં 'આરઝૂ'; 'ઇનકાર'; 'બોજ'; 'તાજુબી'; 'ફિરસ્તો'; 'માયનો' જેવા શબ્દો અનેકાનેક સંદર્ભોમાં પ્રયોજાયા છે. આ ઉપરાંત ગુજરાતીમાં કેટલાક અલ્પપ્રયુક્ત અરબી શબ્દો નીચે દર્શાવ્યા મુજબ પ્રયોજાયા છે:

પર્વ/સર્ગ		અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ
II	14	કારવાં (452:16)	caravan (૨૧૦:19)
X	૨	ખમીર (૧૧૦:7)	ferment (608:4)

પર્વ/સર્ગ	અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ
II 3	ગાલીચ (176:17)	drab (117:19)
II 3	ગાફેલ (181:૨૮)	careless (1૨1:7)
IX ૨	જુલૂસ (૭૪૧:4)	procession (5૮3:6)
I ૨	તદબીર (૩૨:૨૭)	device (૨૦:૨૦)
III 4	દિમાગ (5૨૮:૭)	brain (3૩૮:7)
II 6	નતીજો (305:19)	issue (૨01:14)
X ૨	નબી (૭૭૨:17)	prophet (60૭:35)
II ૨	મુખત્યાર (167:૨૮)	agent (11૨:3૨)
IV 4	રિયાસતો (604:૭)	Domains (380:3)
II ૨	હયાતી (16૭:1)	to be (113:૨6)

પ્રેમલાલ કૃત આ પ્રસ્તુત અનુવાદમાં ફારસી ભાષાના શબ્દો પણ નોંધપાત્ર પ્રમાણમાં પ્રયોજાયેલા જોઈ શકાય છે. વ્યાપક રીતે જોતાં 'જંજીર'; 'તાજ'; 'ફરમાનો'; 'બક્ષિસ'; 'સિતારો' જેવા શબ્દો અનેકાધિક સંદર્ભોમાં પ્રયોજાયેલા છે. આ સિવાય નીચે દર્શાવેલા શબ્દો પણ અવારનવાર જોવા મળે છે.:

પર્વ/સર્ગ	અનૂદિત શબ્દ/સંદર્ભ	મૂળ શબ્દ/સંદર્ભ
II 10	તોસ્તાન (3૧૨:1૨)	immense (૨53:૨7)
II 7	નાપાક (3૨1:૨6)	unholy (૨10:31)
IX 1	બરદાસ્ત (૧30:૨3)	bore (573:30)
II 6	રસાલો (૨7૭:17)	retinue (1૮3:૨5)
II 7	સમશેર (3૨૨:6)	sword (૨11:4)
III 3	સરાઈ (51૨:11)	inn (3૨૮:3૨)
II 5	હમદર્દી (૨56:11)	sympathy (170:7)

એ તો સુવિદિત છે કે પ્રસ્તુત અનુવાદ મૂળ અંગ્રેજીમાંથી થયેલો છે, એમાં અર્થસંક્રમણ અર્થે અનુવાદકે કેટલાક અંગ્રેજી શબ્દો જ પ્રયોજ્યા છે. આવા શબ્દોમાં 'અપીલ'; 'એન્જિન'; 'ઓફિસ'; 'ક્રોસ'; 'સીલ' જેવા શબ્દોનો સમાવેશ થાય છે. આવા શબ્દોના ગુજરાતી પર્યાયો પણ ક્યારેક પ્રયોજાયા છે. જો કે 'ક્રોસ' જેવો શબ્દ એમાં અપવાદરૂપ છે.

પર્વ/સર્ગ. અનૂદિત શબ્દ/સંદર્ભ. મૂળ શબ્દ/

II	11	કેલ્ક્યુલસ (૪૧૧:૧) calculus (૨૭૦:૨)
VII	6	ડાઇનેમો (૮૮૪:13) dynumo (૫૪૨:૨૭).
VII	6	પેટંટ (૮૮૪:3) patent (542:19).
II	૨	લોગેરિધમ (418:23) logarithmic (૨૬૧:૨૫)

જેવા અંગ્રેજી શબ્દોનો ગુજરાતી અનુવાદ ન થઇ શકે, અથવા તો તે દુર્બોધ બની રહે એ સમજી શકાય. પરંતુ ક્યારેક તો અનુવાદક અંગ્રેજી શબ્દોને ગુજરાતી પ્રત્યય લગાડીને નવો શબ્દ બનાવવાનું વલણ પણ દાખવે છે. બીજા પર્વના અગિયારમા સર્ગમાં એનું નોંધપાત્ર દૃષ્ટાંત પ્રાપ્ત થાય છે. એનો મૂળ સંદર્ભ આ પ્રમાણે છે.

Above were bright ethereal skies of mind,
(૨૬4:૨૧)

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે:

મનોવ્યોમો ઈથરીય પ્રકાશતાં હતાં ઉપરની દિશે
(411:૨૫)

અહીં ether શબ્દને 'ઇય' ગુજરાતી પ્રત્યય લગાડીને 'ઈથરીય' વિશેષણ પ્રયોજ્યું છે એ નોંધપાત્ર છે.

અનુવાદમાં આ સિવાય કેટલાંક હિંદી શબ્દો પણ જોઇ શકાય છે:

પર્વ/સર્ગ અનૂદિત શબ્દ /સંદર્ભ મૂળ શબ્દ/સંદર્ભ.

I	3	ગોલમાલ (૫4:7) chaos (34:33)
II	3	ઘંટો (177:6) hour (118:6)
VI	૨	ચુકાદો (703:1) decree (437:1).
VI	1	ચુનાવ (૬૮૩:૮) choice (4૨૫:3૨)
II	4	ઢૂંઢતા (૨૦૫:3) seeking. (136:13).

આ ઉપરાંત અનુવાદમાં પ્રયોજાયેલા નકાબ (૬૨:૨૮) veil(41:12), આદિ જેવા તુર્કી; આયા (૨3૨:12); nurse (153:19); પગાર (૨૮1:૨૨) pay (185:13) આદિ જેવા પોર્તુગીઝ તેમજ

નાફેર (૮૨:૨૬) changeless (૨૦:૧૯) જેવા મરાઠી ભાષાના શબ્દો પણ દર્શનીય છે.

મૂળ અર્થ પ્રગટાવવા અનુવાદક ગુજરાતી સિવાયની અન્ય બે-ત્રણ ભાષાઓના મેળથી જન્મેલા શબ્દો પણ પ્રયોજે છે. આવા શબ્દોમાં સૌથી વધારે અરબી-ફારસી ભાષાના છે. આ શબ્દો કઈ રીતે બન્યા છે એની ચર્ચા કર્યા સિવાય અહીં એનાં માત્ર દૃષ્ટાંતો જ દર્શાવવામાં આવ્યાં છે:

* અરબી+ફારસી મેળમાંથી જન્મેલા શબ્દો :-

પર્વ/સર્ગ		અનૂદિત શબ્દ/સંદર્ભ.	મૂળ શબ્દ/સંદર્ભ.
VIII	3	તરેહવાર (૭15:૨૦)	innumerable (56૨:3૨)
I	4	બેતમા (8૨:૨6)	unceasing. (54:૨6)
II	7	બહાલી (3૨1:7)	approved (૨15:૨3)
II	8	બેવફા (340:13)	faithless (૨૨1:36)
VI	1	બેફામ (686:૨૦)	casual (4૨8:૭)
II	11	રોશનીદાર (40૭:૭)	brilliant (૨63:5)
I	4	લાપરવા (88:4)	careless (58:4)
X	3	સહેલગાહ (10૨7:14)	promanade (6૨8:11)

* અરબી-હિંદી મેળમાંથી જન્મેલા શબ્દો :-

II ૨ ખતપત્ર (160:૨4) document (107:3૨)

* અરબી-તુર્કી મેળમાંથી જન્મેલા શબ્દો :-

II 6 મશાલચી (૨75:૨5) Torch-bearers (181:4)

* ફારસી-સંસ્કૃત મેળમાંથી જન્મેલા શબ્દો :-

II 6 બેચેની (177:૨૨) unease (177:૨૨)

* અંગ્રેજી-ફારસી-સંસ્કૃત મેળમાંથી જન્મેલા શબ્દો :-

II 13 પેકબંધ (444:30) packed (૨85:35)

આમ, સમગ્ર રીતે જોતાં અનુવાદક ગુજરાતી સિવાય અરબી, ફારસી, અંગ્રેજી જેવી અન્ય ભાષાઓના શબ્દોનો પણ અર્થક્ષમ વિનિયોગ કરે છે આ રીતે મૂળ કૃતિના અર્થને અનુવાદમાં યથાશક્ય સંક્રમિત કરવાનો મહદંશે સફળ એવો પ્રયાસ કરે છે.

(૩) શૈલી.

પૂજાલાલે કરેલા 'સાવિત્રી' મહાકાવ્યના અનુવાદનું શૈલી-વિજ્ઞાનની દૃષ્ટિએ અધ્યયન કરવું એ એક સ્વતંત્ર વિષય છે. અમે એનાં કેટલાંક અગત્યનાં પાસાંનો જ નિર્દેશ કરવાનો ઉપક્રમ છે. આ પાસાં શૈલીના ધ્વનિ, શબ્દ/શબ્દસમૂહ, પંક્તિ/શ્લોકના સ્તરને સ્પર્શે છે. ત્યારબાદ મૂળ કૃતિમાં પ્રયોજાયેલી વિવિધ શૈલીઓ અનુવાદમાં કેવી સંક્રમણ પામી છે એ પરત્વે સંકેત કરીશું. સૌપ્રથમ આપણે ધ્વનિસ્તરની વિચારણા કરીએ.

(ક) ધ્વનિસ્તર.

અંગ્રેજી અને ગુજરાતી જેવી બે વિભિન્ન પ્રકૃતિની ભાષાઓમાં જ્યારે અનુવાદપ્રવૃત્તિ થતી હોય ત્યારે સ્રોતભાષા (source language)ની ધ્વનિગત લાક્ષણિકતાઓ લક્ષ્યભાષા (target language)માં સંક્રમણ ન પામે એ સમજી શકાય. કાવ્ય બનવા માટે અનુભૂતિના શબ્દ અને અર્થનું પાર્વતી-પરમેશ્વર જેવું સાહિત્ય અપેક્ષિત છે. અહીં કવિનો શબ્દ કાવ્યના લયને સ્પર્શે છે. કાવ્યનો શબ્દબંધ ધ્વનિસ્તર સાથે અવિનાભાવે સંલગ્ન છે. કાવ્યનું લયતત્ત્વ પણ ધ્વનિની વિશિષ્ટ સંરચના પર નિર્ભર છે. પ્રત્યેક ભાષાની આગવી ધ્વનિવ્યવસ્થા છે. એટલે પરસ્પર વિભિન્ન પ્રકૃતિ ધરાવતી ભાષામાં કાવ્યના લયનું સંક્રમણ અશક્ય છે. માટે જ કાવ્યના અનુવાદની અશક્યતાની ફિકર કરવામાં આવે છે. આમ, 'સાવિત્રી'માંનું વર્ણસંગીત એના અનુવાદમાં ન જ પ્રગટી શકે એ સ્વાભાવિક છે. આ સંદર્ભે પ્રથમ પર્વના પ્રથમ સર્ગની નીચેની પંક્તિ ઉલ્લેખનીય છે.

A long lone line of hesitating hue (૨:૨૫).

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

લેમ લાંબી એક રેખા રંગકેરી આનાકાની બતાવતી. (૬:૪).

અહીં 'l' શ્રુતિનાં ક્રમિક ત્રણ આવર્તનો અને ત્યારબાદ 'h' શ્રુતિનાં બે ક્રમિક આવર્તનો દ્વારા પ્રગટતું નાદસૌંદર્ય અનુવાદમાં પ્રગટતું નથી.

આ જ સંદર્ભમાં બીજા પર્વના પાંચમા સર્ગની નીચેની પંક્તિઓ જોઈએ :

Wherever love and light and largeness lack,
These crooked fashioners take up their task.
(153 : 5, 6).

આ પંક્તિઓનો ગુજરાતી અનુવાદ નીચે પ્રમાણે છે :

'જ્યાં જ્યાં પ્રેમ ન, ના જ્યોતિ, ને નથી જ્યાં ઉદારતા
ત્યાં ત્યાં કુટિલ કર્તાઓ આ આરંભ કરી દે નિજ કાર્યનો.
(૨૩૧ : ૨૨, ૨૩)

અંગ્રેજી પંક્તિઓમાં ચાર શબ્દોમાં 'l' શ્રુતિના આવર્તનથી અને ત્યારબાદ (૨૩૧ : ૨૩) માં 't' શ્રુતિના આવર્તનથી જે નાદસૌંદર્ય પ્રગટે છે એ ગુજરાતી અનુવાદમાં નથી. પરંતુ અનુવાદમાં 'જ્યાં'/'જ્યો' જોડાક્ષરોના ક્રમિક આવર્તનથી આગવું વર્ણસંગીત જન્મે છે એ નોંધવું રહ્યું.

ગુજરાતી અનુવાદમાં આગવું નાદસૌંદર્ય વિશિષ્ટ પદરચનાના પરિપાક રૂપે જન્મે છે. એનાં કેટલાંક દૃષ્ટાંતો નીચે દર્શાવ્યા મુજબ છે :

(૧) પર્વ. ૧. સર્ગ. 4

નિજ પાષાણને પંક પ્રભુ કેરો એ પ્રાણોચ્છ્વાસ પ્રાર્થતી.
(૭૭ : ૨૫)

A breath of Godhead on her stone and mire.
(51 : 7).

(૨). પર્વ. ૨. સર્ગ. 4.

અનામી એક આનંદ કેરી આરાધિકા સ્વયં
અંધકારે ગ્રસ્ત એના અમોઘી અર્ચનાલયે.
(૨૦૧ : ૭, ૮)

Adorer of a joy without a name,
In her obscure cathedral of delight.
(134:15,16).

(3). પર્વ. ૭. સર્ગ. ૬.
હવે કિંતુ ન એ જંગી જંગલી જંગલોમાંહી.
(871:10).

But now no longer in these great wild woods
(533:21).

(4) પર્વ. ૧૧. સર્ગ. ૨
કાળનાં ક્રૂર ને કાળાં કુકર્મોની તળે તું કચરાયલી
(1116:18)

Trampled by the violent misdeeds of Time
(701:11)

(૬) મથનો- બથનો દૈવી વ્યથાની પ્રતિ જાગતાં. (૧
(15:26)

Awoke to struggle and the pang divine,
(10:2).

(6). પર્વ. ૨. સર્ગ. ૭.
અશ્રુને પોષતો હર્ષ, અને રૂડું-કૂડું જણાઇ આવતું,
(315:28)

Joy nurtured tears and good an evil proved,
(207:1)

અહીં પ્રથમ દૃષ્ટાંતમાં 'પ' અને 'પ્ર' શ્રુતિનાં ક્રમિક આવર્તનો દ્વારા અને બીજા દૃષ્ટાંતમાં 'અ' શ્રુતિના ક્રમિક આવર્તનો દ્વારા વિશિષ્ટ નાદસૌંદર્ય પ્રગટે છે. પરંતુ આવા વર્ણાનુપ્રાસ કરવાને કાવ્યતત્ત્વને ઉપકારક નીવડતા નથી. ત્રીજા દૃષ્ટાંતમાં 'જ' શ્રુતિ કે ચોથા દૃષ્ટાંતમાં 'ક' શ્રુતિના આવર્તનો કાવ્યના સૌંદર્યને હાની પહોંચાડતાં લાગે છે. પાંચમા અને છઠ્ઠા દૃષ્ટાંતોમાં

અનુક્રમે 'મધનો-બધનો' અને 'રૂડું રૂડું' જેવા શબ્દોના
આંતરપ્રાસ દ્વારા પ્રગટતું નાદસૌંદર્ય ક્ષણિગમ્યું છે.

આમ, ધ્વનિના સ્તરે મૂળકૃતિનું નાદ સૌંદર્ય અનુવાદમાં પ્રગટતું નથી. પરંતુ અનુવાદનું પોતીકું નાદસૌંદર્ય કેટલેક સ્થળે અનુભવાય છે.

(બ) શબ્દસ્તર.

શબ્દસ્તરે મૂળ શૈલીના સંક્રમણ બાબતે અનેક રસપ્રદ લાક્ષણિકતાઓ જોવા મળે છે. શ્રી અરવિંદ વિભિન્ન અર્થો ધરાવતા, પરંતુ ઉચ્ચારણના સામ્યવાળા કેટલાક શબ્દોના વિનિયોગ દ્વારા વિશેષ ચમત્કૃતિ પ્રગટાવે છે. ઉદાહરણ તરીકે દશમા પર્વના ચોથા સર્ગમાં પ્રાપ્ત થતી યમની ઉક્તિ જોઈએ:

Leave then thy dead, O Savitri, and live.
(656:6)

અહીં ઉક્તિના પ્રથમ અને અંતિમ શબ્દો 'leave' અને 'live'નું ઉચ્ચારણસામ્ય ધ્યાનપાત્ર છે. એમના અર્થો ભિન્ન છે એ પણ સમજાય છે. એનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે.

'તો છોડી મૃત તારો તું, સાવિત્રી! જીવ જીંદગી
(1078:16)

અનુવાદમાં 'leave' અને 'live' શબ્દોના અર્થો અનુક્રમે 'છોડ' અને 'જીંદગી' પ્રાપ્ત તો થાય છે. પરંતુ મૂળમાં જે નાદસૌંદર્ય પ્રગટે છે તેને અનુવાદમાં અવકાશ નથી.

ક્યારેક 'સાવિત્રી'માં એક જ શબ્દના ક્રમિક આવર્તનો દ્વારા પણ વિશિષ્ટ સૌંદર્ય પ્રગટતું હોય છે. આ સંદર્ભે બીજા પર્વના ચોથા સર્ગની નીચેની પંક્તિઓ જોવા જેવી છે.

They worked for the body's want, they craved no more
Content to breath, to feel, to sense, to act,
Identified with the spirit's outward shell. (145:13-15)

એનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે:

> દેહની માંગને પૂરી પાડવાને માટે એ શ્રમ સેવતા, (૨૧૪:૨૬)
> એથી અધિકને માટે આકાંક્ષા નવ રાખતા
> સંતુષ્ટ વાસનોથીને ભાવસંવેદનો થકી (૨૧૪:૨૭)
> અને કેવળ કર્મથી,
> તદાકાર થતા બાહ્ય કોરલા સાથ આત્માના. (૨૧૪:૨૧)

અંગ્રેજીમાં (143:14) પંક્તિમાં 'to breath, to feel, to sense, to act' માં 'to' સંયોજક (connective) ના ક્રમિક આવર્તન દ્વારા જે ચમત્કૃતિ પ્રગટે છે એ એના ગુજરાતી અનુવાદની પંક્તિઓ : (૨૧૪:૨૭) અને (૨૧૪:૨૮) માં જોવા મળતી નથી.

અનુવાદક મૂળ અર્થને પૂરેપૂરો પ્રગટાવવા અનુવાદમાં જે પ્રયુક્તિઓ કરે છે એમાંની એક અનૂદિત શબ્દની પુનરુક્તિ કરવાની છે. સત્યવાનના મૃત્યુ દિનની ઉષાએ સાવિત્રીની આંતરદશાનું આલેખન કરતી પ્રથમ પર્વના પ્રથમ સર્ગની નીચેની પંક્તિ આ સંદર્ભે દૃષ્ટવ્ય છે.

calm was her face and courage kept her mute.
(૮:૨૫).

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે:

> મુખમુદ્રા હતી એની શાંત શાંત,
> અને એને રાખી અવાક્ હિંમતે (14:૨,૩)

અહીં 'calm' શબ્દનો પૂરો અર્થ પ્રગટાવવા અનુવાદમાં 'શાંત' શબ્દનું પુનરાવર્તન કરાયું છે.

આ સંદર્ભે ત્રીજા પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિ ધ્યાનપાત્ર છે:

All now was luminosity and force
(૩૧૧:14).

એનો ગુજરાતી અનુવાદ જોઈએ :

જ્યોતિ જ્યોતિ અને ઓજ ઓજ સર્વ હતું હવે,
(૫૧૪:૨૪)

અહીં 'luminosity' અને 'force' ના અર્થ પ્રગટાવવા માટે અનુવાદકે 'જ્યોતિ' અને 'ઓજ' શબ્દોને બેવડાવ્યા છે. આ પ્રયુક્તિ દ્વારા છંદ પણ બરાબર સચવાયો છે એ નોંધવું રહ્યું.

અનુવાદક ક્યારેક મૂળ ઉક્તિના કોઈ વિશિષ્ટ શબ્દાર્થને અનુવાદમાં સંક્રમિત કરવા માટે એકાધિક શબ્દોનો પણ વિનિયોગ કરે છે. આ દૃષ્ટિએ પ્રથમ પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિ નોંધપાત્ર છે:

Assigner of the ordeal and the path
(17:6)

આ પંક્તિનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે :

કસોટીઓતણો દાતા ને નિર્દેશક માર્ગનો.
(૨૭:17)

અહીં 'Assigner' શબ્દ માટે 'દાતા' અને 'નિર્દેશક' બે શબ્દો પ્રયોજાયા છે. બન્નેની અર્થચ્છાયાઓ ભિન્ન છે. એ દ્વારા 'Assigner' શબ્દના ભાવને અનુવાદકે પ્રગટાવવા કોશિશ કરી છે.

આ સંદર્ભમાં બીજા પર્વના દશમા સર્ગની નીચેની પંક્તિઓ જોઈએ :

All staggered back into a sea of doubt ;
(254 : 13)

એનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

ત્યારે ચોંકી સર્વ હઠ્યા ને શંકાના સમુદ્રે લથડી પડ્યા ;
(૩૧૩ :10).

અહીં 'staggered back' ક્રિયાપદનો મનોભાવ વ્યક્ત કરવા અનુવાદમાં 'ચોંકી ઊઠ્યા' અને 'લથડી પડ્યા' જેવાં બે ક્રિયાપદો પ્રયોજેલાં જોઈ શકાય છે.

ક્યારેક અનુવાદમાં પ્રાસાદિકતા આણવા માટે મૂળ પંક્તિમાં પ્રયોજાયેલા સર્વનામોને બદલે અનુવાદક વિશેષ સંજ્ઞાઓ પણ પ્રયોજતા હોય છે. આ સંદર્ભે 'સાવિત્રી'ના ઉપસંહારના બારમા પર્વની નીચેની પંક્તિઓ ધ્યાનપાત્ર છે.

And all her life was conscious of his life
And all her being rejoiced enfolding his.
(715 : 18-19).

એનો ગુજરાતી અનુવાદ જોઈએ:

અને સાવિત્રીનું સકલ જીવન (1175 : 3)
સત્યવાનતણા જીવનના ભાને ભર્યું હતું;
સાવિત્રી સર્વ આત્માથી આલિંગીને આત્માને સત્યવાનના
સંમુદા માણતી હતી. (1175 : 6)

અહીં મૂળ કૃતિની બન્ને પંક્તિઓમાં સર્વનામો 'her' અને 'his' માટે અનુવાદમાં અનુક્રમે 'સાવિત્રી' અને 'સત્યવાન' જેવી વિશેષ સંજ્ઞાઓ પ્રયોજાઈ છે. આ રીતે અર્થવૈમલ્ય સધાય છે એ નોંધપાત્ર છે.

અનુવાદક પોતાની કારયિત્રી પ્રતિભાના સંસ્પર્શથી કેટલાક શબ્દોના પ્રત્યયમાં ચમત્કૃતિ સર્જે છે. આ સંદર્ભે બીજા પર્વના નવમા સર્ગની નીચેની પંક્તિ જોઈએ:

ડૂબી એ તળિયે બેઠો વિરાટોમાં મીઠડાં ને જ્વલંત કૈં:
(336 : 10).

એની મૂળ પંક્તિ આ પ્રમાણે છે:

He foundered drowned in sweet and burning vasts:
(237 : 14)

અહીં 'sweet' શબ્દના અનુવાદમાં 'મીઠાં' ને બદલે 'મીઠડાં' શબ્દ પ્રયોજાતાં ચમત્કૃતિ જન્મી છે:

આ જ સંદર્ભે સાતમા પર્વના છઠ્ઠા સર્ગની નીચેની પંક્તિ જોઈએ:

અવિજ્ઞેયમહીં એક બન્યા'તી એહ બિંદુડી.
(૪૭૩ : ૩)

એની મૂળ પંક્તિઓ નીચે મુજબ છે:

She was a point in the Unknowable.
(549 : 6).

અહીં 'point' શબ્દ માટે અનુવાદમાં 'બિંદુડી' શબ્દ પ્રયોજાયો છે. આવી ચમત્કૃતિ દ્વારા અનુવાદમાં પ્રાસાદિકતા પ્રગટતી હોય છે.

ક્યારેક અનુવાદક એક જ શબ્દનો એક જ પંક્તિમાં બે વિભિન્ન અર્થો માટે પ્રયોજતા હોય છે. આ સંદર્ભે ત્રીજા પર્વના ત્રીજા સર્ગની નીચેની પંક્તિઓ જોઈએ:

નવીન પલટાઓથી પ્રલોભાઈ વળે પ્રત્યેક એ વળે
કદી ન વિરમે એવી જાતની શોધની દિશે.
(૫૧૧ : ૧૧,૧૨)

મૂળ પંક્તિઓ હવે જોઈએ:

Lured at each turn by new vicissitudes
To self-discovery that could never cease
(328 : 5, 6)

અહીં (૫૧૧ : ૧૧) માં 'વળે' સંજ્ઞા બે વખત પ્રયોજાઈ છે. પ્રથમવાર ક્રિયાપદ તરીકે અને પછીથી 'વળાંક'-turnના અર્થમાં.

આવું જ બીજું ઉલ્લેખનીય દૃષ્ટાંત ચોથા પર્વના ચોથા

સર્ગમાંથી જોઈએ:

પુરાણા વસ્તુઓ કેરી વાતો વાતો કાને મર્મરતા હતા.
(600:7)

એની મૂળ પંક્તિ આ પ્રમાણે છે:

The winds murmured to her of ancient things
(377:16).

અહીં અનુવાદમાં 'વાતો' સંજ્ઞા બે વાર પ્રયોજાઈ છે. પ્રથમવાર તો 'things'ના અને પછીથી 'wind'નો અર્થ ધરાવે છે. પરંતુ આવી ચમત્કૃતિઓ કાવ્યના સૌંદર્યને પ્રગટાવવામાં ઉપકારક નીવડતી નથી એ નોંધવું રહ્યું.

વળી, ક્યારેક અનુવાદક એક પદ દ્વારા વ્યક્ત થતા મૂળ અર્થ માટે એકાધિક પદોમાં અનૂદિત અર્થ પ્રસ્તુત કરે છે. ક્યારેક એકાધિક પદો દ્વારા વ્યક્ત થતો અર્થ અનુવાદમાં એક જ પદ દ્વારા સંક્રમિત કરવાનો પ્રયત્ન કરે છે. વિસ્તારભયે એની વિગતે ચર્ચા કરી નથી.

આમ, શબ્દના સ્તરે મૂળ કૃતિનું સૌંદર્ય અનુવાદમાં પ્રગટાવવા માટે અનુવાદક યથાશક્ય પ્રયત્ન કરે છે. પરંતુ એમને મિશ્ર સફળતા મળે છે.

(બ) પંક્તિ / શ્લોકનું સ્તર.

આ સ્તરે અનુવાદની શૈલીના અનેક રસપ્રદ લક્ષણો જોવા મળે છે. એમાં ક્યારેક એક શ્લોકમાંની કોઈ એક કે એકાધિક પંક્તિઓના અનુવાદ માટે મૂળ પંક્તિઓ કરતાં વધારે કે ઓછી પંક્તિઓનો વિનિયોગ, તેમજ મૂળ કૃતિના એક શ્લોક માટે અનુવાદમાં એકાધિક શ્લોકોનો વિનિયોગ કે એકાધિક શ્લોકો માટે અનુવાદમાં એક શ્લોકનો વિનિયોગ જેવાં લક્ષણોનો સમાવેશ થાય છે.

સૌપ્રથમ આપણે એક પંક્તિના અર્થના સંક્રમણ માટે અનુવાદમ

થયેલા એકાધિક પંક્તિઓના વિનિયોગની ચર્ચા કરીએ. આ સંદર્ભે પ્રથમ પર્વના બીજા સર્ગની નીચેની પંક્તિ જોઈએ:

The combatant in silent dreadful lists.
(13:21).

આ પંક્તિનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે:

સૂમસામ ભયે ભર્યા (૨૨:4)
યુદ્ધ કેરા અખાડાની ભૂમિમાં એ યોદ્ધકેરા સ્વરૂપમાં
ઉપસ્થિત થઈ હતી. (૨૨:6)

સત્યવાનના મૃત્યુનું પૂર્વજ્ઞાન ધરાવતી સાવિત્રીની આંતરસ્થિતિ મૂળકૃતિમાં ઉપર્યુક્ત એક જ પંક્તિમાં આલેખાઈ છે. જ્યારે એના અનુવાદમાં પૂજાલાલ ત્રણ પંક્તિઓ પ્રયોજે છે.

એનું બીજું રસપ્રદ દૃષ્ટાંત છઠ્ઠા પર્વના પ્રથમ સર્ગમાંથી આપણે જોઈએ. દેવર્ષિ નારદ રાજા અશ્વપતિના રાજમહેલે પધારે છે અને જે દિવ્ય વીણાવાદન કરે છે તેના અસુરો પર પડતા પ્રભાવનું આલેખન 'સાવિત્રી'માં આ મુજબ થયું છે:

And as he sang the demons wept with joy (417:2)
Foreseeing the end of their long dreadful task
And the defeat for which they hoped in vain,
And glad release from their self-chosen doom
And return into the One from which they came.
(417:6)

આ શ્લોકનો ગુજરાતી અનુવાદ નીચે મુજબ છે:

જે એ ગાતા હતા ત્યારે (670:19)
અસુરોનીય આંખોમાં હર્ષનાં અશ્રુ ઊભર્યાં,
ગાને નારદના આપ્યું એમને જે હતું તે પૂર્વદર્શન, (670:21)
જે દીર્ઘ ઘોર જે કાર્ય કરી તેઓ રહ્યા હતા
તેહનો અંત આવશે, (670:23)

જે પરાભવની આશા વૃથા તે રાખતા હતા (૬૭૦:૨૫)
તે હવે તેમનો થશે,
પોતે પસંદ કીધું'તું તે દુર્ભાગ્યમાંથી એ છૂટશે હવે,
ને પોતે જે एक માંથી હતા આવ્યા તેમાં પાછા પહોંચશે. (૬૭૦:૨૭)

મૂળ અંગ્રેજીમાં આ ભાવ પાંચ પંક્તિઓના બનેલા એક શ્લોકમાં અભિવ્યક્ત થયો છે. એ માટે ગુજરાતી અનુવાદમાં નવ પંક્તિઓ પ્રયોજાઇ છે.

આ રીતે 'સાવિત્રી'માં અનેક સ્થળે મૂળ ભાવના સંક્રમણ અર્થે શ્લોકમાંની પંક્તિઓની સંખ્યામાં વધારો જોવા મળે છે. એ દ્વારા ક્યારેક મૂળ અર્થમાં વિસ્તાર થતો જોવા મળે છે. એને પરિણામે મૂળ અર્થમાં સ્પષ્ટતા પણ જોવા મળે છે.

અનુવાદમાં આનાથી વિરુદ્ધ લક્ષણ પણ જોઇ શકાય છે. અંગ્રેજી શ્લોકમાં જેટલી પંક્તિઓમાં ભાવ રજૂ થયો હોય એ માટે અનુવાદમાં ઓછી પંક્તિઓ પ્રયોજાયેલી હોય છે. આનું એક સુંદર દૃષ્ટાંત પ્રથમ પર્વના ચોથા સર્ગમાંથી જોઇએ :

He is the maker and the world he made, (61:12)
He is the vision and he is the seer;
He is himself the actor and the act, (61:14)
He is himself the knower and the known,
He is himself the dreamer and the dream. (61:16)

એનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે:

છે એ સ્રષ્ટા અને સૃષ્ટિ પોતે જેને રચેલ તે, (૧૨:15)
છે એ દર્શન ને દૃષ્ટા પણ પોતે; નટ ને નાટક સ્વયં,
છે એ પોતે જ જ્ઞાતા ને પોતે જ જ્ઞાત વસ્તુ યે, (૧૨:17)
સ્વપ્નનો સેવનારો છે એ પોતે ને સ્વપ્ન સેવાયલું યે એ.
(૧૨:18)

અહીં જે ભાવ અંગ્રેજીમાં પાંચ પંક્તિઓના બનેલા એક શ્લોક દ્વારા

વ્યક્ત થયો છે એ માટે અનુવાદમાં ચાર પંક્તિઓનો બનેલો એક શ્લોક પ્રયોજાયેલો જોઈ શકાય છે.

આનું બીજું નોંધપાત્ર દૃષ્ટાંત છઠ્ઠા પર્વના પ્રથમ સર્ગમાં અશ્વપતિ નારદને જે વિનંતી કરે છે એ ઉક્તિમાં પ્રાપ્ત થાય છે :

O singer of the ultimate ecstasy,
Lend not a dangerous vision to the blind,
(425 : ૨, ૩).

આ પંક્તિઓનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે :

પરમાનંદના ગાતા! અંધને ના આપો દૃષ્ટિ ભયે ભરી.
(૬૪૨ : 4).

અહીં જે ભાવ અંગ્રેજીમાં બે પંક્તિઓમાં પ્રગટ્યો છે તે માટે પૂજાલાલ એક જ પંક્તિ પ્રયોજે છે. અલબત્ત, આવાં દૃષ્ટાંતો પ્રસ્તુત અનુવાદમાં વિરલ છે.

અનુવાદમાં ઘણીવાર એક અંગ્રેજી શ્લોક માટે એકાધિક શ્લોકોનો વિનિયોગ થયેલો જોવા મળે છે. એનું એક નોંધપાત્ર દૃષ્ટાંત પ્રથમ પર્વના ચોથા સર્ગના નીચેના શ્લોકરૂપે પ્રાપ્ત થાય છે :

Our outward happenings have their seed within,
And even this random Fate that imitates chance
This mass of unintelligible results,
Are the dumb graph of truths that work unseen :
The laws of the Unknown create the known.
(52 : 15-19)

આ શ્લોકનો ગુજરાતી અનુવાદ નીચે દર્શાવેલા બે શ્લોકોરૂપે પ્રાપ્ત થાય છે :

આપણી ઘટનાઓ જે બાહ્ય કેરી તેનું છે બીજ ભીતરે, (૭૧:૨
ને આકસ્મિકતા જેવું અનિયંત્રિત હોય જે,
સમજાય ન એવો જે પરિણામો કેરો મોટો સમૂહ આ, (૭૧:૨૩)

તે રેખાંકન છે મૂક સૂચવંનુ
સત્યોને જે અજ્ઞાતે પ્રવર્તતાં. (૭૯:૨૫)
અજ્ઞાતરૂપનાં ધારાધોરણોથી જ્ઞાન સૃષ્ટિ રચાય છે. (૭૯:૨૬)

બીજા પર્વના આઠમા સર્ગમાંના એક શ્લોકનો અનુવાદ ત્રણ શ્લોકોરૂપે પ્રાપ્ત થાય છે એ જોઈએ:

A prisoner of a hooded magic Force, (૨૩૦:૨૩)
Captured and trailed in Falsehood's lethal net
And often strangled in the noose of grief, (૨૩૦:૨૫)
Or cast on the grim morass of swallowing doubt,
Or shut into pits of error and dispair, (૨૩૦:૨૭)
He drank her poison droughts till none was left.
(૨૩૦:૨૮)

ઉપર્યુક્ત શ્લોકના ગુજરાતી અનુવાદરૂપે પૂજાલાલ ત્રણ શ્લોકો આપે છે:

(૧) અવગુંઠિત માયાવી શક્તિકેરો બંદીવાન બનેલ એ (353:5)
જૂઠાણાનો જીવલેણ જાળ મહીં ઝલાયલો
ને જતો ઘસડાઈ એ, (353:7)
વારેવારે શોકકેરા ફાંસાઓમાં ગૂંગળામણ વેઠતો.

(૨) કે ફેંકાતો ગળી જતા શંકા કેરા કાળા કળણની મહીં. (357:9)

(૩) કે ભૂલનો નિરાશાના ખાડાઓમાં પુરાતો પટકાઈને;
ઝેરના ઘૂંટડા એણે પીધા એના રહ્યા એક ન ત્યાં સુધી.
(357:11)

પૂજાલાલમાં એક શ્લોક માટે એકાધિક શ્લોકરૂપે અનુવાદ કરવાનું વલણ વ્યાપક પ્રમાણમાં જોવા મળે છે. એ દ્વારા અનુવાદક મૂળ કૃતિના ભાવને પૂરેપૂરો પ્રગટાવવાનો પ્રયત્ન કરે છે.

આવું જ વ્યાપકપણે જોવા મળતું વલણ એકાધિક અંગ્રેજી શ્લોકોનો અનુવાદ એક શ્લોકરૂપે આપવાનું ગણાવી શકાય. 'સાવિત્રી'ના

બીજા પર્વના છઠ્ઠા સર્ગમાંના નીચેના બે શ્લોકો આ દૃષ્ટિએ ઉલ્લેખનીય છે

(1) Death is a passage, not the goal of our walk: (197:10)
Some ancient deep impulsion labours on:
Our souls are dragged as with a hidden leash,
Carried from birth to birth, from world to world,
Our acts prolong after the body's fall
The old perpetual journey without pause. (197:15)

(2) No silent peak is found where Time can rest.
(197:16)

આ બે શ્લોકોનો અનુવાદ પૂજાલાલ નીચે દર્શાવેલા એક જ શ્લોકરૂપે આપે છે:

મૃત્યુ છે માર્ગ જવાનો, લક્ષ્ય યાત્રાનું એ આપણું નથી: (૨૧૧:૧૯
કોઈ પ્રાચીન ને ઊંડો લાગેલો છે એક આવેગ કાર્યમાં:
ગુપ્ત સાંકળથી જાણે બાંધ્યા તેમ જીવો ખેંચાય આપણા, (૨૧૧:૨૧)
જન્મથી જન્મમાં એક લોકથી અન્ય લોકમાં
એ ઉઠાવાઈ જાય છે, (૨૧૧:૨૩)
પડે છે આપણો દેહ તે પછીયે લંબાવ્યે જાય આપણાં
કર્મો મુસાફરી જૂની સતત અટક્યા વિના (૨૧૧:૨૫)
ન નીરવ મળે કોઈ શૃંગ કાળ જ્યાં વિશ્રામ લઈ શકે.

'સાવિત્રી'ના છઠ્ઠા પર્વના બીજા સર્ગમાં નારદ અશ્વપતિને પ્રારબ્ધ અંગે જે બોધ કરે છે એની ઉક્તિઓ પણ આ સંદર્ભે જોવા જેવી છે:

O King, thy fate is a transaction done (458:12)
At every hour between Nature and thy soul
With God for its foreseeing arbiter.
Fate is a balance drawn in Destiny's book. (458:15)

એનો ગુજરાતી અનુવાદ એક શ્લોકરૂપે આ પ્રમાણે છે:

'રામ! પ્રકૃતિને તારા આત્મા વચ્ચે (૭૩૩:૨૩)
પ્રત્યેક ઘટિકાએ જે સોદો ચાલી રહેલ છે
ને નિર્ણાયક છે જેમાં એને પૂર્વદૃષ્ટિથી દેખતા પ્રભુ, (૭૩૩:૨૫)
તે છે પ્રારબ્ધ તાહરું,
પ્રારબ્ધ સરવૈયું છે વિધિને ચોપડે ચઢ્યું. (૭૩૩:૨૭)

અહીં જોઈ શકાય છે કે જે ભાવ મૂળ કૃતિમાં બે શ્લોકો દ્વારા વ્યક્ત થયો છે એ માટે પૂજાલાલે એક જ શ્લોક પ્રયોજ્યો છે. અહીં એ પણ જોઈ શકાશે કે ઉપર્યુક્ત બન્ને દૃષ્ટાંતોમાંનો પ્રથમ શ્લોક એકાધિક પંક્તિઓ ધરાવે છે અને બીજો શ્લોક એક સ્વયંપર્યાપ્ત પંક્તિ (epigram)નો બનેલો છે. પરંતુ દરવખતે આમ જ જોવા મળતું નથી. 'સાવિત્રી'ના દશમા પર્વના ચોથા પર્વની સાવિત્રીની ઉક્તિ આપણે જોઈએ:

(1) My mind is a torch lit from the eternal sun, (648:૨૨)
My life a breath drawn by the immortal Guest,
My mortal body is the Eternal's house. (648:૨૪)

(૨) Already the torch becomes the undying ray, (648:૨૫)
Already the life is the Immortal's force,
The house grows of the householder part and one. (648:૨૭)

આ બે શ્લોકોનો ગુજરાતી અનુવાદ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે:

મન મારું છે મશાલ પ્રગટેલી જે સનાતન સૂર્યથી, (1067:૨૪)
મારું જીવન છે પ્રાણોચ્છ્વાસ એક લેતો જે અમરાતિથિ,
છે સનાતનનું ધામ મારું મર્ત્ય કલેવર, (1067:૨૬)
મશાલ ક્યારનીયે છે બનેલી અમર પ્રભા,
બની જીવન ચૂક્યું છે ઓજ અમર આત્મનું, (1067:૨૮)
બની ગૃહ ગયેલું છે ભાગ એક ગૃહસ્થનો. (1067:૨૯)

અહીં બન્ને અંગ્રેજી શ્લોકો ત્રણ ત્રણ પંક્તિઓના બનેલા છે એ નોંધવું રહ્યું.

મોટે ભાગે તો અનુવાદમાં અનુવાદક મૂળકૃતિની જ શ્લોકરચનાને અનુસર્યા છે. અર્થાત્ એક શ્લોકનો અનુવાદ મોટેભાગે એક કે ક્યારેક એકાધિક પૂર્ણ શ્લોકોરૂપે જ કરે છે. પરંતુ ક્યારેક પહેલા શ્લોકની પંક્તિ બીજામાં કે બીજાની પહેલામાં અનૂદિત થઈ હોવાના દૃષ્ટાંતો પણ પ્રાપ્ત થાય છે. આ દૃષ્ટિએ બીજા પર્વના ચોથા સર્ગના નીચેના બે શ્લોકો ધ્યાનાર્હ છે :

(1) In him matter wakes from its long obscure trance,
In him earth feels the Godhead drawing near.
(133 : 18, 19)

(૨) An eyeless power that sees no more its aim,
A restless hungry energy of will, (133 : ૨1)
Life cast her seed in the body's indolent mould;
It woke from happy torpor a blind Force (133 : ૨3)
Compelling it to sense and seek and feel.
(133 : ૨4).

ઉપર્યુક્ત શ્લોકોનો ગુજરાતી અનુવાદ આ મુજબ છે :

એનામાં દ્રવ્ય જાગે છે સ્વ તામિસ્ત્ર લયથી દીર્ઘકાળના, (૨૦૦:૨૭)
લઈ ચ મુકૂલ ના ભોતી શક્તિ એક અલોચના,
પૃથ્વી અનુભવે એની મહીં ઇશ સમીપે આવતો સરી. (૨૦૦:૨૧)
ઓજ સંકલ્પનું વ્યગ્ર રહેનારું ક્ષુધાભર્યું,
એવી જે જિંદગી તેણે નિજ બીજ (૨૦૧:1)
નાખ્યું મંદ ઢાળામાંહે શરીરના;
સુખી તંદ્રા થકી એણે જગાડી છે આંધળી એક શક્તિને (૨૦૧:૩)
અને ફરજ પાડી છે એણે એને
ઇન્દ્રિયજ્ઞાનની, શોધ કરવાની અને સંવેદનાતણી. (૨૦૧:5)

અહીં જોઈ શકાશે કે મૂળકૃતિનો પ્રથમ શ્લોક બે પંક્તિઓનો (133:18,19) જ છે. જ્યારે બીજો શ્લોક ચાર પંક્તિઓનો છે. ગુજરાતી અનુવાદમાં બીજા શ્લોકની પ્રથમ પંક્તિ પ્રથમ શ્લોકની બીજી પંક્તિરૂપે

અનુવાદ પામી છે. અલબત્ત, પૂજાલાલમાં આવાં દૃષ્ટાંતો જવલ્લે જ પ્રાપ્ત થાય છે.

લાઘવ શ્રી અરવિંદની શૈલીનો એક વિશેષરૂપે ઉલ્લેખનીય ગુણ છે. ક્યારેક તેઓ કોઈ પંક્તિમાં પ્રયોજેલા એક ક્રિયાપદની અસર એ પછીની ત્રણ પંક્તિઓ સુધી વિસ્તારે છે. અનુવાદમાં આવું લાઘવ પ્રગટાવવું શક્ય નથી. પાંચમા પર્વના બીજા સર્ગની સત્યવાનના દેહસૌષ્ઠવનું વર્ણન કરતી નીચેની પંક્તિઓ આ દૃષ્ટિએ ધ્યાનાર્હ છે:

A veda-knower of the unwritten book (393:30)
Perusing the mystic scripture of her forms,
He had caught her hierophant significances,
Her sphered immense imaginations learned,
Taught by sublimities of stream and wood,
And voices of the sun and star and flame
And chant of the magic singer on the boughs (393:36)
And the dumb teaching of four-footed things.
(394:1)

અહીં જોઈ શકાશે કે પંક્તિક્રમાંક (393:34)માં પ્રયોજાયેલું 'taught' ક્રિયાપદ એ પછીની ત્રણ પંક્તિઓ (393:35), (393:36) અને (394:1)માં પણ પ્રવર્તે છે. આ શ્લોકનો ગુજરાતી અનુવાદ નીચે દર્શાવ્યા મુજબ છે:

લિપિબદ્ધ ન જે ગ્રંથ તેનો વેદજ્ઞ એ હતો, (૬૨૭:૨૬)
એનાં રૂપોતણાં ગૂઢ શાસ્ત્રોના પરિશીલને
એના પાવન ભાવોનું ગુહ્ય એણે ગ્રહ્યું હતું; (૬૨૭:૨૮)
ભણ્યો'તો કલ્પનાઓ એ એની ભવ્ય જીવનાકાર ધારતી,
પઢાવાયો હતો એહ પ્રૌઢિઓથી સ્રોતને કાનનોતણી, (૬૨૭:૩૦
સૂર્ય-તારક-જ્વાલાના સ્વર એને હતા શિક્ષણ આપતા, (૬૨૮:૧)
જાદૂઈ ગાયકો ડાળે બેસી ગાઈ ગાઈને જ્ઞાન આપતા
ને ચતુષ્પાદના મૂગા ઉપદેશે એને બોધ મળ્યો હતો. (૬૨૮:૩)

અહીં જોઈ શકાશે કે (૬૨૭:૩૦) પંક્તિ મૂળ કૃતિના પંક્તિક્રમાંક (૩૧૩:૩૪) ના અનુવાદરૂપે પ્રયોજાઈ છે. એમાં 'taught' ક્રિયાપદનો અનુવાદ 'પઢાવાયો હતો' કરવામાં આવ્યો છે. આ જ ક્રિયાપદનો અર્થ એ પછીની ત્રણ પંક્તિઓમાં અનુક્રમે આ પ્રમાણે પ્રાપ્ત થાય છે: 'શિક્ષણ આપતા' (૬૨૮:૧); 'જ્ઞાન આપતા' (૬૨૮:૨) અને 'બોધ મળ્યો હતો' (૬૨૮:૩). આમ, મૂળ કૃતિનું લાઘવ અનુવાદમાં પ્રગટતું નથી એ સ્વયંસ્પષ્ટ છે.

ક્યારેક 'સાવિત્રી'ની મૂળ શૈલી અનુવાદમાં સારા એવા પ્રમાણમાં સંક્રમણ પામતી જોઈ શકાય છે. આ સંદર્ભે બીજા પર્વના પ્રથમ સર્ગની નીચેની પંક્તિ ઉલ્લેખનીય છે:

It is within, below, without, above.
(૧૪:૩૧)

આ પંક્તિનો ગુજરાતી અનુવાદ આ પ્રમાણે છે:

છે એ ભીતર, છે નીચે, છે બહાર, અને છે ઊર્ધ્વમાંય એ.
(146:24)

અહીં સૂક્ષ્મ ભૂમિકાના પ્રદેશોના પ્રવર્તન અંગે જણાવતાં શ્રી અરવિંદ 'within'; 'below'; 'without'; અને 'above' જેવા શબ્દો પ્રયોજે છે. એના ગુજરાતી અનુવાદમાં 'ભીતર'; 'નીચે'; 'બહાર'; અને 'ઊર્ધ્વમાંય' જેવા શબ્દો અને એ પ્રત્યેકની પૂર્વે પ્રયોજાયેલ 'છે' જેવો કાળવાચક શબ્દ વિશેષ ચમત્કૃતિ પ્રગટાવે.

'સાવિત્રી'ના આઠમા પર્વના ત્રીજા સર્ગની સત્યવાનના મૃત્યુ સમયની અંતિમ ઉક્તિઓ પણ આ દૃષ્ટિએ જોવા જેવી છે

Savitri, Savitri, O Savitri,
Lean down, my soul, and kiss me while I die."
(૫૬૫:૨,૩)

આ પંક્તિઓનો અનુવાદ નીચે મુજબ જોવા મળે છે:

HANSA MEHTA LIBRARY
M. S. University of Baroda

'સાવિત્રી! ઓહ સાવિત્રી! સાવિત્રી! મુજ આત્મા ઓ…
ઝૂક મારી પરે, ચૂમ મરવાને સમે મને.
(શ્રા.પ્ર.: 3/4).

પ્રસ્તુત દૃષ્ટાંત અને તેના અનુવાદમાં સાવિત્રીના નામના ત્રણ વારનાં આવર્તન અને પછી ટૂંકાટૂંકા શબ્દો વડે વ્યક્ત થયેલી સત્યવાનની અંતિમ ઈચ્છા શૃંગારની આછી ઝાંયયુક્ત હોઈ કરુણ પૂર્ણપણે વ્યંજિત કરે છે.

(ઘ) મૂળ કૃતિની વિભિન્ન શૈલીઓનું સંક્રમણ:

હવે આપણે મૂળ કૃતિમાં પ્રયોજાયેલી વિભિન્ન શૈલીઓ અનુવાદમાં કેટલે અંશે સંક્રમણ પામી છે એની કિંચિત્ વિચારણા કરીએ.

અગાઉ પ્રથમ પ્રકરણમાં જણાવ્યા મુજબ સમગ્રતયા 'સાવિત્રી' મહાકાવ્યમાં અનેક શૈલીઓનો કુશળતાપૂર્વક વિનિયોગ થયેલો છે. એના એક ઉત્કૃષ્ટ ઉદાહરણરૂપે આપણે પર્વ-૫, સર્ગ-3ની સાવિત્રી સત્યવાનને પોતાનો જે પ્રથમ પરિચય આપે છે એ પંક્તિઓ જોઈએ:

Musing she answered: 'I am Savitri, (402:33)
Princess of Madra. Who art thou? What name
musical on earth expresses thee to men? (402:35)
What trunk of king watered by fortunate streams
Has flowered at last upon one happy branch?
(403:1).

આ પંક્તિઓનો ગુજરાતી અનુવાદ હવે જોઈએ:

'સાવિત્રી' નામ છે મારું, છું હું મદ્ર દેશની રાજકન્યકા. (645:2)
પરંતુ કોણ છે તું? ને ક્યા સંગીત મીઠડા
નામે પૃથ્વી પરે લોકો પિછાને છે તને? કહે, (645:4)
રાજાઓનું કયું વંશવૃક્ષ પાણી પીને સૌભાગ્ય-સ્રોતનું
આખરે સુખિયા એક શાખાએ છે સુપુષ્પે શોભતું બન્યું? (645:

અહીં જોઇ શકાશે કે પ્રથમ ત્રણ પંક્તિઓમાં સાવિત્રીનો પ્રાથમિક પરિચય આપવામાં આવ્યો છે અને અંતિમ બે પંક્તિઓમાં વૃક્ષના રૂપક દ્વારા તે 'કાવ્ય' બની રહે છે. ગુજરાતી અનુવાદમાં પણ આ સચોટ રીતે સંક્રમણ પામે છે.

એ જ રીતે 'સાવિત્રી'માં નાટ્યાત્મક શૈલીનો પણ નોંધપાત્ર વિનિયોગ થયો છે. ચં.ચી. મહેતા કૃત 'સાવિત્રી'ના રેડિયો રૂપક-રૂપાંતરણ તપાસતાં આપણે એની વિગતે વિચારણા કરવાના જ છીએ. પરંતુ પૂજાલાલમાં આ શૈલી કઈ રીતે સંક્રમણ પામે છે એ દૃષ્ટિએ નવમા પર્વના બીજા સર્ગની મૂળ કૃતિની પંક્તિઓ અને એ પછી પૂજાલાલકૃત અનુવાદની પંક્તિઓ આપણે જોઈએ:

"O Death, who reasonest, I reason not, (594:13)
Reason that scans and breaks, but cannot build
Or builds in vain because she doubts her work.
I am, I love, I see, I act, I will." (594:16).

ગુજરાતી અનુવાદ :-

"યુક્તિથી બોલતા મૃત્યુ! યુક્તિ હું ન પ્રયોજતી, (૯૬૪:૨૬)
યુક્તિ પર્યવલોકે ને ખંડે, કિંતુ ફરી મંડન ના શકે,
કે મંડાણ કરે મોઘ, (૯૨૬:૨૮)
કેમ કે એ અવિશ્વાસ સ્વકાર્ય પર રાખતી.
હું છું, હું પ્રેમ રાખું છું, (૯૨૮:૩૦)
જોઉં છું, આચરું છું હું, અને સંકલ્પ સેવું છું." (૯૨૯:૧)

અહીં મૂળ શ્લોકની નાટ્યાત્મકતા અનુવાદમાં પૂરેપૂરી સંક્રાન્ત થઈ હોવાનું જોઈ શકાય છે.

આ જ રીતે 'સાવિત્રી'માં પ્રયોજાયેલ ચિંતનાત્મક; લિરિકલ, પ્રપક્કરણાત્મક આદિ વિભિન્ન શૈલીઓ પણ મોટેભાગે ગુજરાતી અનુવાદમાં સંક્રમણ પામી છે એ વિશેષરૂપે ઉલ્લેખને પાત્ર છે.

(૪) અલંકારવિધાન :-

'સાવિત્રી'માં પ્રયોજાયેલા વિવિધ અર્થાલંકારો ગુજરાતી અનુવાદમાં કેટલા અંશે સંક્રમણ પામે છે એ આપણી તપાસનો અહીં મુખ્ય વિષય બને છે. 'સાવિત્રી'ની શૈલીની વિચારણા કરતી વખતે એના ધ્વનિસ્તરની ચર્ચામાં શબ્દાલંકારો પ્રત્યે સંકેત થઈ ચૂક્યો છે. વિસ્તારભયે આપણી તપાસ કેવળ પ્રતિનિધિરૂપ ઉપમા અને રૂપક અલંકારો પૂરતી સીમિત જ રાખીશું.

સૌપ્રથમ આપણે પ્રથમ પર્વના પ્રથમ સર્ગમાં પ્રયોજાયેલા નોંધપાત્ર ઉપમા અલંકારનું દૃષ્ટાંત લઈએ:

The darkness failed and slipped like a falling cloak
From the receding body of a god.
(3 : ૨૯-30)

આનો ગુજરાતી અનુવાદ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે:

અંધકાર ગયો હારી, ને અહેલી ઢળેલ કો
દેવના દેહથી જામો સરે તેમ સરી ગયો.
(૬ : ૨૯-૩૦)

અહીં જોઈ શકાય છે કે મૂળ શ્લોકનો ઉપમાલંકાર અનુવાદમાં અશેષ સંક્રમણ પામ્યો છે.

ઉપમા અલંકારનું બીજું દૃષ્ટાંત આપણે ચોથા પર્વના પ્રથમ સર્ગમાંથી જોઈએ:

Her nature dwelt in a strong separate air
Like a strange bird with large rich coloured breast
That sojourns on a secret fruited bough
Lost in the emerald glory of the woods
Or flies above divine unreachable tops.
(355 : 19 - ૨૩.)

આ શ્લોકનો ગુજરાતી અનુવાદ નીચે પ્રમાણે પ્રાપ્ત થાય છે:

એના સ્વભાવને એક ના આવશ્યકતા હતી, (558:૨૨)
વાયુમંડળમાં એક વીર્યવંત અલાયદા
એ તો આનંદમાં મગ્ન ઊડણો માણતો હતો, (558:૨૪)
વિશાળ વર્ષાને રંગ્યાં રિક્ત જેમ પંખી કોઈ નવાઈનું
સંતાયેલાં ફળોવાળી ડાળે વિરમતું જઈ (558:૨૬)
લીન કાનનના લીલા લીલમી મહિમામહીં,
અથવા ઊડતું દિવ્ય ને અગમ્ય ઊંચાં તરુ-શિરો પરે. (558:૨૮)

અહીં પણ મૂળકૃતિનો ઉપમા અલંકાર અનુવાદમાં પૂર્ણપણે પ્રગટી શક્યો છે.

દશમા પર્વના પ્રથમ સર્ગમાં મૃત્યુના આલેખનમાં પ્રયોજાયેલો રૂપક અલંકાર ગુજરાતીમાં કેવો સંક્રમણ પામે છે એ જોઈએ:

Death is a stair, a door, a stumbling stride (600:34)
The soul must take to cross from birth to birth,
A grey defeat pregnant with victory,
A whip to lash us towards our deathless state.
(601:1)

ઉપર્યુક્ત શ્લોકનો ગુજરાતી અનુવાદ નીચે દર્શાવ્યા મુજબ છે:

મૃત્યુ છે એક સોપાન, દ્વાર એક, ડગ છે ઠોકરાતું (974:૨૪)
આત્માએ ભરવાનું જે હોય છે એક જન્મથી
બીજા જન્મ મહીં જવા, (974:૨૬)
જીતનો ધારતી ગર્ભ ધૂસરી એક હાર છે,
ચાબખો છે ચલાવી જે લઈ આપણને જતો (974:૨૮)
મૃત્યુમુક્ત અવસ્થામાં આપણી. (974:૨૯)

અહીં મૂળનો રૂપક અલંકાર અનુવાદમાં પૂરેપૂરો સંક્રમણ પામ્યો છે એ અનુભવી શકાય છે.

આમ, 'સાવિત્રી' મહાકાવ્યમાં પ્રયોજાયેલા અર્થાલંકારો પૂજાલાલના ગુજરાતી અનુવાદમાં પ્રાય: પૂરેપૂરા સંક્રમણ પામ્યા હોવાનું સમજાય છે.

ભાષાકર્મ : ઉપસંહાર :

પૂજાલાલના અનુવાદનો સમગ્ર ભાષાકર્મની દૃષ્ટિએ વિચાર કરતાં ખ્યાલ આવે છે કે એમણે બ્લેંક વર્સના વિકલ્પરૂપે જે વ્યસ્ત અનુષ્ટુપ પ્રયોજ્યો છે એમાં પૂરેપૂરું ઔચિત્ય જળવાયું છે. ગુજરાતી સાહિત્યને અનુવાદકનું આ વિશિષ્ટ પ્રદાન છે. પ્રસ્તુત અનુવાદની બાની પ્રાય: સંસ્કૃતાઢ્ય છે. પરંતુ વ્યવહારની ભાષાના શબ્દો / રૂઢપ્રયોગો તેમજ અરબી, ફારસી, અંગ્રેજી જેવી અન્ય ભાષાઓના શબ્દોના વિનિયોગ દ્વારા અનુવાદ લોકભોગ્ય પણ બનાવાયો છે. એજ રીતે મૂળ કૃતિની શૈલીને અનુવાદમાં ઉતારવાના એમના પ્રયાસની ધ્વનિ / શબ્દ / પંક્તિ શ્લોક સ્તરે અન્વેષણા કરતાં સમજાય છે કે એમાં એમને મિશ્ર સફળતા પ્રાપ્ત થઈ છે. મૂળ કૃતિના અલંકાર વિધાનને પણ તેઓ પ્રાય: અશેષપણે સંક્રમિત કરી શક્યા છે. સમગ્ર રીતે જોતાં મૂળ કૃતિના ભાવને ગુજરાતી અનુવાદમાં સારા એવા પ્રમાણમાં પ્રગટાવી શક્યા છે.

પૂજાલાલના અનુવાદનાં પાઠાંતરો :-

એ તો સુવિદિત છે કે પૂજાલાલે 'સાવિત્રી'નો પ્રસ્તુત અનુવાદ ઇ.સ.૧૯૭૨ના ઓગષ્ટથી આરંભ્યો હતો. અને છ ગ્રંથરૂપે એની પ્રથમ આવૃત્તિ પ્રકાશિત થઈ હતી. અનુવાદનું પ્રથમ પુસ્તક ઇ.સ. ૧૯૭૩ના ફેબ્રુઆરીની ૨૧મીએ - શ્રી માતાજીના જન્મદિવસે - અને છઠ્ઠું ૧૯૭૫ના ઓગષ્ટની ૧૫મીએ - શ્રી અરવિંદના જન્મ-દિવસે - પ્રગટ થયું હતું. આ પૂર્વે એમણે 'સાવિત્રી'ના ઉપસંહારના બારમા પર્વ - (Book-12, Epilogue)નો ગુજરાતીમાં સમશ્લોકી પદ્યાનુવાદ કર્યો હતો. આ અનુવાદને ઓગષ્ટ ૧૯૭૨ માં

રતિલાલ શાહ, કપડવંજ, ગુજરાતથી પ્રકાશિત કર્યો હતો. આમ, 'સાવિત્રી'ના બારમા પર્વના પૂજાલાલ પાસેથી આપણને બે અનુવાદો પ્રાપ્ત થાય છે. ઓગષ્ટ-૧૯૭૨ ના અનુવાદને આપણે પ્રથમ વાચના અને ઓગષ્ટ ૧૯૭૫ના અનુવાદને અંતિમ વાચના તરીકે ઓળખીશું.

પ્રથમ વાચનાના પુસ્તકમાં અંતભાગે કરાયેલા ઉલ્લેખ અનુસાર એ અનુવાદનો આરંભ પૂજાલાલે ૧૭ એપ્રિલ ૧૯૭૨થી કર્યો હતો. અને આ અનુવાદ ૬ મે ૧૯૭૨ના રોજ સંપન્ન થયો હતો. આ અનુવાદની પ્રસ્તાવના (આમુખ) ભીમોધર ભટ્ટે લખી હતી. જ્યારે 'સાવિત્રી'ના સાદ્યંત અનુવાદની પ્રસ્તાવના સુન્દરમ્‌એ લખી છે. પૂજાલાલે પ્રથમ અનુવાદમાં પણ મૂળ કૃતિના બ્લેન્કવર્સ માટે અનુષ્ટુપ-વ્યસ્તરૂપમાં પ્રયોજ્યો હતો એ નોંધપાત્ર છે.

શ્રી અરવિંદના 'સાવિત્રી' જેવા મહાકાવ્યનો અનુવાદ કરવો એ કેવું તો ધૃષ્ટતાભર્યું સાહસ છે એ જણાવી પ્રથમ વાચનાના પ્રકાશિત પુસ્તકના નિવેદનમાં પૂજાલાલ કહે છે: "બને એટલી સરળ ભાષામાં કરેલા આ અનુવાદમાં ક્યાંય ક્લિષ્ટતા જેવું રહી ગયું હોય તો તે કેવળ મારી અશક્તિનો જ દોષ છે તે ક્ષમાયાચના-પૂર્વક સ્વીકારી લઉં છું, ને ભલામણ કરું છું કે જેઓ થોડુંઘણું અંગ્રેજી જાણતા હોય તેઓ તો મૂળ અંગ્રેજી જ વાંચે અને શ્રી અરવિંદના સાર્થક શબ્દોમાં રહેલી ચિજ્જ્યોતિથી ચિદાત્માને ભરી આનંદલહરીએ આરૂઢ થાય."*[૫૬] અહીં અનુવાદકની મનોભૂમિકા જોઈ શકાય છે કે આ અનુવાદને તેઓ વિનમ્રભાવે જુએ છે. અને એ મૂળકૃતિની સામર્થી જેથી એની સભાનતા પણ અસ્ફુટરૂપે અનુભવી શકાય છે.

'સાવિત્રી'ના બારમા પર્વનાં બે પાઠાંતરોની તુલના એક આગવા અભ્યાસનો રસપ્રદ વિષય છે. પ્રસ્તુત મહાનિબંધની મર્યાદામાં રહીને આપણે એનું અધ્યયન કરીશું. સત્યવાનના પિતા દ્યુમત્સેનને પુનઃ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને ગુમાવેલું રાજ્ય સામેથી શોધતું આવી મળે છે ત્યારે તેઓ સત્યવાન સાવિત્રીને

શોધવા આખું વન ખૂંદી વળે છે. જ્યારે એમને સત્યવાન- સાવિત્રીનો ભેટો થાય છે તે વખતના દ્યુમત્સેનના પ્રથમ સત્યવાનને અને પછીથી સાવિત્રીને કરાયેલા ઉદ્‌બોધનનું આપણે નમૂનારૂપે અધ્યયન કરીએ.

મૂળ 'સાવિત્રી'ની પંક્તિઓ આ પ્રમાણે છે:

.... Then tenderly (૭૨૨:૨૮)
Cried Dyumathsena chiding Satyavan:
"The fortunate gods have looked on me today,
A kingdom seeking came and heaven's rays.
But where wast thou? Thou hast tormented gladness
With fear's dull shadow, O my child, my life.
What danger kept thee for the darkening woods?
Or how could pleasure in her ways forget
That useless orbs without thee are my eyes (૭૨૨:36)
Which only for thy sake rejoice at light? (૭૨૩:1)
Not like thyself this done, Savitri,
Who ledst not back thy husband to our arms, (૭૨૩:3)
Knowing with him beside me only is taste
In food and for his touch evening and morn
I live content with my remaining days."
(૭ 33: 6)

એની પ્રથમ વાચના આ પ્રમાણે છે:

દ્યુમત્સેન પછી દેતો ઠપકો સત્યવાનને (31:૮)
વદ્યો કોમળ સૂરથી,
"આજે શુભદ દેવોએ કૃપાદષ્ટિ (31:10)
મારી પર કરેલ છે,
આવ્યું છે શોધતું રાજ્ય, આવ્યાં કિરણ સ્વર્ગનાં. (31:૧૨)
તું પરંતુ કહીં હતો?

ઓ મારા પુત્ર! ઓ મારા પ્રાણ! તેં શુભ હર્ષને (31:14)
ભયની ગાઢ છાયાએ ત્રાસથી ગ્રસ્ત છે કર્યો.
અંધારાનાં અરણ્યોમાં તને રોક્યો, (31:16)
કહે, કવણ મોખમે?
આના સુખદ સંસર્ગો શું તું ભૂલી ગયો હતો (31:18)
કે તારા વણ આ મારી આંખો માત્ર
બાકોરાં જ, ન અન્ય કૈં; (31:૨૦)
એ તારે કારણે માત્ર પ્રમુદિત પ્રકાશતી?
ને સાવિત્રી! તને યે આ કરવું શોભતું ન'તું, (31:૨૨)
કે તું ના નાથને લાવી અહીં પાછો
અમારા ભુજપાશમાં; (31:૨૪)
ભણે છે તું કે અમારી પાસે એ હોય તો જ દે
મને આસ્વાદ ભોજનો, (31:૨૬)
ને સાંજ ને સવારે હું એના સંસ્પર્શ માત્રથી
રહું સંતોષ માનીને મારા શેષ (31:૨૮)
રહેલા દિવસો પકી." (31:૨૯)

અંતિમ વાચના :-

દ્યુમત્સેન પછી દેતો ઠપકો સત્યવાનને (1186:1)
વદ્યો કોમલ સૂરથી :
"આજે શુભદ દેવોએ કૃપાદૃષ્ટિ મારા પર કરેલ છે, (1186:3)
આવ્યું છે શોધ્યું રાજ્ય, આવ્યાં છે રશ્મિ સ્વર્ગનાં.
તું પરંતુ કહીં હતો? (1186:5)
ઓ મારા પુત્ર! ઓ મારા પ્રાણ! તેં આમ હર્ષને
ભયની મંદ છાયાથી ત્રસ્ત ને ગ્રસ્ત છે કર્યો. (1186:7)
અંધારાનાં અરણ્યોમાં તને રોક્યો, કહે કવણ મોખમે?
કે આના સુખ-સંસર્ગો શું તું ભૂલી ગયો હતો (1186:9)
કે તારા વણ આ મારી આંખો માત્ર બાકોરાં જ, ન અન્ય કૈં,
ને તારે કારણે માત્ર એ પ્રસન્ન પ્રકાશતી? (1186:11)
ને સાવિત્રી! તને યે આ કરવું શોભતું ન'તું, (1186:12)

કે તારા પતિને પાછો તું ન લાવી અમારા ભુજપાશમાં, (1186:13)
જાણ્યા છતાંય કે જો એ અમારી પાસ હોય છે,
તો જ ભોજન ભાવે છે, અને સાંજ-સવાર હું (1186:15)
એના પરસને લીધે સંતોષે રહું જીવતો
મારા બાકી રહેલા દિવસોમહીં." (1186:17)

ઉપર્યુક્ત બન્ને વાચનાઓની મૂળ કૃતિના અંશ સાથે તુલના કરતાં સૌપ્રથમ શાબ્દિક તફાવતો ધ્યાનમાં આવે છે. ત્યારબાદ મૂળકૃતિની એક પંક્તિ માટે અંતિમ વાચનામાં પ્રયોજાયેલી એક અને પ્રથમ વાચનામાં પ્રયોજાયેલ બે પંક્તિઓનો ભેદ નોંધપાત્ર છે. ક્યારેક બન્ને વાચનાઓમાં પૂર્ણ સમાનતા પણ જોઈ શકાય છે, આ ત્રણે લક્ષણોને આપણે સદૃષ્ટાંત સમજીએ.

અનુવાદની પ્રથમ અને અંતિમ વાચનામાં શાબ્દિક તફાવતો અનેક રીતના જોઈ શકાય છે. આપણે એનું એક દૃષ્ટાંત જોઈએ. મૂળકૃતિનો અંશ નીચે મુજબ છે :

Knowing with him beside he only is taste
In food and for his touch evening and morn
I live content with my remaining days."
(723: 4 to 6)

પ્રથમ વાચના :-

જાણે છે તું કે અમારી પાસે એ હોય તો જ દે (૩૧:૨૫)
મને આસ્વાદ ભોજનો,
ને સાંજે ને સવારે હું એના સંસ્પર્શ માત્રથી (૩૧:૨૭)
રહું સંતોષ માનીને મારા શેષ
રહેલા દિવસો પર્યંત. (૩૧:૨૯)

અંતિમ વાચના :

જાણ્યા છતાંય કે જો એ અમારી પાસ હોય છે (1186:14)

તો જ ભોજન ભાવે છે, અને સાંજ-સવાર હું (1186:15)
એના પરસને સાથે સંતોષે રહું જીવતો
મારા બાકી રહેલા દિવસોમહીં. (1186:17)

ઉપર્યુક્ત બન્ને વાચનાઓમાં મૂળ અર્થ કેટલે અંશે વ્યક્ત થઈ શક્યો છે એ તપાસીએ તો ખ્યાલ આવે છે કે અંતિમ વાચનામાં અર્થ પ્રાસાદિક બને છે. Knowing with him beside he only : is taste / In food... નો અનુવાદ અંતિમ વાચના 'જાણ્યા છતાંય કે એ અમાર પાસ હોય છે / તો જ ભોજન ભાવે છે.' માં અર્થ પ્રાસાદિક છે. જ્યારે 'જાણે છે તું કે અમારી પાસે એ હોય તો જ દે / મને આસ્વાદ ભોજનો' માં અર્થ પ્રમાણમાં થોડોક દુર્બોધ બને છે. વળી, અંતિમ વાચનામાં અર્થ ચાર પંક્તિઓમાં વ્યક્ત થાય છે. જ્યારે એ માટે પ્રથમ વાચનામાં પાંચ પંક્તિઓ પ્રયોજાઈ છે. આમ, અંતિમ વાચનામાં લાઘવ જોવા મળે છે. આ વલણ પ્રસ્તુત દૃષ્ટાંત પુરતું સીમિત ન રહેતાં સમગ્ર અનુવાદમાં પ્રમાણી શકાય છે. ચર્ચામાં લીધેલા અંશમાં touch (723:5) નો અનુવાદ અંતિમ વાચનામાં 'પરસ' (1186:16) પ્રાપ્ત થાય છે. જ્યારે પ્રથમ વાચનામાં એ માટે 'સંસ્પર્શ' શબ્દ છે. અહીં પ્રથમ વાચનાનો અર્થ સંસ્પર્શ વિશેષ સંતર્પક બને છે. અંતિમ વાચનામાં છંદનું માપ જાળવવા માટે 'સ્પર્શ' ને બદલે 'પરસ' કરવું પડ્યું હોય એમ સમજાય છે. શાબ્દિક તફાવતોના અન્ય દૃષ્ટાંતોમાં Rejoice (723:1) માટે અંતિમ વાચનામાં પ્રયોજેલ 'પ્રસન્ન' (1186:11) અને પ્રથમ વાચનામાં પ્રાપ્ત થતા 'પ્રમુદિત' (31:21) શબ્દને નોંધવો રહ્યો. અહીં પ્રસન્ન' શબ્દના પ્રયોગથી પ્રાસાદિકતા પ્રગટે છે જ્યારે 'પ્રમુદિત' શબ્દ એની સાપેક્ષે અલ્પપ્રયુક્ત હોઈ અર્થદુર્બોધતા આણે છે. ક્યારેક આવા શાબ્દિક અનુવાદો ગૌણ પણ બની રહે છે. આખી પંક્તિમાં એટલું જ પરિવર્તન જોવા મળે છે. દાખલા તરીકે : Rays (722:32)

માટે અંતિમ વાચનામાં રશ્મિ (1186:4) અને પ્રથમ વાચનામાં 'કિરણ' શબ્દો પ્રયોજાયા છે.

અનુવાદની બન્ને વાચનાઓની તુલના કરતાં બીજું જે ધ્યાનાર્હ લક્ષણ પ્રાપ્ત થાય છે તે પંક્તિસંખ્યા અંગેનું છે. મૂળ કૃતિની કોઈ પંક્તિનો અનુવાદ અંતિમ વાચનામાં એક જ પંક્તિ દ્વારા પ્રાપ્ત થયો હોય, પરંતુ પ્રથમ વાચનામાં એ માટે બે પંક્તિઓ પ્રયોજાઈ હોય. એનું નોંધપાત્ર દૃષ્ટાંત આ પ્રમાણે છે:

પ્રથમ વાચના:

આજે શુભદ દેવોએ કૃપાદૃષ્ટિ
મારી પર કરેલ છે, (31:10,11)

અંતિમ વાચના :-

આજે શુભદ દેવોએ કૃપાદૃષ્ટિ મારા પર કરેલ છે.
(1186:3)

ઉપર્યુક્ત અનુવાદોની મૂળ પંક્તિ આ મુજબ છે :

The fortunate gods have looked on me today.
(7૨૨:30)

અહીં જોઈ શકાશે કે અંતિમ વાચનામાં અનુષ્ટુપના ચાર ચાર લગાત્મક માત્રાઓની પાંચ સંધિઓની બનેલી એક પંક્તિ છે, જ્યારે પ્રથમ વાચનાની બે પંક્તિઓમાં અનુક્રમે 3 અને 2 સંધિ જોઈ શકાય છે. વળી, અહીં 'me' ના અનુવાદમાં 'મારા' (1186:3) અને 'મારી' (31:11)નું ગૌણ શાબ્દિક પરિવર્તન પણ રહેલું છે. આ પંક્તિ સંખ્યાનો વધારો એ બે વાચનાઓનું એક વ્યાવર્તક લક્ષણ છે. એને પરિણામે પ્રથમ વાચનાનું કદ પણ વધ્યું છે એ નોંધવું રહ્યું.

ક્યારેક પ્રથમ અને અંતિમ વાચનાઓમાં કોઈ જ ફેરફાર જોવા મળતો નથી. ઉદાહરણ તરીકે -

Not like thyself was this done, Savitri.
(૭૨૩:૭)

આ પંક્તિનો અનુવાદ બન્ને વાચનાઓમાં નીચે દર્શાવ્યા મુજબ સમાન છે:

'ને સાવિત્રી! તને યે આ કરવું શોભતું ન'તું.

(1186:12) અને (31:22).

અલબત્ત, આવી પંક્તિઓ વિરલ છે.

આમ, સમગ્ર રીતે બન્ને વાચનાઓને સરખાવતાં સમજાય છે કે અંતિમ વાચનામાં અર્થ પ્રાસાદિકતા ધારણ કરે છે. છંદની દૃષ્ટિએ જોઈએ તો અંતિમ વાચનામાં પંક્તિઓની સંખ્યા ઘટે છે પરંતુ એમાંની ચાર ચાર માત્રાઓની લગાત્મક સંધિઓની સંખ્યા વધે છે. આના પરિણામે અંતિમ વાચનામાં લાઘવ આવ્યું છે. આમ, અહીં છંદ સમર્થ રીતે પ્રયોજાયો છે.

સ્વયં શ્રી અરવિંદે 'સાવિત્રી' લેખનમાં છ જેટલા સ્થળે પાઠાંતરો – 'alternative'/ possible alternative/ alternative reading/ another version અને alternative version – કર્યાં છે. આ પાઠાંતરોનાં સ્થાનો નીચે દર્શાવ્યા મુજબનાં પૃષ્ઠ પર પ્રાપ્ત થાય છે:

પર્વ	સર્ગ	પૃષ્ઠ	પર્વ	સર્ગ	પૃષ્ઠ
૨	૪	૨૨૪.	7	5	523.
7	1	467.	11	1	671.
7	3	495	11	1	683

આ પાઠાંતરોનું અધ્યયન કરતાં ખ્યાલ આવે છે કે અનુવાદકે એના અનુવાદમાં ત્રણ પદ્ધતિઓ અપનાવી છે:

(1) ક્યારેક અનુવાદક પાદટીપમાં સૂચવાયેલ પાઠાંતરનો અનુવાદ આપવાનું ટાળે છે. આના દૃષ્ટાંતો અગિયારમા પર્વના પૃષ્ઠ ક્રમાંક 671 અને 683 પર પ્રાપ્ત થાય છે. આપણે એનું એક

દૃષ્ટાંત જોઈએ :

Domains appeared of sempiternal light
(671:6).

અહીં 'appeared' નું પાઠાંતર 'were there' રૂપે પ્રાપ્ત થયું છે. એનો ગુજરાતી અનુવાદ આ રીતે પ્રાપ્ત થાય છે:

સનાતન પ્રભાકેરા પ્રદેશો દૃષ્ટિએ પડ્યા.
(1111:7)

અહીં પાદટીપમાં સૂચવાયેલા પાઠાંતર 'were there' ને અનુવાદમાં સ્થાન મળ્યું નથી.

(૨) ક્યારેક અનુવાદક મૂળ કૃતિમાં સૂચવાયેલા પાઠાંતરોનો જ અનુવાદ આપે છે. એનું ઉદાહરણ સાતમા પર્વના પાંચમા સર્ગમાં પ્રાપ્ત થાય છે. અહીં મૂળ પંક્તિ નીચે મુજબ છે :

He carried immortal lustre as his robe
(523:18).

અહીં 'immortal' શબ્દનું પાઠાંતર 'a moral' આપવામાં આવ્યું છે. આ પંક્તિનો ગુજરાતી અનુવાદ નીચે દર્શાવ્યો છે :

ભભારૂપે હતી ઓઢી એક માર્ત્ય પ્રભા ધરી,
(849:16).

અહીં જોઈ શકાશે કે પાઠાંતરમાં સૂચવાયેલા શબ્દને જ અનુવાદમાં સ્થાન મળ્યું છે.

(૩) ક્યારેક અનુવાદક મૂળ કૃતિમાં સૂચવાયેલા બન્ને પાઠાંતરોનો અનુવાદ આપે છે. એનાં દૃષ્ટાંત સાતમા પર્વના પહેલા અને ત્રીજા સર્ગમાં પ્રાપ્ત થાય છે. અહીં પ્રથમ દૃષ્ટાંતમાં અનુવાદકે એ પાઠાંતર છે એવો નિર્દેશ કર્યો નથી. જ્યારે બીજા દૃષ્ટાંતમાં પાઠાંતરને કૌંસ દ્વારા અલગ દર્શાવ્યું છે.

આમ, મૂળ કૃતિના પાઠાંતરોનો અનુવાદ અનુવાદક પોતાની

રીતે કરે છે.

ઉપસંહાર :-

આમ, સમગ્ર રીતે જોતાં પૂજાલાલ 'સાવિત્રી' મહાકાવ્યનો જે સમશ્લોકી પદ્યાનુવાદ આપે છે એમાં મૂળનો ભાવ સારા એવા પ્રમાણમાં સંક્રમણ પામ્યો છે. 'સાવિત્રી' જેવા બહુપરિમાણી મહાકાવ્યના અનુવાદકની સજ્જતા અને સર્જકતાની કસોટી તો છે જ. સાથે સાથે અનુવાદની ભાષા (target language) ની પણ કસોટી થતી હોય છે. અનુવાદકે આ માટે અર્થમાં વિસ્તાર, સંકોચ, પરિવર્તન, સાંસ્કૃતિક રૂપાંતરણ જેવી પ્રયુક્તિઓ પ્રયોજે છે. ક્યારેક વિશિષ્ટ અર્થસંદર્ભ દ્વારા પણ અર્થ સંક્રમણ કરવાનું વલણ દાખવે છે. અનુવાદમાં આ બધાને પરિણામે મોટેભાગે પ્રાસાદિકતા પ્રગટી છે. જો કે ક્યારેક દુર્બોધતા પણ પ્રવેશી ગઈ છે. મૂળ કૃતિના ભાવને અનુવાદમાં સંક્રમણ કરવાના મુખ્ય પ્રયોજનની સાથે સાથે અનુવાદમાં શક્ય ત્યાં સુધી મૂળની શૈલીનું પણ સંક્રમણ થાય એ માટે અનુવાદકે પ્રશસ્ય પ્રયાસ કર્યો છે. પ્રસ્તુત અનૂદિત કૃતિના ભાષાકર્મ સંદર્ભે આપણે એની તલગામી તપાસ કરી છે. એના આધારે પ્રતીત થાય છે કે અનુવાદકને એમાં મિશ્ર સફળતા મળી છે. એમાં ભાષાની મુશ્કેલીઓનો પણ એમને ઠીક ઠીક સામનો કરવો પડ્યો છે. એમાંથી અનુવાદકે પોતાની કારયિત્રી પ્રતિભાને બળે માર્ગ કાઢ્યો છે. અને અનુવાદને યથાશક્ય આસ્વાદ્ય કૃતિ બનાવ્યો છે. આમ કરવા જતાં અનૂદિત કૃતિનું કદ મૂળ કૃતિ કરતાં વધી ગયું છે એ નોંધવું રહ્યું. આમ, આ અનુવાદથી આપણું ગુજરાતી ભાષાનું અનુવાદ સાહિત્ય એક આગવા પરિમાણમાં મૂકાય છે. ગુજરાતને કરાયેલું પૂજાલાલનું આ વિશિષ્ટ અર્પણ છે, જે આપણા સાંસ્કૃતિક જીવનની એક શુભ ઘટના છે.

પાદટીપ

1 (52) સંપા. शर्मा सोहन. अनुवाद सोच और संस्कार पृ. २

૨ (52) એજન. પૃ. ૨.

3 (53) એજન. પૃ. 3.

4 (53) એજન. પૃ. 4.

5 (54) એજન. પૃ. 4.

6 (54) એજન. પૃ. 5.

7 (56) પૂજાલાલ. 'પારિજાત' પ્રવેશક. બ. ક. ઠાકોર. પૃ. ૧૨.

8 (63) પૂજાલાલ. 'શ્રી અરવિંદનાં કાવ્યો.' પ્રસ્તાવના. પૃ. 6,7.

9 (66) સંપા. કુમારિયા રોશનબહેન, દેસાઈ અશ્વિન. 'પરમ સાન્નિધ્યમાં' પૃ. 144-145.

10 (69) Pandit M.P. The Book of Beginnings. Pg. 3.

11 (71) એજન. પૃ. 74.

12 (74) સંપા. દેશપાંડે પાંડુરંગ યુનિવર્સલ ઇંગ્લીશ-ગુજરાતી ડિક્શનરી. પૃ. 518.

13 (75) સંપા. બેટાઈ રમેશ, કંસારા નારાયણ, ભારતીય સાહિત્ય વિચાર મંજૂષા. ગ્રંથ. ૧. પૃ. 43૨.

14 (76) પુરાણી અંબાલાલ. 'સાવિત્રી ગુંજન.' પાદટીપ. પૃ. 553

15 (77) Pandit M.P. The Book of Beginnings. Pg. ૨84.

16 (77) સંપા. શાસ્ત્રી કે. કા. બૃહદ્ ગુજરાતી કોશ. ખંડ. ૨. પૃ. ૧૨૦૯

17 (78) સંપા. દેશપાંડે પાંડુરંગ યુનિવર્સલ ઇંગ્લીશ-ગુજરાતી ડિક્શનરી. પૃ. 103.

18 (૮૬). edt. Pandit M.P. Dictionary of Sri Aurobindo's Yoga. Pg. 61.

19 (૮૬) Ibid. 1,૨.

૨0 (૮૭) Ibid. Pg. 113.

૨1 (૮૮) edt. Pandit M.P. Glossary of Sanskrit Terms in Sri Aurobindo's work. Pg. 13.

૨૨ (૮૯) Pandit M.P. The Book of Beginnings. Pg. ૫.

૨3 (૯0) Ibid. Pg. 165.

૨૪ (૯૧) સંપા. દેશપાંડે પાંડુરંગ યુનિવર્સલ ઇંગ્લીશ- ગુજરાતી ડિક્શનરી પૃ. 474.

૨૫ (૯૩) એજન. પૃ. 185.

૨6 (૯4) સંપા. શાસ્ત્રી કે.કા. બૃહદ્ ગુજરાતી કોષ. ખંડ-૨. પૃ. 1058.

૨૭ (૯4) એજન. પૃ. ૧૨48.

૨૮ (૯4) સંપા. દેશપાંડે પાંડુરંગ યુનિવર્સલ ઇંગ્લીશ- ગુજરાતી ડિક્શનરી. પૃ. 380.

૨૯ (૯5) એજન. પૃ. ૫૯3.

30 (૯૭) Pandit M.P. The Book of Beginning. Pg. 139.

31 (100) Ibid. Pg. 106.

3૨ (103) સંપા. દેશપાંડે પાંડુરંગ. યુનિવર્સલ ઇંગ્લીશ- ગુજરાતી ડિક્શનરી. પૃ. ૭1૭.

33 (105) એજન. પૃ. 816.

34 (106) એજન. પૃ. 460

35 (107) edt. Pandit. M.P. Dictionary of Sri Aurobindo's Yoga. Pg. ૨૩૯.

36 (107). Pandit M.P. The Book of Beginning. Pg. ૧૪

37 (108) સંપૂર્ણ બાઇબલ. ગુજ. અનુ. પારેખ નગીનદાસ, કવેલી ઇસુદાસ પૃ. 13.

38 (૧૧૨) કાલાણી કાંતિલાલ. છાંદસી. પૃ. 53

39 (૧૧૨) પાઠક રામનારાયણ. બૃહત્ પિંગળ. પૃ. 138

40 (૧૧૨). ,, કાલાણી કાંતિલાલ. છાંદસી. પૃ. 53 (ઉદ્ધૃત)

41 (113). પૂજાલાલ. 'સાવિત્રી' અનુવાદ. નિવેદન. પૃ. 5.

42 (116) કાલાણી કાંતિલાલ. છાંદસી. પૃ. 53 ઉદ્ધૃત.

43 (116). પૂજાલાલ. 'સાવિત્રી' અનુવાદ. નિવેદન. પૃ. 5.

44 (૧૨૦) પાઠક રામનારાયણ. બૃહત્ પિંગળ. પૃ. 664

45 (૧૨૦) એજન. પૃ. 677

46 (156) પૂજાલાલ. સાવિત્રી પર્વ ૧૨ ઉપસંહાર. અનુવાદ. નિવેદન.

— * —